# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 23 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૮ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




## ભાજપ પાર્લમેન્ટરી બોર્ડની બેઠક ૨૯ અને 30 જાન્યુ.એ મળશેઃ ઉમેદવારોના નામો પર ચર્ચા કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ૧૬મી ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. ભાજપે મહાનગરપાલિકા અને નગરપાલિકાની ચૂંટણીમાં મુરતિયા નક્કી કરવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરી હતી. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી ૨૯ અને ૩૦ જાન્યુઆરીએ પાર્લમેન્ટ્રી બોર્ડની બેઠક મળશે જેમાં મુરતિયાના નામો પર ચર્ચા કરાશે, ત્યારબાદ ઉમેદવારોના નામની યાદી જાહેર કરાશે.

નગરપાલિકા અને મનપાની ચૂંટણી માટે ઉમેદવારો નક્કી કરવા માટે મુખ્યમંત્રીના નિવાસસ્થાન પર ૨૯ અને ૩૦ જાન્યુઆરીએ ભાજપના પાર્લમેન્ટ્રી બોર્ડની બેઠક મળશે. જેમાં મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ પાટીલ સહિત બોર્ડના સભ્યો હાજર રહેશે. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિરીક્ષકો દ્વારા રજૂ કરવામાં આવેલા નામો પર બેઠકમાં ચર્ચા કરાયા બાદ ઉમેદવારોની ફાઈનલ યાદી જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકાઓમાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. અહીં ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન અને ૧૮મીએ મતગણતરી હાથ ધરાશે. મનપા અને ન.પા.ની સામાન્ય ચૂંટણીની સાથે જ કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાશે. જ્યારે બોટાદ અને વાંકાનેર નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ■

## જયેશ રાદડિયા ફરી વિરોધીઓ પર ગજર્યાઃ સમાજની બે ટકા ટપોરી ગેંગ હવનમાં હાડકાં નાખે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જેતપુરના ધારાસભ્ય અને લેઉવા પટેલ સમાજના આગેવાન અને જયેશ રાદડિયાએ ૨૬ જાન્યુઆરીના રોજ ફરી એકવાર વિરોધીઓ પણ નિશાન તાક્યું હતું. જામ કંડોરણામાં યોજાયેલા લેઉવા પટેલ સમાજની ૫૧૧ દીકરીઓના સમૂહલગ્ન પ્રસંગે તેમણે નામ લીધા વગર જ વિરોધીઓ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, સમાજમાં બે પાંચ લોકોની ટીમ છે તે સમાજમાં જ્યાં સારું કામ થતું હોય ત્યાં હવનમાં હાડકાં નાખવાનું કામ કરી રહી છે. જે લોકોને રાજનીતિ સાથે કંઈ લેવાદેવા નથી તેવા લોકો મને પાડી દેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જયેશ રાદડિયાએ પોતાના વિરોધીઓને આડેહાથ લેતા કહ્યું હતું કે, સમાજની અંદર એવા લોકોની બે પાંચ લોકોની ટીમ છે. સમાજનું સારુ કામ થતું હોય ત્યાં હવાનમા હાડકાં નાખવાની કામગીરી આપણા સમાજની બે ટકા ટપોરી ગેંગ કામ કરી રહી છે. સોશિયલ મીડિયામાં ખરાબ કોમેન્ટ લખે છે. સ્ક્રીન પર લેઉવા પટેલ સમાજને કેદ કરવાનું કામ ટોળકી કરી રહી છે.

રાદડિયાએ વધુમાં કહ્યું હતું કે, ટોળકી દ્વારા સમાજના કામ કરતા હોય તેવા લોકોને બદનામ કરવાના પ્રયાસ કરે છે. જયેશ રાદડિયા રાજકીય માણસ છે. સમાજની જવાબદારી પણ રાજનીતિમાં રહીને કરું છું. જયેશ રાદડિયા અને પરિવાર વિષે ખરાબ કોમેન્ટ લખવામાં આવે છે. જે લોકો રાજનીતિમાં નથી છતાં પણ એક યા બીજા પ્રકારે સમાજની અંદર રાજનીતિ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. એનો જવાબ સમાજે આપવો પડશે. જયેશ રાદડિયાને લેઉવા પટેલ સમાજનો નેતા આજે પણ નથી થવું અને કાલે પણ નથી થવું. તેમણે નામ લીધા વગર વિરોધીઓને ચીમકી આપી હતી કે, વિઠ્ઠલ રાદડિયાના વારસદારની જે જવાબદારી છે, તેમાં ટોળકી ક્યાંય આડી આવશે તો આ કામગીરીમાં ક્યાંય પીછેહઠ નથી થવાની. જયેશ રાદડિયાને પાડી દેવાના કાયમી પ્રયત્નો થાય છે. રાજનીતિ સાથે ન્હાવા નીચોવાનો સંબંધ નથી. તે રાજનીતિમાં જયેશ રાદડિયાના નળિયા ગણવાનો પ્રયત્ન કરે. મેં કહ્યું હતું કે, આજે સુધરશે કાલે સુધરશે. રાજકીય રીતે જયેશ રાદડિયાને ક્યાં પાડી દેવો તેવા ચોકઠા ગોઠવવાવાળાને ઓળખવાની જવાબદારી સમાજની છે. ■

## અમરેલી લેટરકાંડમાં માનવ અધિકાર આયોગની ડીજીપીને નોટિસ

### બે સપ્તાહમાં ખુલાસો કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડનો વિવાદ સતત વકરી રહ્યો છે, અમરેલીમાં પાટીદાર દીકરીના માનવ અધિકારનું હનન થયું હતું. પાટીદાર યુવતીનું જાહેરમાં સરઘસ કાઢવા મુદ્દે કોંગ્રેસ સતત ભાજપ પર પ્રહારો કરી રહી છે ત્યારે ભાજપના જ અસંતુષ્ટો આ મુદ્દાને સળગતો રાખી રહ્યાં છે. આ દરમિયાન માનવ અધિકાર આયોગને ફરિયાદ કરવામાં આવી હતી કે, પાટીદાર દિકરી પાયલ ગોટીની પોલીસે નિયમ વિરુદ્ધ મધરાતે ધરપકડ કરી હતી. આ મામલે માનવ અધિકાર આયોગે રાજ્ય પોલીસ વડાને નોટિસ ફટકારતા રાજકારણ ગરમાયું છે.

માનવ અધિકાર આયોગે ડીજીપી વિકાસ સહાયને નોટિસ ફટકારી બે સપ્તાહમાં જવાબ રજૂ કરી ખુલાસો કરવા આદેશ કર્યો હતો. આ સમગ્ર કેસની સ્ટેટ મોનિટરીંગ સેલના વડા નિર્લિપ્તરાય તપાસ કરી રહ્યાં છે ત્યારે રાજ્ય પોલીસ વડા હવે માનવ અધિકાર આયોગને શું પ્રત્યુતર પાઠવે છે અને પોલીસ વિરુદ્ધ શું પગલાં ભરે તેના પર સૌની નજર છે. જો કે બીજી તરફ પાટીદાર સમાજ જવાબદાર પોલીસકર્મીઓ સામે કાર્યવાહી કરવા માટે સરકાર પર સતત દબાણ કરી રહ્યો છે, જેથી સરકાર પાટીદારોને રીઝવવા માટે કડક કાર્યવાહી કરશે તેવું માનવામાં આવી રહ્યું છે. ■

## ગાંધીનગરમાં કચરા એજન્સી અને મનપા વચ્ચે સમાધાન થતાં લોકોને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરતી ખાનગી એજન્સી અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે પેનલ્ટી અને બાકી બિલને લઈને વિવાદ સર્જાયો હતો. માર્ચ ૨૦૨૩માં અગાઉની સ્ટેન્ડિંગ કમિટીએ નિયત કરેલા પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન પર સમયસર ન પહોંચવા બદલ એજન્સી પર પ્રતિ ટન રૂ.૨,૪૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ પેનલ્ટીની રકમ લગભગ રૂ.૪ કરોડ થવા જાય છે, જે એજન્સીએ ચૂકવી નથી. પરિણામે, મનપાએ એજન્સીનાં બિલ અટકાવી દીધાં હતા, જેના કારણે છેલ્લા બે મહિનાથી કામદારોને પગાર મળ્યો નથી. આ પરિસ્થિતિમાં ૨૫૦ જેટલા કચરો એકત્રિકરણની ગાડીઓના કર્મચારીઓએ કામ બંધ કરી હડતાળ પર ઊતર્યા હતા.

આ મામલે સેનિટેશન કમિટીના ચેરમેન અંકિત બારોટે જણાવ્યું હતું કે, એજન્સીનું રૂ.૮-૧૦ કરોડનું બિલ પેન્ડિંગ છે. પેનલ્ટીની રકમ માફ કરવાનો મુદ્દો વિચારણા હેઠળ છે. મ્યુનિસિપલ કમિશનર સાથેની વાતચીત બાદ હાલ પૂરતી હડતાળ સમેટી લેવામાં આવી છે, જેથી શહેરમાં કચરા એકત્રિકરણની કામગીરી પુનઃ શરૂ થઈ છે. જોકે, પેનલ્ટી અને પેન્ડિંગ બિલનો મુદ્દો હજુ ઉકેલાયો નથી. ■

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી કેસરી ઝંડી આપી ‘ચલો, કુંભ ચલે’ યાત્રાની પ્રથમ વોલ્વો બસનું પ્રસ્થાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના શ્રદ્ધાળુઓ પોતાના પરિવારજનો સાથે પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી શકે તે માટે પ્રયાગરાજ યાત્રા સરળ બનાવવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતથી દરરોજ પ્રયાગરાજ એસી વોલ્વો બસ શરૂ કરાઈ હતી. તેમણે પ્રયાગ રાજ જતી પ્રથમ બસને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી ‘ચલો, કુંભ ચલે’ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ મંત્રોચ્ચાર તેમ જ વિધિ સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને સન્માનપૂર્વક આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી. હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, પ્રયાગરાજ ખાતે જઇને ગુજરાતના શ્રદ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે જે સકારાત્મક નિર્ણય લીધો છે તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

ઑનલાઇન બુકિંગ શરૂ થતાની સાથે જ ગણતરીના કલાકોમાં બુકિંગ ફૂલ થઇ ગયું છે. ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશો મુજબ નિર્ણય લેવામાં આવશે. મુસાફરોને યાત્રા રૂટમાં કોઈ અગવડ ન પડે તે માટે રોકાણ સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવીને આ નિર્ણય લેવામાં આવશે. દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રદ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે. આ પેકેજમાં તમામ ત્રણ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે. ■

## અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ૪૦૦ ટ્રાફિક સિગ્નલ એઆઈથી જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વિવિધ વિસ્તારમાં રોડ-રસ્તા, બ્રિજ સહિતની કામગીરી સતત ચાલતી રહેતી હોય છે, ત્યારે ઘણાં વિસ્તારમાં ચક્કાજામના દૃશ્યો સર્જાતા હોય છે.

જો કે અમદાવાદવાસીઓને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળે અને તેમનો સમય બચે તે માટે નવી સિસ્ટમ વિકાસાવાશે. શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે નવીત્તમ ટૅક્નોલોજીનો ઉપયોગ કરાશે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ (એઆઈ) આધારિત એડપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ(એટીસીએસ) સિસ્ટમ લાગુ કરાશે, જેમાં અમદાવાદ શહેરના ૧૮ મીટરથી મોટા રોડ પરના ૪૦૦ જેટલાં ટ્રાફિક સિગ્નલને એઆઈથી જોડવામાં આવશે.

શહેરમાં કોઈ ઈમરજન્સી દરમિયાન ગ્રીન કોરિડોર બનાવવા કોઈ ટ્રાફિક સિગ્નલનો સેન્ટ્રલાઈઝ કંટ્રોલરૂમ ન હોવાથી ટ્રાફિક પોલીસની મદદ લેવી પડે છે. જ્યારે હવે નવી સિસ્ટમ આવવાથી કંટ્રોલ રૂમમાંથી નક્કી કરેલા રૂટને ગ્રીન કોરિડોર બનાવાશે. તેમ જ જો કોઈ રોડ પર અકસ્માતની ઘટના સર્જાય છે અને તેનાથી ટ્રાફિક ઊભું થાય છે તો ઘટના સ્થળના આગળ-પાછળના સિગ્નલને ડાયવર્ટ કરાશે. ■

## અમદાવાદના ઘોડાસર બ્રિજ પર અકસ્માતઃ બે લોકોનાં કમકમાટીભર્યાં મોત

અમદાવાદઃ શહેરના ઘોડાસર બ્રિજ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ બ્રિજ પર બંધ પડેલી એ.એમ.ટી.એસ. બસને પાછળથી ટ્રકે ટક્કર મારતાં બે ફોરમેનના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માતના બનાવની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને એક તરફનો બ્રિજ બંધ કરી દીધો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માત અંગે મળતી માહિતી મુજબ અમદાવાદના ઘોડાસર બ્રિજ પર એ.એમ.ટી.એસ.ની બસ બંધ પડી જતાં બે ફોરમેન રીપેર કરવા ગયા હતા. એ.એમ.ટી.એસ.ના બે ફોરમેન બસ રીપેર કરી રહ્યા હતા તે દરમિયાન પાછળથી આવી રહેલી ટ્રકે ટક્કર મારતાં બે ફોરમેનના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માત સર્જાતા એક તરફનો બ્રિજ બંધ કરી દીધો હતો, જેના કારણે ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ટ્રકચાલકની અટકાયત કરી હતી. ■

## કેવડિયા ખાતે એકતા મોલમાં વર્ષ ૨૦૨૪માં ૧.૨૨ કરોડથી વધુ હસ્તકલા ઉત્પાદનોનું વેચાણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વ પ્રસિદ્ધ ‘સ્ટેચ્યૂ ઑફ યુનિટી’ ખાતે એકતાના પ્રતીક રૂપે ‘એકતા મોલ’ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

આ એકતા મોલમાં દેશના જુદા જુદા રાજયોમાંથી હાથશાળ અને હસ્તકલાના ઉત્પાદનો સાથે સંકળાયેલા બોર્ડ/નિગમ/સરકારી સંસ્થાઓને આમંત્રિત કરવામાં આવે છે, જેના પરિણામ સ્વરૂપે એકતા મોલમાં સ્થિત ‘ગરવી ગુર્જરી’ સ્ટોલ દ્વારા ગત વર્ષ ૨૦૨૪માં ૧.૨૨ કરોડથી વધુ હાથશાળ-હસ્તકલાના ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવ્યું હતું.

‘સ્ટેચ્યુ ઑફ યુનિટી’ ખાતે કાર્યરત એકતા મોલમાં કુલ ૨૦ દુકાન તૈયાર કરવામાં આવી છે. આ મોલમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન અંદાજે ચાર લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. જેમાં ગુજરાતની ભવ્ય ભાતીગળ, ઉત્કૃષ્ઠ હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓને નિગમના ગરવી ગુર્જરી એમ્પોરિયમ ખાતે વેચાણ માટે મૂકવામાં આવી હતી.

આ ઉત્પાદનોની ખરીદીમાં દેશ-વિદેશના પ્રવાસીઓએ અદ્‌ભુત રસ દાખવ્યો હતો જેના પરિણામે વર્ષ દરમિયાન રૂ. ૧.૨૨ કરોડથી વધુ વેચાણ થયું હતું. ગરવી ગુર્જરી ગુજરાતની પરંપરાગત હાથવણાટ અને હસ્તકલાના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા અને પ્રોત્સાહન આપવા તથા કલાતીત સુંદરતાને વૈશ્વિક મંચ પર લાવવાના તેના પ્રયાસમાં હંમેશા કાર્યરત છે જેને એકતા મોલ, કેવડિયા ખાતે વિશેષ પ્રતિસાદ મળી રહ્યો છે. ■

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઑફ એક્સલન્સનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃમુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં એઆઈ ક્ષેત્રમાં આ સેન્ટર મહત્ત્વપૂર્ણ થિન્ક ટેન્ક તરીકે ઉભરી આવશે.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને માઇક્રોસોફ્ટ વચ્ચે ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે જૂન-૨૦૨૪માં થયેલા કરારની ફળ શ્રુતિ રૂપે આ સેન્ટર કાર્યરત થયું છે

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને ચેટ બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોના સફળ પાઇલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજાશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સેન્ટર નાગરિકોને અસરકારક, સમયબદ્ધ સેવા પહોંચાડવા, મૂળભૂત સ્તરે નવીનતાને પ્રોત્સાહન આપીને અને ઉત્પાદન, હેલ્થકેર અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજીકલ પ્રગતિને વેગ આપીને સરકાર અને ઉદ્યોગ એમ બંને માટે વિસ્તૃત સાથ સહકાર પણ પ્રદાન કરશે.

આ સેન્ટર ઓફ એક્સલન્સની શરૂઆતની સાથે મુખ્ય પ્રધાને ઈનોવેશન ચેલેન્જનું પણ લોન્ચિંગ કર્યું હતું. એમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આઈઓટી લેડ સોલ્યુશન તથા સ્ટાર્ટઅપમાં ઇનોવેટિવ સોલ્યુશન્સના અર્લી એડોપ્શન માટેના ૧૦ એવોર્ડ્સ એમએસએમઈને એનાયત કર્યા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડા પ્રધાન મોદીના ફ્યુચરિસ્ટિક વિઝનથી નિર્માણ થયેલા દેશના પ્રથમ ફાઇનાન્સસિયલ ટેકસીટી ‘ગિફ્ટ સિટી’માં સતત નવા ઇનોવેશન ઉમેરી રહ્યા છીએ.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ ગુજરાતને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટેકનોલોજી આધારિત વિકાસનું હબ બનાવવાની દિશામાં એક મોટું કદમ છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ગિફ્ટમાં ઇનોવેશન હબની શરૂઆત પછી આજે ખૂબ ટૂંકા સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સ નો પ્રારંભ થયો છે. આ સેન્ટર સ્ટાર્ટઅપ્સ અને ઇન્ડસ્ટ્રી વચ્ચે મહત્ત્વપૂર્ણ સેતુ તરીકે કામ કરશે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી સેક્ટરમાં નોલેજ ગેપ પૂર્ણ કરશે. ■

## વિકાસનાં કામો માટે ૬૦૫.૪૮ કરોડ રૂપિયા મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શહેરી નાગરિકોનું ઇઝ ઓફ લિવિંગ વધે તે માટે રાજ્યની વિવિધ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં શહેરી વિકાસના કામો માટે ૬૦૫.૪૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતાં.સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત મંજૂર કરાયેલી આ રકમમાંથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ, તળાવ બ્યુટિફિકેશન, શહેરી સડક યોજના, પાણીપુરવઠા, આઉટ ગ્રોથ વિકાસ અને રેલવે ઓવરબ્રિજ સહિતના કામો હાથ ધરાશે.

મુખ્ય પ્રધાને મંજૂર કરેલી આ રકમનો લાભ લીંબડી, માંડવી-કચ્છ, મુંદ્રા-બારાઈ, વિરમગામ, બારડોલી, બીલીમોરા, વલસાડ, સોનગઢ, સાણંદ, હળવદ, ગણદેવી, ધરમપુર, દાહોદ, ખંભાત, દ્વારકા, પાદરા, બાબરા, માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાઓ, વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકા તેમજ ભાવનગર અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળને વિવિધ વિકાસ કામો માટે મળવાનો છે.

મુખ્ય પ્રધાને નગરોમાં વધતા જતા વિકાસને અનુલક્ષીને પર્યાવરણ જાળવણી-શુદ્ધિ અને સીટી બ્યુટિફિકેશનના હેતુસર રાજ્યની ૨૫ નગરપાલિકાઓને નવીન બાગ બગીચા વિકસાવવા માટે ૪૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.૧૩ નગરપાલિકાઓને ગ્રંથાલય-લાઇબ્રેરી નિર્માણ માટે નગરપાલિકા દીઠ રૂ. ૩ કરોડ મળી કુલ ૩૯ કરોડ રૂપિયા ફાળવ્યા હતાં. રાજ્યની ૨૨ નગરપાલિકાઓમાં સ્માર્ટ ગ્રંથાલય તરીકે પ્રસ્થાપિત કરવા ૩૩ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

નગરપાલિકાઓને આઉટગ્રોથ વિસ્તારોના વિકાસ માટે રૂ. ૧૫.૭૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. ■

## ગુજરાતમાં ૭૭૦૦થી વધુ ખેડૂતોએ સોલાર પંપનો ઉપયોગ શરૂ કરી વીજળીની બચત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારની કુસુમ યોજના અંતર્ગત ખેડૂતોને સોલાર પંપ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. ગુજરાતમાં ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૭૭૦૦થી વધુ ખેડૂતોએ ઓફગ્રીડ સોલાર પંપ સ્થાપિત કર્યા છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ખેડૂતોને ૨૧૮ કરોડથી વધુની સબસિડી ચૂકવી છે. જેમાં અંદાજિત ૭૦ ટકા સુધીની રકમની સહાય આપવામાં આવે છે.

ખેતરોમાં સિંચાઈ માટે પાણી અને વીજળીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરાવવા અને સૂર્ય ઊર્જાનો ઉપયોગ થાય તે માટે વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાઅભિયાન યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ લઈને અનેક ખેડૂતો પ્રદૂષણમુક્ત વીજળીનો ઉપયોગ કૃષિમાં કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા માર્ચ ૨૦૨૬ સુધીમાં ૧૨૩૮૨ સ્ટેન્ડઅલોન ઓફ ગ્રીડ સોલાર પંપ સ્થાપિત કરવા ગુજરાત રાજ્યને સેન્ક્શન આપવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં સૌથી વધારે ૫૧૦૦થી વધુ સોલાર પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે. સોલાર પંપની સંખ્યાની દૃષ્ટિએ ટોપ ટેન જિલ્લામાં નર્મદા બાદ વલસાડ ૪૬૦થી વધુ, બનાસકાંઠા ૪૫૦થી વધુ, ડાંગ ૩૨૦થી વધુ, મહિસાગર ૨૬૦થી વધુ, ગીર સોમનાથ ૨૨૦થી વધુ, છોટાઉદેપુર ૧૮૦થી વધુ, તાપી ૧૬૦થી વધુ, કચ્છ ૧૩૦થી વધુ અને નવસારી ૧૦૦થી વધુનો સમાવેશ થાય છે. ■

## મહિસાગર નદીમાં બોટ પલટી જતાં એક જ પરિવારના ત્રણ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લાના વાસદ ગામ પાસેથી પસાર થતી મહિસાગર નદીમાં માછીમારી કરતાં બોટ પલટી ગઈ હતી. જેમાં એક જ પરિવારના ત્રણ લોકોના ડૂબી જતાં મોત નિપજ્યાં હતાં. તમામ મૃતકોના મૃતદેહને આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સર્જાતા લોકોના ટોળેટોળાં એકઠાં થયાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આણંદ જિલ્લાના વાસદ ગામ પાસે પસાર થતી મહિસાગર નદીમાં સોમવારે ૪૨ વર્ષીય નગીનભાઈ ગામેચી, તેમનો ૯ વર્ષીય પુત્ર આયુષ અને ૧૨ વર્ષનો ભત્રીજો મિહિર બોટ લઈને માછીમારી કરવા ગયા હતા. આ દરમિયાન તેમની બોટ પલટી ગઈ હતી. આ દરમિયાન નગીનભાઈનો પુત્ર આયુષ અને ભત્રીજો મિહિર નદીમાં ડૂબવા લાગ્યાં હતા. જેથી નગીનભાઈ બંનેને બચાવવા જતાં તેઓ પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ત્રણેયના મૃતદેહો નદીના પાણીમાંથી બહાર કાઢી વાસદ આરોગ્ય કેન્દ્ર લઈ જવાયા હતા. ■

## ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા એએમટીએસ, બીઆરટીએસ અને મેટ્રો રેલની ટિકિટનું ઇન્ટિગ્રેશન કરવા બજેટમાં ઠરાવ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત એએમટીએસ બસનું નાણાકીય વર્ષ ૨૦૨૫- ૨૬નું ૭૦૫ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ટ્રાન્સપોર્ટ મેનેજર દ્વારા મૂકવામાં આવેલા બજેટમાં કમિટીએ ૨૩ કરોડ રૂપિયાનો વધારો કર્યો હતો.વિધવા બહેનોને ટિકિટમાં ૫૦ ટકા રાહત અને ધોરણ ૧૦ બાદ વિદ્યાર્થીઓને ટિકિટમાં ૮૫ ટકા રાહત તેમજ માતા-પિતા વગરનાં બાળકો માટે ફ્રી પાસ સેવા શરૂ કરવામાં આવશે. તે ઉપરાંત આ બજેટમાં એએમટીએસ, બીઆરટીએસ અને મેટ્રો રેલની ટિકિટનું ઇન્ટિગ્રેશન કરવા ઠારાવવામાં આવ્યું હતું.

એએમટીએસની કમિટીના ચેરમેન ધરમસિંહ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬નું ટ્રાન્સપોર્ટ મેનેજર દ્વારા ૬૮૨ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા ૨૩ કરોડના વધારા સાથે ૭૦૫ કરોડનું બજેટ મંજૂર કર્યું છે. નાગરિકોને જાહેર પરિવહનની સેવા સારી રીતે મળી શકે તેના માટે ૧૧૭૨ બસમાં વધુ ૧૦૦ નવી એસી સીએનજી બસો મેળવીને ૧૨૭૨ જેટલી ફિટ બસો દોડશે. આમ કુલ ૪૪૫ જેટલી નવી બસોનો ઉમેરો કરવામાં આવશે.

શ્રાવણ માસની જેમ દર શનિવારે અને રવિવારે સ્પેશિયલ ધાર્મિક પ્રવાસ બસનું પણ આયોજન કરવામાં આવશે. શહેરના પૂર્વ વિસ્તારમાં બે નવા બસ ટર્મિનસ બનાવાશે. ૧૬માં નાણાપંચની ગ્રાન્ટમાંથી ૨ કરોડ મેળવીને એએમટીએસ બસમાં પ્રવાસીઓની ટિકિટ માટેનું મશીન ખરીદવા પણ ઠરાવવામાં આવ્યું હતું. ■

## ખેડામાં વર અને કન્યા પક્ષના ડીજે વચ્ચે હરીફાઈ થતાં અફરાતફરી સર્જાઈ

અમદાવાદઃ ગુજરાતમાં હાલમાં ચાલી રહેલી લગ્ન પ્રસંગની સિઝનમાં ડીજેની માગ વધુ પ્રમાણમાં છે. ખેડા જિલ્લામાં એક લગ્ન પ્રસંગમાં વર અને કન્યા પક્ષના ડીજે સામસામે આવી જતાં જબરદસ્ત હરીફાઈ જામી હતી. બન્ને પક્ષના ડીજેના સંચાલકોએ એક કલાક સુધી કાનના પડદા ફાટી જાય એટલો સ્પીકરનો અવાજ વધારી દેતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અનેક વખત સમજાવવા છતાં ડીજે ના સંચાલકો સમજ્યા નહોતા અને આખરે કન્યાના પિતાએ પોલીસ ફરિયાદ કરતાં પોલીસે બંને સંચાલકોની અટકાયત કરી હતી. ખેડામાં જૂના ડીએસપી બંગલા પાસે રહેતા એક પરિવારમાં દીકરીના લગ્ન હતાં. જેમાં વર અને કન્યા પક્ષે પોતાના તરફથી ડીજે મગાવ્યું હતું. સામૈયા દરમિયાન બંને પક્ષના ડીજે સામસામે આવી જતાં જોરદાર હરીફાઈ જામી હતી. ડીજેના સંચાલકોએ કાનના પડદા ફાટી જાય એટલા મોટા અવાજે ડીજે વગાડવાનું શરૂ કર્યું હતું. જેનાથી લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી. કન્યાના પિતાએ ડીજેના સંચાલકોને હરીફાઈ રોકીને ધીમા અવાજે ડીજે વગાડવા રજૂઆત કરી હોવા છતાં ડીજેના સંચાલકો માન્યા નહોતા અને મોટા અવાજે સ્પીકરો પર સંગીત વગાડવા માંડ્યા હતા. ડીજેના સંચાલકોએ તેમને કહ્યું હતું કે, કોની ડીજે સિસ્ટમ મજબૂત છે તે સાબિત કરવા હરીફાઈ કરવી જ પડશે. ■

## ખેડામાં ગમખ્વાર અકસ્માતમાં બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રખડતાં ઢોરના કારણે અકસ્માતના બનાવો બનતા રહે છે જે ક્યારેક જીવલેણ બની જાય છે. ખેડામાં પણ રસ્તા પર અચાનક નીલ ગાય આવી જતાં ચાલકે કાબૂ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈ હતી. જેમાં કારમાં સવાર હેડ કોન્સ્ટેબલ અને તેમની માતાનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પત્નીને ઇજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. બનાવની જાણ થતાં પોલીસ પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહેલા હેડ કોન્સ્ટેબલ શંકરભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે મંગળવારની રાત્રીએ ખેડા કેમ્પ પાસેથી પસાર થઇ રહ્યા હતા. ત્યારે અચાનક નીલ ગાયનું ટોળું રોડ પર આવી ગયું હતું. જેના પગલે શંકરભાઈ સોલંકીએ કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતની આ ઘટનામાં શંકરભાઈ સોલંકી અને તેમની માતાને ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે હેડ કોન્સ્ટેબલ શંકર સોલંકીનાં પત્ની અને અન્ય કારમાં સવાર લોકોને નાની-મોટી ઇજાઓ પહોંચતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.અકસ્માત થયો હોવાની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. ■

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 23 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૮ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સમાન નાગરિક ધારો અમલી

## યુસીસી અપનાવનારું ઉત્તરાખંડ પ્રથમ રાજ્ય બન્યું




દેહરાદૂન : ઉત્તરાખંડ સોમવારે સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું હતું અને સત્તારૂઢ ભાજપે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલાં આપેલું વચન પૂર્ણ કર્યું હતું.

મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ જાહેરનામું બહાર પાડીને યુસીસીના અમલીકરણ માટેના નિયમો બહાર પાડ્યા હતા અને લગ્ન, છૂટાછેડા અને લિવ-ઇન સંબંધોની ફરજિયાત ઑનલાઈન નોંધણી માટે બનાવેલ પોર્ટલ શરૂ કર્યું ત્યારે યુસીસી અમલમાં આવ્યું.

આ કાર્યક્રમ ધામીના સત્તાવાર નિવાસસ્થાન ''મુખ્ય સેવક સદન'' ખાતેના ઑડિટોરિયમમાં તેમના

(જુઓ પાનું ૨) ▸▸

### યુસીસીના નિયમ

ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતાના અમલ સાથે લોકોને નીચે જણાવ્યા મુજબના લાભો મળશે

૧. હલાલા જેવી પ્રથા બંધ થશે.

૨. વારસામાં છોકરો હોય કે છોકરી બધાં વારસદારને સરખો હક મળશે.

૩. વિવાહ અને છૂટાછેડાનું રજિસ્ટ્રેશન ફરજિયાત, રજિસ્ટ્રેશન ન કરાવનારને ₹૨૫૦૦૦નો દંડ. આ સાથે જ લગ્નનું રજિસ્ટ્રેશન ન કરનાવનારને સરકારી સુવિધાઓ નહીં મળે.

૪. સશસ્ત્ર દળો માટે વિશેષ વ્યવસ્થા.

યુસીસીમાં સશસ્ત્ર દળો માટે વિશેષ વ્યવસ્થા કરાઈ છે. આ હેઠળ જો કોઈ સૈનિક, વાયુસૈનિક કે નૌસૈનિક વિશેષ અભિયાનમાં સામેલ હોય તો તે વિશેષાધિકારવાળી વસિયત કરી શકે

(જુઓ પાનું ૨) ▸▸




## સેન્સેક્સ સાત મહિનાના નીચા સ્તરે પટકાયો

### માર્કેટ કેપિટલમાં ₹ ૯.૨૦ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટ્રમ્પના તઘલખી શાસનની ચિંતા વચ્ચે નબળાં વૈશ્વિક વલણો વચ્ચે સ્થાનિક સ્તરે અંદાજપત્રની અટકળો સાથે સાવચેતીના માનસને પરિણામે આઇટી, ઓઇલ અને ગેસ શેરોમાં ભારે વેચવાલી અને ધોવાણ શરૂ થવાથી ખખડી ગયેલા સેન્ટિમેન્ટ સાથે સપ્તાહના પહેલા સત્રમાં સેન્સેક્સ ૮૨૪ પોઈન્ટના ગાબડા સાથે સાત મહિનાના નવા નીચલા સ્તરે પટકાયો હતો, જ્યારે નિફ્ટીએ પણ ૨૩,૦૦૦ની સપાટી તોડી નાખી હતી.

બીએસઇના તમામ ઈન્ડેક્સ નેગેટિવ ઝોનમાં સરક્યા હતા, ટેલિકોમ્યુનિકેશન, આઈટી અને ટેકનોલોજી શેરોમાં સૌથી વધુ ધોવાણ સાથે બજારના કુલ માર્કેટ કેપિટલમાં રૂ. ૯.૨૦ લાખ કરોડનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ

(જુઓ પાનું ૨) ▸▸

## સ્મૃતિ મંધાના બની મહિલા વન-ડે ક્રિકેટર ઑફ ધ યર

દુબઇ: ભારતની શાનદાર ઓપનર સ્મૃતિ મંધાનાને સોમવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા વર્ષ ૨૦૨૪ની સર્વશ્રેષ્ઠ મહિલા વન-ડે ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવી હતી. ભારતની વાઇસ કૅપ્ટન મંધાનાએ ૨૦૨૪માં ૧૩ ઇનિંગ્સમાં ૭૪૭ રન ફટકાર્યા હતા જે એક કેલેન્ડર વર્ષમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

મંધાના ૨૦૨૪માં સૌથી વધુ રન કરનાર મહિલા બેટ્સમેન હતી. તેણીએ દક્ષિણ આફ્રિકાની લૌરા વોલવાર્ડ (૬૯૭ રન), ઇંગ્લેન્ડની ટેમી બ્યુમોન્ટ (૫૫૪ રન) અને વેસ્ટ ઇન્ડીઝની હેલી મેથ્યુઝ (૪૬૯ રન) ને પાછળ છોડી દીધાં હતાં. દરમિયાન તેણીએ વનડેમાં ચાર સદી

(જુઓ પાનું ૨) ▸▸

## કૈલાસ માનસરોવર યાત્રા ફરી શરૂ થશે

નવી દિલ્હી: કૈલાસ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાનો ભારત અને ચીને સોમવારે નિર્ણય લીધો હતો. વર્ષ ૨૦૨૫ના ઉનાળામાં કૈલાસ માનસરોવર યાત્રા શરૂ કરવાનો બન્ને દેશે નિર્ણય લીધો હતો.

બન્ને દેશ વચ્ચેના સંબંધ સુધારવા અને સ્થિર કરવા લોકોને કેન્દ્રમાં રાખીને ચોક્કસ પગલાં લેવા બન્ને દેશે સહમતી દર્શાવી હતી. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી અને ચીનના વિદેશ સચિવ વૅઈડૉન્ગ વચ્ચે બીજિંગમાં યોજાયેલી બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બન્ને દેશ વચ્ચે સીધી વિમાનસેવા શરૂ કરવાને મામલે પણ સૈદ્ધાંતિક સહમતી સધાઈ હોવાનું પણ તેમણે કહ્યું હતું.

ગયા વર્ષના ઑક્ટોબરમાં કઝાન ખાતે

(જુઓ પાનું ૨) ▸▸






એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભૂતકાળ ગમે તેવો હોય, મમતાને સુધરવાની તક મળવી જોઈએ

**હિન્દી** ફિલ્મોની એક જમાનાની જાણીતી અભિનેત્રી મમતા કુલકર્ણી કિન્નર અખાડાની મહામંડલેશ્વર બની ગઈ તેના કારણે વિવાદ સર્જાઈ ગયો છે. મમતા કુલકર્ણીએ શુક્રવારે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સંગમના કિનારે સંન્યાસ લીધો હતો અને કિન્નર અખાડાના પ્રમુખ લક્ષ્મીનારાયણ ત્રિપાઠીએ મમતાને દીક્ષા આપીને શ્રીયામાઈ મમતા નંદગિરિ એવું નવું નામ આપ્યું છે. કિન્નર અખાડામાં મહામંડલેશ્વર બનાવતી વખતે મમતા કુલકર્ણીના વાળ કાપવામાં આવ્યા હતા અને મમતા કુલકર્ણીને દૂધનો અભિષેક કરાયો હતો. મમતા હવે ભગવાં વસ્ત્રો પણ ધારણ કરે છે એ જોતાં એ હવે સંપૂર્ણપણે સંન્યાસિનીના સ્વરૂપમાં આવી ગઈ છે.

મમતા કુલકર્ણીની દીક્ષાએ લોકોમાં તો ઉત્સુકતા જગાવી જ છે પણ મમતાને કિન્નર અખાડા દ્વારા અપાયેલી મહામંડલેશ્વરની ઉપાધિને કારણે સાધુ-સંતોમાં પણ ભાગલા પડી ગયા છે. મહાકુંભમાં ભાગ લઈ રહેલા અખાડા સાથે સંકળાયેલા સાધુ-સંતોના એક વર્ગનું કહેવું છે કે, મહામંડલેશ્વરની ઉપાધિ સંત કક્ષાની વ્યક્તિને અપાય છે અને કોઈને પણ ઉઠાવીને સીધા સંત ના બનાવી શકાય. મહામંડલેશ્વરની ઉપાધિ આપતાં પહેલાં વ્યકિતનું ચારિત્ર્ય જોવું પડે જ્યારે મમતાનું ચારિત્ર્ય શંકાસ્પદ છે એ જોતાં. કિન્નર અખાડાએ મમતાને મહામંડલેશ્વરની ઉપાધિ આપીને માન્યતા આપીને મહાપાપ કર્યું છે.

સાધુ-સંતોનો બીજો વર્ગ માને છે કે, મમતા પર જે આરોપ લાગ્યા હતા એ સાબિત થયા નહોતા અને ડ્રગ્સના કેસમાં તેને નિર્દોષ છોડી દેવાઈ છે. મમતા પર લાગેલા બીજા આક્ષેપો પણ સાબિત થયા નથી એ જોતાં મમતા સામે આંગળી ચીંધી ના શકાય. સંન્યાસ લેવાનો અધિકાર બધાને છે અને હિંદુ પરંપરામાં તો દેહવ્યાપાર કરનારી એક વેશ્યાને પણ ગુરુ બનાવવામાં આવી હતી એ જોતાં મમતાને પણ મહામંડલેશ્વરની ઉપાધિ આપવામાં કશું ખોટું નથી. યોગ્યતા હોય તો કોઈને પણ મહામંડલેશ્વર બનાવી શકાય છે અને ભૂતકાળમાં કોઈ શું કરતું હતું એ મહત્ત્વનું નથી.

મમતા કુલકર્ણીને કિન્નર અખાડાએ મહામંડલેશ્વર બનાવી તેની સામે શાંભવી પીઠાધીશ્વર શ્રી સ્વામી આનંદસ્વરૂપ મહારાજનો સૌથી મોટો વિરોધ છે. આ મહારાજે તો ચાર વર્ષ પહેલાં કુંભમાં કિન્નર અખાડાને માન્યતા આપી તેને જ મહાપાપ ગણાવી દીધું છે. તેમના મતે તો કિન્નર અખાડાને માન્યતા સનાતન ધર્મ સાથે કપટ છે.

આનંદસ્વરૂપ મહારાજના કહેવા પ્રમાણે તો સંન્યાસ સ્ત્રીઓ માટે છે જ નહીં અને મમતાને મહામંડલેશ્વર બનાવાઈ પછી કિન્નર અખાડાને લોકો મજાકમાં લઈ રહ્યા છે. મમતાનું નામ ખૂબ જ મોટું છે અને કિન્નર અખાડાના લોકો તેના નામ પર વેપાર કરશે. નિરંજની આનંદ અખાડાના મહામંડલેશ્વર બાલકાનંદજી મહારાજે પણ આ વાતમાં સૂર પુરાવીને કહ્યું છે કે, મહામંડલેશ્વર બનાવવા માટે ધારાધોરણો છે ને કોઈને પણ ઊંચકીને મહામંડલેશ્વરપદે બેસાડી શકાય નહીં. પંચ દશનામ અગ્નિ અખાડાના આચાર્ય મહામંડલેશ્વર રામકૃષ્ણાનંદગિરિએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો છે.

આ સાધુ-સંતોની સામે બીજા ઘણા સાધુ-સંતોનું વલણ એકદમ લોજિકલ અને તાર્કિક છે. શ્રી પંચદશનમ જૂના અખાડાના મહામંડલેશ્વર યતિ નરસિમ્હાનંદગિરિ તેમાંથી એક છે. તેમના કહેવા પ્રમાણે, મમતા કુલકર્ણી તેના માર્ગ પરથી ભટકી ગઈ હતી અને ગુનાખોરીના દાયરામાં આવી ગઇ હતી પણ હું તેના પર કોઈ શંકા કરતો નથી. જો કે તેમણે કહ્યું છે કે, હું વિનંતી કરીશ કે જે લોકો મમતા કુલકર્ણીને મહામંડલેશ્વર બનાવી રહ્યા છે તે થોડી ધીરજ રાખે. કેટલાક દિવસ મમતા સાધુ તરીકે જીવે ત્યારે તેના જીવન પર નજર રાખવી જોઈએ અને પછી નિર્ણય લેવાય.

અખાડા પરિષદના પ્રમુખ રવીન્દ્ર પુરીએ પણ મમતાનું ઘણા આશીર્વાદ સાથે સ્વાગત કર્યું છે. તેમણે તો કહ્યું છે કે, આપણી પરંપરામાં અપરાધી હતા એ પછીથી મહાન ઋષિઓ થયા છે, જેઓ ડાકુ હતા તે મહાન સંત થયા છે. મમતા કુલકર્ણી ભૂતકાળમાં ડ્રગ્સના આરોપોમાં ઘેરાયેલી હતી એ અંગે પણ રવીન્દ્ર પુરીએ કહ્યું કે, મમતા પહેલા કેવી હતી એ જાણવાની જરૂર નથી કેમ કે કોઈ પણ વ્યક્તિ ગમે ત્યારે ધર્મના માર્ગે ચાલી શકે છે. જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા નારાયણગિરિજી મહારાજે પણ આ જ વાત કરી છે.

મમતા વિરોધી સૂરનાં કારણો સમજી શકાય એવાં છે. મમતા પોતે ફિલ્મ અભિનેત્રી હતી ત્યારે અત્યંત સફળ હતી પણ સાથે સાથે બોલ્ડ પણ હતી. મમતાના છોટા રાજન અને વિકી ગોસ્વામી જેવા ગેંગસ્ટર સાથે સંબધો હતા એવું કહેવાય છે. મમતાએ પબ્લિસિટી માટે ન્યુડ ફોટો સેશન કરાવીને ચકચાર જગાવી દીધી હતી. મમતાએ ડ્રગ્સ માફિયા વિકી ગોસ્વામી સાથે લગ્ન કરેલાં ને લગ્ન કરવા માટે એ મુસ્લિમ બની ગયેલી એવું પણ કહેવાય છે. મમતાને ૨૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું એ કેસમાં આરોપી પણ બનાવાઈ હતી. આ કેસમાંથી તેને કોર્ટે નિર્દોષ છોડી દીધી છે પણ તેની છાપ વંઠી ગયેલી સ્ત્રી તરીકેની પડી છે એ સ્પષ્ટ છે. આ છાપ ઊભી થઈ તેમાં મમતાનું પણ યોગદાન છે ને મીડિયાનું પણ યોગદાન છે તેથી બધી વાતો સાચી જ છે એવું ના કહી શકાય. અલબત્ત બધી વાતો ખોટી છે એ પણ ના કહી શકાય.

જો કે મમતા સંન્યાસિની બની તેને આ બધી વાતો સાથે કોઈ લેવાદેવા નથી. બલ્કે એક સારી વાત કહેવાય કે, ગુનાખોરી ને ગ્લેમર સાથે સંકળાયેલી અભિનેત્રી બધું છોડીને ધર્મનો માર્ગ પકડી રહી છે. મમતા ખરેખર ધર્મના માર્ગે જવા માગે છે કે નહીં એ તો સમય કહેશે પણ તેને એક તક તો મળવી જોઈએ કે નહીં ? તેનાં ભૂતકાળનાં કહેવાતાં પાપ, અપરાધ કે ખરાબ કૃત્યોના કારણે મમતા સંન્યાસિની બનવા લાયક નથી કે મહામંડલેશ્વર બનવાને યોગ્ય નથી એવી વાત હળાહળ સંકુચિતતાની નિશાની છે અને હિંદુ ધર્મનું પણ અપમાન છે.

હિંદુ પરંપરા તો મહાપાપીઓને પણ માફી આપીને ધર્મના નામે ચાલવાની છૂટ આપે છે ત્યારે મમતાનો તો કોઈ અપરાધ સાબિત થયો નથી. આ સંજોગોમાં મમતાનો વિરોધ કરનારા ખોટા છે અને મમતાને ધર્મના માર્ગે ચાલવાનો અધિકાર હોવાની વાત કરનારા સાચા છે.

મમતાને ધર્મના માર્ગ પર ચાલવાની તક મળી છે ત્યારે તેણે પણ પોતાનો વિરોધ કરનારાંને ખોટા સાબિત કરવાની જરૂર છે. મમતા પોતાના ભૂતકાળને લોકો ભૂલી જાય અને એક સતમાર્ગી તરીકે યાદ કરે એવી ઈમેજ ઊભી કરવામાં સફળ થાય તો તેનો સંન્યાસ લેખે લાગશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), મંગળવાર, તા. ૨૮-૧-૨૦૨૫

લાલા લજપતરાય જયંતી, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૮, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૦૮-૫૮ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં બપોરે ક. ૧૪-૫૧ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •
- ભરતીઃ સવારે ક. ૧૦-૫૬, મધ્યરાત્રે ક. ૦૦-૦૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૯ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - ચતુર્દશી. લાલા લજપતરાય જયંતી, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૦૯.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન મુહૂર્ત ગ્રાહ્ય છે. શ્રી ગણેશ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા ,મંગળ-શુક્ર દેવતાનું પૂજન,સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત,શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, બી વાવવું,ધાન્ય ભરવું. આંબળાના ઔષધીય પ્રયોગો,માલ વેચવા.
- આચમનઃચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-બુધ યુતિ (તા. ૨૯).
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-બુધ યુતિ (તા. ૨૯).
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# મહાકુંભમાં અમિત શાહે ડૂબકી લગાવી, પરિવાર સાથે પૂજા કરી

મહાકુંભ નગરઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી હતી. શાહે બપોરે લગભગ ૧ વાગ્યે સ્નાન કર્યું, 'જળ આચમન' કર્યું અને સૂર્યને જળ અર્પણ કર્યું હતું. તેમજ કેટલાક મોટા સંતોના માર્ગદર્શન હેઠળ અન્ય ધાર્મિક વિધિઓ પણ કરી હતી.

જ્યારે શાહે ડૂબકી લગાવી ત્યારે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પણ સંતો સાથે પવિત્ર જળમાં ઉતર્યા હતા. આ પ્રસંગે યોગ ગુરૂ રામદેવ પણ હાજર હતા. ગૃહ પ્રધાનના પુત્ર જય શાહ સહિત તેના પરિવારના સભ્યોએ સંગમમાં આરતી સહિતની ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. જય શાહ આઇસીસીના અધ્યક્ષ પણ છે. અમિત શાહનાં પત્ની સોનલ, પુત્રવધૂ રિશિતા અને પૌત્ર-પૌત્રીઓ પણ ધાર્મિક વિધિમાં સામેલ થયાં હતાં.

શાહની મુલાકાત દરમિયાન મેળા વિસ્તાર અને પ્રયાગરાજમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. મેળા વિસ્તારને સંપૂર્ણપણે નો-વ્હીકલ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ પ્રયાગરાજ શહેરમાં ઘણાં સ્થળોએ રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. જેના કારણે સ્થાનિકો અને યાત્રાળુઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

અગાઉ ગૃહ પ્રધાને એક્સ પર જણાવ્યું હતું કે મહાકુંભ સનાતન સંસ્કૃતિના સતત પ્રવાહનું એક અનોખું પ્રતીક છે.

કુંભ સનાતન ધર્મના જીવન દર્શનને પ્રતિબિંબિત કરે છે. જેના મૂળમાં સુમેળ છે. તેમણે કહ્યું કે પવિત્ર નગરી પ્રયાગરાજમાં એકતા અને અખંડિતતાના આ મહાન પર્વ પર હું સંગમમાં ડૂબકી લગાવવા અને સંતોના આશીર્વાદ મેળવવા માટે ઉત્સુક છું.

# અયોધ્યામાં રામમંદિરના બે દર્શનાર્થીનાં મૃત્યુ

અયોધ્યાઃ અયોધ્યામાં રામમંદિરમાં રામલલ્લાના દર્શન કરવા આવેલા બે વરિષ્ઠ દર્શનાર્થીનાં સોમવારે મૃત્યુ થયાં હતાં, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

ધક્કામુક્કીને કારણે આ બંનેનાં મૃત્યુ થયા હોવાના પ્રસારમાધ્યમના અહેવાલમાં કરવામાં આવેલા દાવાનો પોલીસે નકારી કાઢ્યા હતા.

મંદિરમાં દર્શન કરવાની લાઈનમાં ઊભા હતાં તે સમયે એક વરિષ્ઠ મહિલા અને પુરુષ દર્શનાર્થી બેભાન થઈને પડી ગયાં હતાં એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે બંનેને સારવારાર્થે તાત્કાલિક શ્રીરામ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બંનેની ઉંમર ૬૦ કરતાં વધુ છે અને હજુ સુધી તેમની ઓળખ થઈ શકી નથી એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે તેમનાં મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

હૃદય બંધ પડી જવાને કારણે તેમનું મૃત્યુ થયું હોવાની અધિકારીઓને શંકા છે.

ઘટનાસ્થળે હાજર અમુલ લોકો અને જૂથે સોશિયલ મીડિયા પરના સંદેશામાં દાવો કર્યો હતો કે લોકોની ભારે ભીડને કારણે આ બંનેનું મૃત્યુ થયું હતું.

જોકે સોશિયલ મીડિયા પરનો આ સંદેશો ગેરમાર્ગે દોરનારો હતો અને એવું કંઈ જ નહોતું થયું એમ ત્યાં ફરજ બજાવી રહેલા સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું.

મહાકુંભમાંથી સ્નાન કર્યા બાદ શ્રદ્ધાળુઓ દર્શન માટે જઈ રહ્યા હોવાને કારણે સોમવારે અયોધ્યામાં ભારે ભીડ જોવા મળી હતી અને અયોધ્યા મંદિરમાં દર્શન માટે શ્રદ્ધાળુઓનો ધસારો થતાં હનુમાન ગૃહી અને રામમંદિર જતા તમામ રસ્તાઓ બ્લૉક કરી દેવામાં આવ્યા હતા. (એજન્સી)

# સુધારિત વક્ફ ખરડાને જેપીસીની મંજૂરી

નવી દિલ્હીઃ સુધારિત વક્ફ ખરડાને જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી)એ સોમવારે મંજૂરી આપી દીધી હતી.

જેપીસીએ ૧૪ સુધારા સહિતના આ ખરડાને મંજૂરી આપી હતી. અગાઉ જેપીસી આ અંગેનો તેનો અહેવાલ ૨૯ નવેમ્બરે સુપરત કરવાની હતી, પરંતુ સંસદના બજેટ સત્રના અંતિમ દિવસ સુધી તેની મુદત લંબાવવામાં આવી હતી. સંસદનું બજેટ સત્ર ૧૩ ફેબ્રુઆરીએ પૂરું થાય છે. દેશમાં મુસ્લિમોની મિલકતોનું જે રીતે સંચાલન કરવામાં આવે છે તેમાં ફેરફાર કરવા જેપીસીએ સોમવારે ૪૪ સુધારા સૂચવતો ખરડો સંસદમાં રજૂ કર્યો હતો.

આ ખરડામાં એકંદરે ૬૬ સુધારા સૂચવવામાં આવ્યા હતા જેમાં ૨૨ સુધારા શાસક ભાજપના સાંસદો અને ૪૪ વિપક્ષના સભ્યો દ્વારા સૂચવવામાં આવ્યા હતા. ભાજપના સાંસદ જગદંબિકા પાલના વડપણ હેઠળની કમિટીને આ સુધારા સૂચવવામાં આવ્યા હતા.

જોકે કમિટીના સભ્યોએ પક્ષના આદેશાનુસાર મતદાન કર્યા બાદ વિપક્ષ દ્વારા સૂચવવામાં આવેલા સુધારા નકારી કાઢવામાં આવ્યા હતા.

જેપીસીમાં ભાજપ અને તેના સાથીપક્ષના ૧૬ સભ્ય તો વિપક્ષના માત્ર ૧૦ સભ્ય છે. ૧૪ સુધારાને સ્વીકૃતિને લગતું આપતું મતદાન ૨૯ જાન્યુઆરીએ કરવામાં આવશે અને અંતિમ અહેવાલ ૩૧મી જાન્યુઆરી સુધીમાં સુપરત કરવામાં આવશે. (એજન્સી)

# વિદેશ પ્રધાન જયશંકર યુએઇના ત્રણ દિવસીય પ્રવાસ માટે રવાના

નવી દિલ્હીઃ વિદેશ પ્રધાન એસ. જયશંકર સોમવારે સંયુક્ત આરબ અમીરાત(યુએઇ)ની ત્રણ દિવસની મુલાકાત માટે રવાના થયા હતા. આ યાત્રાનો ઉદ્દેશ્ય આ પ્રભાવશાળી ખાડીના દેશ સાથે ભારતની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. વિદેશ મંત્રાલય(એમઇએ)ના જણાવ્યા અનુસાર જયશંકર બંને દેશો વચ્ચેની ગાઢ ભાગીદારીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટેની તકો શોધવા માટે યુએઇના નેતૃત્વને મળશે. નિવેદનમાં કહેવાયું છે કે આ મુલાકાત ભારત-યુએઇ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવા અને સંબંધોમાં નવી ગતિ ઉમેરવાની તક પૂરી પાડશે.

જયશંકરની મુલાકાત દરમિયાન બંને પક્ષો ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારના અમલીકરણ બાદ ગાઝાની પરિસ્થિતિની સમીક્ષા કરે તેવી પણ સંભાવના છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં ભારત-યુએઇ દ્વિપક્ષીય સંબંધો મજબૂત બન્યા છે. ઓગસ્ટ ૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યુએઇની ઐતિહાસિક મુલાકાત બાદ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો એક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચ્યા હતા.

૨૦૨૨મા બંને પક્ષો દ્વારા એક વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોમાં નોંધપાત્ર વધારો થયો હતો. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે જયશંકર અબુ ધાબીમાં યોજાનાર રાયસીના મિડલ ઇસ્ટના ઉદઘાટન સત્રમાં મુખ્ય ભાષણ પણ આપશે.

# જસપ્રીત બુમરાહ બન્યો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રિકેટર

દુબઇઃ ભારતીય ટીમના સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહને આઇસીસી દ્વારા ૨૦૨૪નો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રિકેટર પસંદ કરવામાં આવ્યો છે. ભારતના સ્ટાર ફાસ્ટ બોલર બુમરાહ ઉપરાંત ઈંગ્લૅન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટ, ઈંગ્લૅન્ડના યુવા બેટ્સમેન હેરી બ્રુક અને શ્રીલંકાનો કામિન્દુ મેન્ડિસને પણ આ અવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા, પરંતુ બુમરાહે આ બધાને હરાવીને અવોર્ડ જીત્યો હતો. બુમરાહે હાલમાં જ ટેસ્ટમાં ૨૦૦ વિકેટ પૂરી કરી હતી. બુમરાહ ૨૦૨૪માં ટેસ્ટ ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ બોલર રહ્યો છે. તેણે ૧૩ મૅચમાં ૧૪.૯૨ની એવરેજ અને ૩૦.૧૬ની સ્ટ્રાઈક રેટથી ૭૧ વિકેટ ઝડપી હતી. આઈસીસીએ પર્થમાં બુમરાહના મૅચ બદલતા સ્પેલને તેના સૌથી યાદગાર પ્રદર્શનમાંનું એક ગણાવ્યું હતું. જેણે ભારતને ૨૯૫ રનથી જીતવામાં મદદ કરી હતી.

છેલ્લા કેલેન્ડર વર્ષમાં બુમરાહે તેનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું, તેણે ૭૧ વિકેટ લીધી હતી અને તે આ ફોર્મેટમાં સૌથી સફળ બોલર હતો. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયામાં ઝડપી બોલરો માટે અનુકૂળ પરિસ્થિતિઓ હોય કે ઘરઆંગણે ફાસ્ટ બોલરો માટે કઠિન પરિસ્થિતિઓ હોય, બુમરાહ આખા વર્ષ દરમિયાન પ્રભાવશાળી રહ્યો છે. ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન આ ઝડપી બોલરે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું.

# બોયફ્રેન્ડની હત્યા બદલ મહિલાને મૃત્યુદંડ

તિરુવનંતપુરમઃ ૨૦૨૨માં તેના બોયફ્રેન્ડની સનસનાટીભરી હત્યા બદલ એક મહિલાને કેરળની એક કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૨૪ વર્ષીય દોષિત, ગ્રીષ્માએ પોતાની શૈક્ષણિક સિદ્ધિઓ, અગાઉના ગુનાહિત ઇતિહાસનો અભાવ અને તે તેના માતાપિતાની એકમાત્ર પુત્રી હોવાનો ઉલ્લેખ કરીને સજામાં ઉદારતા દાખવવાની અપીલ કરી હતી. નેયટ્ટિંકરા એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટે તેના કાકા, નિર્મલાકુમારન નાયર, જે આ કેસના ત્રીજા આરોપી છે, તેને પણ ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી. ૫૮૬ પાનાના ચુકાદામાં, કોર્ટે અવલોકન કર્યું હતું કે ગુનાની ગંભીરતા જોતા દોષિતની ઉંમરને ધ્યાનમાં લેવાની જરૂર નથી.

પહેલા પાનાનું ચાલુ

## સમાન નાગરિક ધારો

સાથી પ્રધાનો અને અનેક વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં યોજાયો હતો.

ધામીએ સમારોહમાં જણાવ્યું કે ''યુસીસી, બધા ધર્મોના દરેક નાગરિક માટે સમાન કાયદાઓ બનાવે છે, તે આ ક્ષણે સંપૂર્ણપણે અમલમાં આવી રહ્યું છે. તેનો શ્રેય સંપૂર્ણપણે રાજ્યના લોકોને જાય છે.''

તેમણે કહ્યું કે, તે મહિલાઓ સામે તેમના ધર્મને ધ્યાનમાં લીધાં વિના તમામ ભેદભાવપૂર્ણ પ્રથાઓનો અંત લાવવાનું એક સાધન છે.

આ એક ઐતિહાસિક ક્ષણ છે કારણ કે ઉત્તરાખંડ સ્વતંત્ર ભારતનું પહેલું રાજ્ય છે જેણે યુસીસી અમલમાં મૂક્યું છે, જે મૂળભૂત રીતે બંધારણના અનુચ્છેદ ૪૪માં સમાવિષ્ટ તમામ નાગરિકોને, તેમના ધર્મને ધ્યાનમાં લીધાં વિના, લાગુ પડતા કાયદાઓના એક સમૂહના વિઝન પર આધારિત છે.

આ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સમયે ધામી દ્વારા રાજ્યના લોકોને આપેલા મુખ્ય પૂર્વ-ચૂંટણી વચનની પરિપૂર્ણતા પણ છે, જેમાં ભાજપ સતત બીજા કાર્યકાળ માટે સત્તા જાળવી રાખતો જોવા મળ્યો હતો, જે ૨૦૦૦ માં તેની રચના પછી રાજ્યના કોઈ પણ અન્ય પક્ષ દ્વારા ક્યારેય પ્રાપ્ત કરવામાં આવ્યું નથી.

માર્ચ ૨૦૨૨માં ધામીએ ફરીથી સરકાર બનાવતાંની સાથે જ, રાજ્ય મંત્રીમંડળે તેમની અધ્યક્ષતામાં તેની પહેલી જ બેઠકમાં તેનો મુસદ્દો તૈયાર કરવા માટે નિષ્ણાત સમિતિની રચના માટેના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

૨૭ મે, ૨૦૨૨ના રોજ યુસીસીનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈના નેતૃત્વમાં એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી.

દેસાઈના નેતૃત્વ હેઠળની પેનલે બીજી ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ રાજ્ય સરકારને વિવિધ વર્ગના લોકો સાથે લાંબી વાતચીત બાદ તૈયાર કરાયેલ યુસીસીનો વ્યાપક ડ્રાફ્ટ સુપરત કર્યો હતો.

રાજ્ય વિધાનસભા દ્વારા થોડા દિવસો પછી ૭ ફેબ્રુઆરીના રોજ તેના પર એક કાયદો પસાર કરવામાં આવ્યો હતો. લગભગ એક મહિના પછી તેને રાષ્ટ્રપતિની મંજૂરી આપવામાં આવી હતી જેનાથી તેના અમલીકરણનો માર્ગ મોકળો થયો હતો.

ભૂતપૂર્વ મુખ્ય સચિવ શત્રુઘ્ન સિંહની આગેવાની હેઠળની એક નિષ્ણાત સમિતિ, જે કાયદાના અમલીકરણ માટે નિયમો અને નિયમો ઘડવા માટેની ડ્રાફ્ટિંગ સમિતિનો ભાગ પણ હતા, તેમણે ગયા વર્ષના અંતમાં રાજ્ય સરકારને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

રાજ્યના પ્રધાન મંડળે તાજેતરમાં જ આ અહેવાલને મંજૂરી આપી હતી અને મુખ્ય પ્રધાને તેના અમલીકરણની તારીખ નક્કી કરવા માટે અધિકૃત કર્યા હતા.

## યુસીસીના નિયમ

છે. જોકે આ સૈનિકના હાથે લખાયેલી છે તે પુષ્ટિ થવી જોઈએ એ શરત સાથે લાગુ થઈ શકશે.

૫. લિવ ઈન રિલેશનશિપ માટે રજિસ્ટ્રેશન ફરજિયાત છે. રજિસ્ટ્રેશનથી પુરુષો અને મહિલાઓ બંનેને ફાયદો થશે. આ દરમિયાન પેદા થયેલા બાળકને પણ પરિણીત કપલના બાળકની જેમ અધિકાર મળશે.

૬. યુસીસી લાગુ થયા બાદ રાજ્યમાં બહુપત્નીત્વ પર રોકની જોગવાઈ કરવામાં આવી છે. છોકરીઓનાં લગ્નની ઉંમર ૧૮ વર્ષથી વધારવાની પણ જોગવાઈ છે. હલાલા જેવી પ્રથા બંધ થઈ જશે. બહુપત્નીત્વ પર રોક લાગશે.

૭. બિલમાં બાળકને દત્તક લેવાની પ્રક્રિયા સરળ થશે. મુસ્લિમ મહિલાઓને પણ બાળક દત્તક લેવાનો અધિકાર આપવાની જોગવાઈ બિલમાં છે.

૮. લગ્નેત્તર જન્મેલા અને દત્તક લેવાયેલાં બાળકોને પણ જૈવિક બાળકો સમાન અધિકારો મળશે. લિવ ઈનમાં રહેનારાઓનાં બાળકોને કાયદેસર ગણવામાં આવશે. તમામ ધર્મોમાં બાળકોને દત્તક લેવાનો અધિકાર મળશે. જોકે અન્ય ધર્મનાં બાળકોને દત્તક લઈ શકાશે નહીં.

૯. ડિવોર્સ કે ઘરેલુ ઝઘડાઓમાં પાંચ વર્ષ સુધીના બાળકની કસ્ટડી માતા પાસે રહેશે. છોકરીઓનાં લગ્નની ઉંમર તે કોઈ પણ ધર્મ કે જાતિની હોય, પરંતુ એકસરખી રહેશે.

યુસીસીના નિયમ - કાયદાથી અનુસૂચિત જનજાતિને બહાર રાખવામાં આવ્યાં છે. ટ્રાન્સજેન્ડર, પૂજા પદ્ધતિ તથા પરંપરાઓમાં કોઈ ફેરફાર કરાયો નથી.

## સેન્સેક્સ

ગત શુક્રવારના ૭૬,૧૯૦.૪૬ના બંધથી ૮૨૪.૨૯ પોઈન્ટ્સ (૧.૦૮ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૯.૨૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૧૦.૩૧ લાખ કરોડ રહ્યું હતું.

આ તરફ આંતરરાષ્ટ્રીય નાણાં બજારમાં ડોલરની મજબૂતી વધવા સાથે સ્થાનિક સ્તરે ડોલરની મજબૂત માગ અને સ્થાનિક ઇક્વિટીમાં નબળા વલણથી રોકાણકારો અને ફોરેક્સ ટ્રેડર્સનું સેન્ટિમેન્ટ ખરડાવાથી સોમવારે અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘટીને ૮૬.૩૩ (પ્રોવિઝનલ) સપાટી પર બંધ થયો છે.

ત્રીસ શેરો ધરાવતો બીએસઇ બેરોમીટર ૮૨૪.૨૯ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકા ઘટીને ૭૫,૩૬૬.૧૭ પોઈન્ટ પર બંધ થયો છે, જેમાં તેના ૨૩ શેરો નીચા સ્તરે ગબડ્યા છે અને સાત શેરો સુધારા સાથે બંધ થયા છે. દિવસ દરમિયાન ઇન્ડેક્સ ૭૫,૯૨૫.૭૨ પોઈન્ટની ઊંચી સપાટી અને ૭૫,૨૬૭.૫૯ પોઈન્ટની નીચી સપાટી વચ્ચે ફંગોળાયો હતો. જ્યારે પચાસ શેર ધરાવતો નિફ્ટી ઇન્ડેક્સ ૨૬૩.૦૫ પોઈન્ટ અથવા ૧.૧૪ ટકા ઘટીને ૨૨,૮૨૯.૧૫ પોઈન્ટ પર બંધ થયો, જે છઠી જૂન, ૨૦૨૪ પછી પહેલી વાર ૨૩,૦૦૦ પોઈન્ટના સ્તરથી નીચી સપાટીએ સરક્યો છે.

સેન્સેક્સના શેરોમાં એચસીએલ ટેક સૌથી વધુ ૪.૪૯ ટકાના કડાકા સાથે ટોપ લૂઝર બન્યો હતો. ત્યારબાદ સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમાં ઝોમેટો, ટેક મહિન્દ્રા, પાવરગ્રીડ અને ટાટા મોટર્સનો સમાવેશ હતો. ઇન્ફોસિસ, ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલના શેર પણ ઘટ્યા હતા, જેના કારણે ઇન્ડેક્સ સાત મહિનાથી વધુ નીચા તળિયે પહોંચી ગયો હતો.

## સ્મૃતિ મંધાના

ફટકારીને મહિલા ક્રિકેટમાં એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. મંધાનાએ ૨૦૨૪માં ૯૫ ચોગ્ગા અને છ છગ્ગા ફટકાર્યા હતા.

૨૮ વર્ષીય બેટરે ૫૭.૮૬ની પ્રભાવશાળી સરેરાશ અને ૯૫.૧૫ના સ્ટ્રાઇક રેટથી રન ફટકાર્યા છે. તેમણે સારી બોલિંગ યુનિટ ધરાવતી ટીમો સામે પણ ઘણી મોટી ઇનિંગ્સ રમી હતી. તેણે જૂન ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકા સામે સતત બે સદી ફટકારી હતી. ભારતે આ શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી.

ઓક્ટોબરમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની શ્રેણી નિર્ણાયક મૅચમાં પણ તેણે સદી ફટકારી હતી. ડિસેમ્બરમાં પર્થમાં ઓસ્ટ્રેલિયા સામે પણ મંધાનાએ સદી ફટકારી હતી, પરંતુ તેની શાનદાર ઇનિંગ્સ છતાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ મૅચમાં મંધાનાએ ૧૪ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૦૫ રન ફટકાર્યા હતા.

## કૈલાસ માનસરોવર

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનની પ્રમુખ શી જિનપિંગ વચ્ચે થયેલી સમજૂતી મુજબ બન્ને દેશે દ્વિપક્ષી સંબંધોની વ્યાપક સમીક્ષા કર્યા બાદ બન્ને દેશ વચ્ચેના સંબંધ સુધારવા અને સ્થિર કરવા લોકોને કેન્દ્રમાં રાખીને ચોક્કસ પગલાં લેવા બન્ને દેશો સહમતી દર્શાવી હતી. (એજન્સી)

## શ્રધ્ધા સુમન



જન્મ: ૮/૧/૧૯૩૩

મોક્ષ: ૨૪/૧/૨૦૨૫

### લાયન ડૉ. વામન જસવંતરાય મહેતા

"આપ ગુણોના ઉધાન હતાં અને હતા સમર્પણ ની સુવાસ,
આપની છાયા વડલા સમી અને કાર્ય નદી સમાન,
અમી ભરેલી આંખો અને હૈયે હેતના ધોધ,
સુંદર જીવન જીવીને આપે આપ્યો સત્કર્મો નો બોધ."

**ભજન સંધ્યા**

મંગળવાર તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૫, સાંજે- ૪.૩૦ થી ૬.૦૦
લાયન્સ કોમ્યુનિટી હોલ ,
ગારોડીયા નગર, ઘાટકોપર (ઈ), મુંબઈ -૪૦૦ ૦૭૭.

- ધર્મપત્ની : શ્રીમતી ભારતીબેન વામન મહેતા
- પુત્રી અને જમાઈ : શ્રીમતી હેમાબેન અને ચેતનભાઈ શાહ
- પુત્ર અને પુત્રવધુ : સ્વ. હર્ષભાઈ અને શ્રીમતી ખુશીબેન મહેતા
- પૌત્ર : ભવ્ય મહેતા
- દોહીત્રા અને દોહિત્ર વહુ : તેજસ અને હીતેશ્રી શાહ, ચીરાગ શાહ

સમસ્ત મહેતા તથા શાહ પરિવાર

વેલેટ પાર્કિંગની વ્યવસ્થા છે• લૌકિક વ્યવહાર બંધ છે.


# ટોરેસ સ્કૅમઃ સીઈઓ તૌસીફ રિયાઝ પુણેમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સપ્તાહમાં છથી ૧૧ ટકા વળતરની લાલચે હજારો રોકાણકારોને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડનારા ટોરેસ સ્કૅમની તપાસ કરનારી આર્થિક ગુના શાખાને મોટી સફળતા હાથ લાગી હતી. ટોરેસ બ્રાન્ડ ઑપરેટ કરનારી પ્લૅટિનમ હર્ન પ્રા. લિ.ના સીઈઓ મોહમ્મદ તૌસીફ રિયાઝ ઉર્ફે જહૉન કાર્ટરની પુણેથી ધરપકડ કરવામાં આવી હતી. આ સ્કૅમનો ભાંડો ફૂટ્યો ત્યારે શરૂઆતમાં તૌસીફે પોતે વ્હિસલ-બ્લોઅર્સમાંનો એક હોવાનો દાવો કર્યો હતો. ટોરેસ સ્કૅમમાં ધરપકડ કરાયેલા આરોપીઓમાં રિયાઝ પાંચમો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ સ્કૅમના માસ્ટરમાઈન્ડ યુક્રેનનો નાગરિક હોવાનું માનવામાં આવે છે.

આર્થિક ગુના શાખાના જણાવ્યા મુજબ રિયાઝને શનિવારે પુણે નજીકના પરિસરમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. કોર્ટે તેને ત્રીજી ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. રિયાઝની પૂછપરછમાં આ સ્કૅમ સંબંધી મહત્ત્વની માહિતીઓ હાથ લાગવાની શક્યતા અધિકારીએ વ્યક્ત કરી હતી. વિરારમાં રહેતો રિયાઝ બિહારના પટનાનો વતની છે. પોતાને વ્હીસલ-બ્લોઅર ગણાવતો રિયાઝ આ સ્કૅમમાં સંડોવાયેલો મુખ્ય આરોપી હોવાનું આર્થિક ગુના શાખાનું કહેવું છે. ■






# બળાત્કારના કેસમાં બે આરોપી નિર્દોષઃ પીડિતા અને સાક્ષી લાપતા

થાણેઃ મહારાષ્ટ્રના થાણા જિલ્લાની અદાલતે ૨૦૨૧માં એક મહિલા પર બળાત્કાર કેસના આરોપી બે શખસને નિર્દોષ જાહેર કર્યા છે. પીડિતા અને અન્ય સાક્ષીઓની ભાળ મળી શકી નથી અને આરોપો સાબિત નથી થયા એવું નિરીક્ષણ અદાલતે કર્યું હતું. એડિશનલ સેશન્સ જજ એ.એસ.ભાગવતે ૨૦ જાન્યુઆરીએ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ આરોપી વિજય શેટ્ટી (૨૯) અને મોહમ્મદ સરવર અબ્દુલ્લા શાહ (૩૯) સામેના આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે અને તેમને શંકાનો લાભ આપવાની જરૂર છે. આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ થઈ હતી. ફરિયાદ પક્ષે અદાલતને જણાવ્યું હતું કે ૨૨ મે, ૨૦૨૧ના દિવસે બંને શખ્સોએ પીડિતાને (આદેશમાં ઉલ્લેખિત ઉંમરનો ઉલ્લેખ કર્યો નથી) અહીંના દીવા વિસ્તારના સાબેગાંવ સ્થિત એક બિલ્ડિંગમાં એક રૂમમાં વધુ પડતો શરાબ પીવા દબાણ કરી તેના પર બળાત્કાર કર્યો હતો. (પીટીઆઈ)■



# ક્વોન્ટ ફંડ માટેની આગામી રાહ

**કાર્તિક કુમાર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

મ્યુચ્યુઅલ ફંડ્સના ગતિશીલ વિશ્વમાં ક્વોન્ટિટેટિવ ફંડ્સ (કે ક્વોન્ટ) ફંડ્સ ગેમ ચેન્જર તરીકે ઊભરી રહ્યા છે. રોકાણની સાથે આધુનિક ટેક્નોલોજીનું મિશ્રણ કરતીને આ ફંડ્સ રોકાણકારોને બતાવી રહ્યા છે કે નાણાં કેવી રીતે મેનેજ કરવા જ્યાં નિર્ણયો માત્ર માનવીય જજમેન્ટના બદલે અલ્ગોરિધમ, ડેટા અને મશીન લર્નિંગના આધારે લેવાય છે. વિશ્વભરમાં ક્વોન્ટિટેટિવ ફંડ્સનો ઉદય અભૂતપૂર્વ રહ્યો છે જેને અવગણી શકાય તેમ નથી. વિકસિત બજારોમાં ક્વોન્ટ ફંડ્સને ઝડપથી અપનાવવાનું પ્રમાણ ટેક્નોલોજીકલ સુધારા, રોકાણકારો દ્વારા પારદર્શકતાની વધતી માંગ તથા સતત રિસ્ક-એડજસ્ટેડ વળતર માટેની જરૂરિયાતથી વધ્યું છે.

**ભારતીય પરિપ્રેક્ષ્યમાં ક્વોન્ટ ફંડ્સ**

ભારતીય રોકાણ ક્ષેત્ર ક્વોન્ટ ફંડ્સના વિકાસ માટે અનોખી તકો પૂરી પાડે છે જે દેશ સાથે સંબંધિત અનેક પરિબળો દ્વારા સંચાલિત છે. આમાંનું એક પરિબળ છે વધતું રોકાણકાર સોફિસ્ટિકેશન. ભારતીય રોકાણકારો, ખાસ કરીને મિલેનિયલ્સ, વધુને વધુ નાણાંકીય રીતે સાક્ષર બની રહ્યા છે અને સોફિસ્ટિકેટેડ રોકાણના વિકલ્પોને ખુલ્લા મને આવકારી રહ્યા છે. ગ્લોબલ માર્કેટ્સની એક્સેસ સાથે ફિનટેક પ્લેટફોર્મ્સના ઉદયે ક્વોન્ટ ફંડ્સના જેવી આધુનિક રોકાણ વ્યૂહરચનાઓને વધુ સુલભ બનાવી છે. મોર્નિંગસ્ટારના ૨૦૨૩ના સર્વે મુજબ ૫૫ ટકા ભારતીય રોકાણકારો ટેક્નોલોજી દ્વારા સંચાલિત રોકાણ સોલ્યુશન્સ શોધવા માટે આતુર હતા જે ડેટા આધારિત સિસ્ટમેટિક સ્ટ્રેટેજી તરફ વધી રહેલા ઝુકાવને દર્શાવે છે.

**નિષ્કર્ષઃ ભારતમાં રોકાણનો નવો યુગ**

ભારતમાં ક્વોન્ટ ફંડ્સની સંભાવનાઓ વિશાળ છે ત્યારે તેમનો વ્યાપક સ્વીકાર રોકાણકારોના શિક્ષણમાં અંતરને દૂર કરવા, સ્થાનિક બજારની સ્થિતિ સાથે વ્યૂહરચનાઓને અનુકૂલિત કરવા અને ટેક્નોલોજીકલ પ્રગતિને અનુરૂપ રેગ્યુલેટરી ફ્રેમવર્ક વિકસિત થાય તેની ખાતરી કરવા પર આધારિત છે. ભારતમાં રોકાણકારો માટે ક્વોન્ટ ફંડ્સને સ્વીકારવું એ ભવિષ્યમાં એક પગલું રજૂ કરે છે. એવું ભવિષ્ય જ્યાં ટેક્નોલોજી, ડેટા અને નવીનતા રોકાણ માટે વધુ અસરકારક, કાર્યક્ષમ અને સુલભ અભિગમ બનાવવા માટે ભેગા થાય છે. જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ ક્વોન્ટ ફંડ્સ ભારતમાં રોકાણના ક્ષેત્રને ફરીથી આકાર આપી શકે છે, જે પરંપરાગત વ્યૂહરચનાઓ અને ફાઇનાન્સના ભાવિ વચ્ચે એક સેતુ પ્રદાન કરે છે.

# ‘છાવા’ની વિવાદાસ્પદ ડાન્સ સિક્વન્સ પર કાતર ચાલી

મુંબઈઃ ફિલ્મ નિર્માતા લક્ષ્મણ ઉતેકરે સોમવારે કહ્યું હતું કે મરાઠા યોદ્ધા રાજા છત્રપતિ સંભાજીના જીવન પર આધારિત તેમની આગામી ફિલ્મ 'છાવા'માંથી 'લેઝિમ' ડાન્સ સીનને દૂર કરવામાં આવશે. રાજકારણીઓ અને ઇતિહાસમાં રુચિ ધરાવતા લોકોએ એનો વિરોધ કર્યો છે.

મુંબઈમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેના નિવાસસ્થાને આ મુદ્દે ચર્ચા કર્યા બાદ ફિલ્મ નિર્માતાએ પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો.

સપ્તાહની શરૂઆતમાં રિલીઝ થયેલી ફિલ્મમાં એક સિક્વન્સ છે જેમાં છત્રપતિ સંભાજી મહારાજ અને મહારાણી યેસુબાઇનું પાત્ર ભજવતા વિકી કૌશલ અને રશ્મિકા મંદાના મહારાષ્ટ્રના સાંસ્કૃતિક વારસા સાથે સંકળાયેલા પરંપરાગત સંગીત પ્રકાર 'લેઝિમ' સાથે ડાન્સ કરતા જોવા મળે છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ઉતેકરે જણાવ્યું હતું કે ‘રાજ ઠાકરેની સલાહ લેવા તેમને મળ્યા હતા. ઈતિહાસ અને ખાસ કરીને છત્રપતિ શિવાજી મહારાજ સંબંધિત ઈતિહાસનું જ્ઞાન વિશાળ છે. ફેરફાર માટે તેમણે મહત્વના સૂચનો આપ્યા હતાં અને અમે એનો અમલ કરીશું. લેઝિમ રમતા છત્રપતિ સંભાજી મહારાજના દૃશ્ય કાઢી નાખવામાં આવશે. અમે કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવા નથી માગતા.’

નૃત્યના આ દૃશ્યને કારણે સોશિયલ મીડિયામાં તીવ્ર પ્રતિક્રિયા ઉમટી હતી અને ઐતિહાસિક વ્યક્તિનો અનાદર કરવાનો આરોપ કરી રાજકારણીઓની ટીકા સાથે આક્રોશ ફેલાયો હતો. આ ફિલ્મ ૧૪ ફેબ્રુઆરીએ થિયેટરોમાં રિલીઝ થવાની છે. (પીટીઆઈ)■

# દો દિલ ટૂટે, દો દિલ હારેઃ પરિવારની પાબંદીથી પ્રેમી યુગલની આત્મહત્યા

મુંબઈ: પરિવારના સભ્યોનો વિરોધ સહન નહીં થવાથી રવિવારે વિક્રોલી રેલવે સ્ટેશન પર એક પ્રેમી યુગલે એક્સપ્રેસ ટ્રેન સામે કૂદીને આત્મહત્યા કરી હતી.ભાંડુપના હનુમાન નગર વિસ્તારમાં રહેતા હિતેશ દંડપલ્લી (૨૦ વર્ષ)ને આ જ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીર વયની કિશોરી સાથે પ્રેમ થઈ ગયો હતો. યુવતીના પરિવારને આ વાતની જાણ થોડા દિવસ પહેલા જ થઇ હતી. પરિવારે બંને વચ્ચેના સંબંધોનો વિરોધ કર્યો હતો અને યુવતીના બહાર નીકળવા પર મનાઈ ફરમાવી હતી.

આથી હતાશ યુગલે ટ્રેન સામે કૂદાવ્યું હતું. વધુ તપાસ ચાલી રહી હોવાનું કુર્લા રેલવે પોલીસે જણાવ્યું હતું. ■



પ્રજાસત્તાક દિને આંતર-શાળા-ચિત્ર સ્પર્ધા 'મેરે સપનોં કી ધારાવી'ના રચનાત્મક દષ્ટિકોણની રજૂઆત માટે દસ શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓ ભેગા થયા હતા. આ સ્પર્ધામાં વિજયી તૈયબ ખાન (મોર્નિંગ સ્ટાર સ્કૂલ), બીજા ક્રમાંકિત સમત સુતાર સેન્ટ એન્ટની હાઇ સ્કૂલ અને ત્રીજા સ્થાનમાં રહેલી રક્ષાંગી મૂર્તિ (કામરાજ મેમોરિયલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ) તસવીરમાં દેખાય છે.

# આઈટી કંપનીમાં ૫૦ બેઠકો માટે ૫૦૦૦ યુવાનો ઉમટ્યા

પુણેઃ પુણેના મગરપટ્ટા વિસ્તારમાં આવેલી એક જાણીતી આઈટી કંપની દ્વારા યુવાનો માટે આયોજિત કેમ્પસ ડ્રાઈવમાં ૫૦ બેઠકો માટે ૫૦૦૦ યુવાનો ઇન્ટરવ્યુ માટે કતારમાં ઉભા હોવાનું એક વીડિયો સોશિયલ મિડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

એ માત્ર ૫૦ ખાલી જગ્યાઓ માટે જાહેરાત કરી હતી અને તેના માટે વિવિધ રાજ્યોમાંથી લગભગ સાડા પાંચ હજાર આઇટી એન્જિનિયરો ઇન્ટરવ્યુ માટે આવ્યા હતા. આ ભીડ જોઈને કેટલાક લોકો ઇન્ટરવ્યુ આપ્યા વિના ત્યાંથી નીકળી ગયા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો દ્વારા આઇટી સેક્ટરમાં ધીમે ધીમે આવી રહેલી બેરોજગારીનો અંદાજો લગાવી શકાય છે. પુણે થોડા સમયથી આઈટી હબ બન્યું છે પરંતુ ત્યાં પણ એન્જિનિયરોને નોકરી માટે લાંબી લાઈનો હવે લગાવવી પડે છે. ■




તન-મન-ધનથી રહો તરોતાજા

# નિવૃત્તિકાળનું પ્લાનિંગ પ્રવૃત્તિકાળમાં



# આયુષ્યનાં છેલ્લાં વર્ષો... ઘેર પણ ઊભો કરી શકો સંન્યસ્તાશ્રમ!

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આપણાં શાસ્ત્રોમાં વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમની વાત કરાઈ છે. વાનપ્રસ્થાશ્રમ એટલે નિવૃત્તિની તૈયારી અને સંન્યસ્તાશ્રમ એટલે ભૌતિક સુખોનો ત્યાગ. મોક્ષના માર્ગે ચાલનારી વ્યક્તિ માટે આ બન્ને સ્થિતિ આદર્શ ગણાય છે. જોકે, એ માર્ગે નહીં જઈને ફક્ત આયુષ્યનાં છેલ્લાં વર્ષોમાં આસક્તિ ઓછી કરી નાખે એ માણસ પણ પ્રસન્ન જીવન જીવી શકે છે અને પરિવારનું જીવન આનંદિત બનાવી શકે છે. જંગલમાં જઈને આખો દિવસ મેડિટેશન કરવાને બદલે જો ફક્ત એષણાઓ અને ઇચ્છાઓ ઘટાડવામાં આવે તો શારીરિક તથા માનસિક દૃષ્ટિએ તંદુરસ્ત રહી શકાય છે.

અમારા બિલ્ડિંગમાં ૮૨ વર્ષનાં એક વિધવા માજી રહે છે. એમનાં પતિનું નિધન થયે ૧૫ વર્ષ કરતાં વધારે સમય થઈ ગયો છે. એ દરરોજ સવારે સવા છ વાગ્યે યોગાસન કરે છે, આશરે દોઢ કિલોમીટર ચાલીને યોગ કેન્દ્ર જાય છે. ત્યાંથી નજીકના મંદિરે જાય અને ઘરે પાછા વળતી વખતે શાકભાજી, ફળ વગેરેની ખરીદી કરે છે. એમને ઘરે પહોંચતાં સહેજે સાડા આઠ થઈ જાય છે. પરિવારમાં પુત્ર-પુત્રવધૂ અને પૌત્રો છે. દીકરો અનેક વાર કહેતાં સંભળાયો છે કે એમના કુટુંબમાં માજી બીજા બધા કરતાં વધારે તંદુરસ્ત છે. એ આખો દિવસ વાંચનમાં, રસોડામાં મદદ કરવામાં અને સંગીત સાંભળવામાં વ્યસ્ત રહે છે. સાંજે એ નજીકના બગીચામાં આંટો મારવા જાય છે. એમને મેં હંમેશાં સાદાં વસ્ત્રોમાં જ જોયાં છે. એ મૃદુભાષી છે. એમને જોઈને આપણા મનમાં પણ શાંતિ છવાઈ જાય છે.

મારી દૃષ્ટિએ ખરા ત્યાગીનાં આ જ લક્ષણો હોય છે. તેઓ પોતાની એષણાઓ-અપેક્ષાઓ ઘટાડી ચૂક્યા હોય છે. એમના ચહેરા પર કાયમી સ્વસ્થતા દેખાતી હોય છે. એમની ઇંદ્રિયો શાંત થઈ ગઈ હોય છે અને એમની નજીક રહેવામાત્રથી આપણને પણ શાંતિનો અનુભવ થતો હોય છે.

મોટી ઉંમરે જે કૂથલી કરતા નથી તથા જેમને પરિવાર, સમાજ, દેશ અને દુનિયામાં બનતી ઘટનાઓ વિચલિત કરતી નથી એવા લોકો પણ હોય છે. તેમને ઘટનાઓની ખબર જ ન હોય એવું નથી. વાસ્તવમાં એ બધા માનસિક સમતા જાળવી રાખનારા હોય છે. કોઈ બનાવને લીધે મગજ ચકરાવે ચડી જાય એ બાબત જ આસક્તિ દર્શાવે છે.

હું જે કૉલેજમાં વિઝિટિંગ ફેકલ્ટી છું ત્યાંના એક વડીલ પ્રોફેસર વારંવાર કહેતા હોય છે, આ સરકાર ફક્ત શ્રીમંતોનું વિચારે છે. સાધનસંપન્ન પરિવારના આ પ્રોફેસરની ઉંમર ૭૩ વર્ષની છે. પોતે ધનવાન હોવા છતાં એમના મનમાં બંધાયેલી કોઈ ગ્રંથિને લીધે એ આવું કહેતાં ફરે છે.

બીજી તરફ, સુસ્મિતા નામનાં સન્નારીને હંમેશાં એવું લાગે છે કે પરિવાર એમને પૂરતું મહત્ત્વ નથી આપતો. એમના મતે એમના બીજા સંબંધીઓ અને મિત્રો વધારે મહત્ત્વ આપે છે. એ બે દીકરાના પરિવાર સાથે રહે છે. એમની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખવામાં આવે છે.

એમને દર વર્ષે બે વખત જાત્રાએ અથવા અન્ય જગ્યાઓએ ફરવા લઈ જવાય છે. એમની પુત્રવધૂઓ તેમની દેખરેખ રાખે છે તેમ છતાં એમને કાયમ ઓછું આવ્યા કરે છે. જાતે જ પોતાની દયા ખાવાની એમને આદત પડી ગઈ છે અને એ એકની એક વાતનું પુનરાવર્તન કર્યા કરે છે. આમ, એ ફક્ત પોતાના માટે નહીં, સમગ્ર પરિવાર માટે કફોડી સ્થિતિ ઊભી કરે છે.

વૃદ્ધાવસ્થામાં સ્વસ્થ અને મસ્ત રહેવું હોય તો પોતાની દયા ખાવાનું, કૂથલી કે નિંદા કરવાનું, અહમ રાખવાનું, મહત્ત્વ મળે એવી ઇચ્છા રાખવાનું ટાળવું જોઈએ, કારણ કે આ બધી વાત જીવનમાં અવરોધો સર્જે છે અને નકારાત્મકતા લાવે છે. આમ, વાસ્તવમાં આ બધી વસ્તુઓનો ત્યાગ કરો તો સંન્યસ્તાશ્રમ જેવી સ્થિતિ આપોઆપ સર્જાઈ જાય. ■

---

વીમા સુરક્ષાકવચ

# આરોગ્ય વીમો ખરીદતી વખતે 'કન્ઝ્યુમેબલ્સ' વિશે જરૂર સ્પષ્ટતા કરી લેજો...



નિશા સંઘવી
feedback@bombaysamachar.com

સૌથી પહેલાં આપણે એ સમજી લઈએ કે આ 'કન્ઝ્યુમેબલ્સ' એટલે શું?

'કન્ઝ્યુમેબલ્સ' એટલે એ બધી વસ્તુઓ જે દરદીની સારવાર દરમિયાન ઉપયોગમાં આવી હોય અને એનો એક વખત ઉપયોગ કરી લીધાં બાદ ફગાવી દીધી હોય.

આરોગ્ય વીમા હેઠળ જ્યારે પણ ક્લેમ કરવામાં આવે ત્યારે આ કન્ઝ્યુમેબલ્સની ગણતરી પણ ઘણું મહત્ત્વ ધરાવે છે.

જો આરોગ્ય વીમા હેઠળ કન્ઝ્યુમેબલ્સને સામેલ કરવામાં આવ્યાં ન હોય તો એનો બધો ખર્ચ દરદીએ સહન કરવો પડે છે. વર્ષ ૨૦૧૬માં 'ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા' (IRDA)એ વર્ષ ૨૦૧૨માં સૂચિત કરાયેલી ૧૯૯ વસ્તુની યાદીની સમીક્ષા કરી હતી. વીમા કંપનીઓ જેનો ખર્ચ ક્લેમમાં ચૂકવતી નથી એવી એ વસ્તુઓ હતી. આ યાદીમાંથી કઈ વસ્તુઓને ક્લેમમાં ગણવી અને કઈ વસ્તુઓને નહીં ગણવી એ નક્કી કરવાની વીમા કંપનીઓને છૂટ હોય છે.

કેટલીક કંપનીએ કન્ઝ્યુમેબલ્સને પૉલિસીમાં પહેલેથી જ સ્થાન આપેલું હોય છે. બીજી કેટલીક કંપની એને વૈકલ્પિક રાખે છે, જેથી પૉલિસીધારકે પૉલિસી લેતી વખતે નક્કી કરવું કે એને સ્થાન આપવું કે નહીં. કેટલીક કંપની તો કન્ઝ્યુમેબલ્સને જરાય કવર કરતી નથી.

રાઇડર ખર્ચમાં કન્ઝ્યુમેબલ્સને રાઇડર ગણવામાં આવે તો કુલ પ્રીમિયમના લગભગ પાંચ ટકા જેટલી રકમ રાઇડર ખર્ચ તરીકે લેવાય છે. એનું કવરેજ વીમાની રકમ જેટલું હોય છે.

હૉસ્પિટલના બિલમાં કન્ઝ્યુમેબલ્સના હિસ્સામાં વધારો

કોરોનાના સમયમાં હૉસ્પિટલના બિલમાં કન્ઝ્યુમેબલ્સનો હિસ્સો ઘણો વધી ગયો હતો. અગાઉ કુલ બિલમાં એનો હિસ્સો લગભગ ત્રણથી ચાર ટકા જેટલો રહેતો, પરંતુ કોરોના વખતે એનું પ્રમાણ ૨૫થી ૩૦ ટકા જેટલું થઈ ગયું. કોરોના વખતે પીપીઈ કિટ, માસ્ક, ગ્લવ્સ, ક્રીપ બેન્ડેજ વગેરે વસ્તુઓ વધારાની થઈ ગઈ હતી, જે ઉપયોગમાં લઈને તરત જ ફેંકી દેવાતી હતી. ભારતની હૉસ્પિટલોએ કોરોનાના સમયમાં પોતાના સ્ટાફ માટે રક્ષણાત્મક પોશાક અને વસ્તુઓ ફરજિયાત બનાવ્યાં હતાં. તેમાં પીપીઈ કિટ, ગ્લવ્ઝ અને માસ્કનો સમાવેશ થતો હતો. હવે આરોગ્ય વીમા પૉલિસી લેતી વખતે કન્ઝ્યુમેબલ્સ બાબતે ધ્યાન આપવું અગત્યનું છે.

કન્ઝ્યુમેબલ્સમાં કઈ કઈ વસ્તુઓને ગણવામાં આવે છે?

**નોન મેડિકલ વસ્તુઓ:**

બેબી ફૂડ, ઝેરોક્સ, કુરિયર ચાર્જિસ, નેબ્યુલાઇઝર કિટ, ડાયાબિટીક ફૂટવેર, ની બ્રેસીસ, ઑક્સિજન માસ્ક,

ઈસીજી ઈલેક્ટ્રોડ્સ વગેરે.

**હાઉસકીપિંગ વસ્તુઓ:**

મિનરલ વોટર, ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, સ્લિપર, સેનિટરી પેડ, ટિસ્યૂ પેપર, દાંતિયો, શેમ્પૂ, પાઉડર, હેન્ડવોશ,

ડાયપર, ક્રેડલ, કેરી બેગ વગેરે.

### આ પણ જાણી લો

**પ્રશ્ન:** મારી આરોગ્ય વીમા પૉલિસી કન્ઝ્યુમેબલ્સ કવર કરતી નથી. હાલ ચાલી રહેલી પૉલિસીમાં એનો ઉમેરો કરાવી શકાય?

**ઉત્તર:** તમે વર્તમાન પૉલિસીમાં રિન્યુઅલ વખતે 'ઍડ ઓન રાઇડર કવર' તરીકે એનો ઉમેરો કરાવી શકો છો. તમારી પાસે કન્ઝ્યુમેબલ્સ કવર કરતી હોય એવી કંપનીમાં તમારી પૉલિસી પોર્ટ કરાવવાનો વિકલ્પ પણ છે.

**સારવારનો ખર્ચ:**

રજિસ્ટ્રેશન ચાર્જિસ, યુરિન કન્ટેઇનર, બાઇપેપ મશીન, એચઆઇવી કિટ, આલ્કોહોલ સ્વોબ્સ, બલૂન

સાઇન્યુપ્લાસ્ટી, ઓરલ કીમોથેરપી વગેરે.

**રૂમ ચાર્જિસ:**

વિઝિટર પાસ, ટેલિફોન, ટીવી, ડીવીડી પ્લેયર, ઍર કન્ડિશનર, એટેન્ડન્ટ ચાર્જિસ, આઇવી ઇન્જેક્શન વગેરે.

**સર્જરીમાં વપરાતી વસ્તુઓ:**

કોટન, રેઝર, નીડલ, સીરિંજ, ગ્લવ્ઝ, માસ્ક, ગાઉન, સ્યુચર્સ, સર્જિકલ ટેપ, ટોર્નિકેટ, થર્મોમીટર,

સ્પ્લિન્ટ, સ્લિંગ, બ્રેસીસ, કોલર, હેર રિમૂવલ ક્રીમ, એપ્રન વગેરે.

કેટલીક મેડિકલ આઇટમ ૫૦થી લઈને ૫૦૦ રૂપિયા સુધીમાં આવે છે. તેની ગુણવત્તા અને બ્રાન્ડની પસંદગી ડૉક્ટર કે હૉસ્પિટલ પર આધાર રાખે છે. કેટલીક વાર અમુક વસ્તુ નકામી પણ જતી હોય છે. દાખલા તરીકે, ૨૫૦ ગ્રામનો કોટન રોલ તમારા માટે લીધો હોય અને એમાંથી ફક્ત ૫૦ ગ્રામ કોટન વપરાયું હોય. બાકીનું ૨૦૦ ગ્રામ કોટન ભલે આખું વપરાયું ન હોય તોપણ એનો સંપૂર્ણ ખર્ચ તમારા બિલમાં ઉમેરવામાં આવે છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# થાઈરોઇડ નિવારવું હોય તો ભોજનમાં સાવધાની રાખો...



વ્યસ્ત જીવનશૈલી, અવ્યવસ્થિત ખાનપાન, શારીરિક વ્યાયામનો અભાવ જેવાં વિવિધ કારણને લીધે આપણે બીમાર પડતા રહીએ

છીએ. કોઈ ને કોઈ રોગ આપણા જીવનને અસર કરે છે અને આપણે ચિંતા કરતા રહીએ છીએ. આ ઉપરાંત કેટલીક એવી બીમારીઓ છે , જે આપણા શરીરની ગ્રંથિઓથી સંબંધિત છે. આમાંથી એક છે થાઇરોઇડ રોગ, જે આપણી થાઇરોઇડ ગ્રંથિ સાથે સંબંધિત છે.

આજના સમયમાં સામાન્ય થઇ પડેલી કેટલીક બીમારીઓમાંની એક છે થાઇરોઇડ. થાઇરોઇડ ગળામાં જોવા મળતી પતંગિયા આકારની ગ્રંથિ છે. તે પવન નળી ઉપર હોય છે. તે માનવ શરીરમાં જોવા મળતી સૌથી મોટી એક્ઝોક્રાઈન ગ્રંથીઓમાંની એક છે. આ થાઈરોઈડ ગ્રંથિમાં ગરબડ થવાને કારણે થાઈરોઈડ સંબંધિત રોગો થાય છે.

થાઇરોઇડ ગ્રંથિ 'થાઇરિસિન' નામનું હોર્મોન ઉત્પન્ન કરે છે. આ હોર્મોન આપણા શરીરનું મેટાબોલિઝમ( ચયાપચય ક્રિયા) વધારે છે અને શરીરના કોષોને નિયંત્રિત કરવાનું કામ કરે છે. થાઇરોઇડ હોર્મોન આપણા શરીરમાં થતી તમામ પ્રક્રિયાની ગતિને નિયંત્રિત કરે છે.

થાઈરોઈડના મુખ્યત્વે બે પ્રકાર છે:

હાઇપરથાઇરોઇડિઝમ (થાઇરોઇડ ગ્રંથિની અતિસક્રિયતા)

હાઇપોથાઇરોડિઝમ (થાઇરોઇડ ગ્રંથિની અલ્પસક્રિયતા)

થાઇરોઇડ ગ્રંથિ અતિસક્રિય બને છે ત્યારે ટી૩ અને ટી૪ હોર્મોન્સ વધુ પ્રમાણમાં ઉત્પન્ન થવા લાગે છે. જ્યારે આ હોર્મોન્સ મોટી માત્રામાં ઉત્પન્ન થવા લાગે તો શરીર પણ મોટી માત્રામાં ઊર્જાનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. તેને 'હાઇપરથાઇરોઇડિઝમ' કહેવામાં આવે છે. આ સમસ્યા પુરુષ કરતાં સ્ત્રીમાં વધુ જોવા મળે છે. જયારે થાઇરોઇડ ગ્રંથિ અલ્પ સક્રિય હોય ત્યારે આ પ્રક્રિયા ઊંધી થઇ જાય છે,જે 'હાઇપોથાઇરોડિઝમ' તરીકે ઓળખાય છે.

થાઈરોઈડને સાયલન્ટ કિલર કહેવાય છે, કારણ કે તે આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિને અસર કરે છે અને ધીમે ધીમે ઘણી અન્ય

સમસ્યાઓને જન્મ આપે છે. થાઇરોઇડને કારણે સ્થૂળતામાં વધારો અને વજનમાં ઘટાડો એ સૌથી અગ્રણી લક્ષણ છે. આ સિવાય

વાળ ખરવા, યાદશક્તિમાં ઘટાડો, માથાનો દુખાવો વગેરે જેવી અન્ય સમસ્યા પણ છે. થાઇરોઇડ હોર્મોન્સને સંતુલિત રાખવા માટે, થાઇરોઇડના દર્દીઓએ એમના આહારનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. ડોક્ટરો ખાવાના ઘણા પદાર્થ ટાળવાની સલાહ આપે છે.

આ શાકભાજીમાંથી એક કોબી છે, જેના કારણે થાઈરોઈડના દર્દીઓ હંમેશા કોબીના નામથી દૂર ભાગે છે. ડાયેટિશિયન કહે છે કે કોબીજની જાત એટલે કે ફ્લાવર, કોબી અને બ્રોકોલી જેવી શાકભાજીમાં 'થાયરોક્સિન 'નામનું તત્ત્વ હોય છે,

જે તમારા શરીરના હોર્મોન્સને અસંતુલિત કરી શકે છે. તેથી થાઇરોઇડના દર્દીને ફ્લાવર, કોબીજ અને બ્રોકોલી જેવા

શાકભાજીનું સેવન ન કરવાની સલાહ આપવામાં આવે છે. જો કે, જો તમને આ શાકભાજી ગમે છે, તો તમે તેને બે અઠવાડિયામાં એકવાર ખાઈ શકો છો. આ તમારા સ્વાસ્થ્યને વધારે અસર કરશે નહીં. ડાયેટિશિયન કહે છે કે જો તમને કોબી પસંદ હોય તો તેને

ઉકાળીને તેનું સેવન કરો. આ માટે સૌથી પહેલા તમે કોબીને કાપીને તેને ઉકાળો અને તેમાં હાજર પાણીને કાઢીને પછી તેનું શાક બનાવો. તેનાથી કોબીમાં હાજર થાઈરોક્સિન દૂર થઈ શકે છે. જોકે, ધ્યાનમાં રાખો કે આમ કરવાથી કોબીમાંથી અન્ય જરૂરી પોષક તત્ત્વો પણ નષ્ટ થઈ શકે છે.

કોબીમાં હાજર થાઇરોક્સિનની અસરને ઓછી કરવા માટે તમે તેને અન્ય શાકભાજી સાથે મિક્સ કરીને ખાઈ શકો છો. ઉદાહરણ તરીકે, કોબીનું શાક બનાવતી વખતે, તમે માત્ર કોબી જ નહીં પરંતુ અન્ય આરોગ્યપ્રદ શાકભાજી જેમ કે ગાજર, બટાકા, વટાણા વગેરેને પણ મિક્સ કરીને તેનું સેવન કરી શકો છો.

થાઇરોઇડ રોગીનો ખોરાક કેવો હોવો જોઈએ?

ઓછી ચરબીવાળો ખોરાક લો...તમારા આહારમાં વધુને વધુ ફળો અને શાકભાજીનો સમાવેશ કરો.

આયોડિનયુક્ત આહારનું સેવન કરો...

બદામ ખાઓ. (કાજુ, બદામ, સૂર્યમુખીના બીજ વગેરે).. દૂધ અને દહીંનું નિયમિત સેવન કરો....

ઘઉં અને જુવારનું સેવન કરો. ફાઈબરયુક્ત આહાર લો.

-અને હા, નિયમિત વ્યાયામ કરો.

આ પદાર્થ- પીણાંનું સેવન પણ ન કરો

વધુ પડતી કોફી ન પીવી....કાળી રાઈ ન ખાવી...

વધુ માત્રામાં સોયાબીનનું સેવન ન કરો...

જંક ફૂડ અને પ્રિઝર્વેટિવ રિચ ફૂડનું સેવન ન કરો....

ધૂમ્રપાનથી દૂર રહો....

આલ્કોહોલ અને અન્ય માદક દ્રવ્યોનું સેવન ન કરો. ■



પ્રકરણ: ૨૩

# ચહેરા મોહરા

**કોઈ પણ રકમમાં મીંડાની કિંમત જ્યાં સુધી એની આગળ એકડો ન લાગે ત્યાં સુધી શૂન્ય જ હોય છે તારે એકડો બનવાનું છે. આ આખી ચાલમાં હું તને હુકમનો એક્કો બનાવવા માગું છું!**



પ્રફુલ્લ કાનાબાર



‘જો સોહમ, હું તને એવી જગ્યાએ મોકલવા માંગું છું, જ્યાં તું ઓછામાં ઓછા ત્રણ હજાર કરોડ રૂપિયાની સંપતિનો માલિક બની જઈશ!’

‘ત્રણ હજાર કરોડ રૂપિયાની સંપત્તિનો માલિક?’ સોહમના ગળામાંથી માંડ માંડ અવાજ બહાર નીકળ્યો.

‘હા.. સોહમ.’ તુલસીરામ બાપુએ ઠંડકથી કહ્યું.

સોહમનું આશ્ચર્ય શમવાનું નામ લેતું નહોતું. જેલમાં અંકુશ સાથે થયેલી વાતચીત બાદ તે કરોડપતિ થવા માટે તો આટલે સુધી લાંબો થયો હતો. સોહમ માનતો હતો કે કદાચ એકાદ-બે કરોડની જ વાત હશે, પણ આ તો એટલી મોટી રકમ હતી જે સોહમે સપનામાં પણ નહોતી વિચારી.

તુલસીરામ બાપુ સોહમના સોહામણા ચહેરાના બદલાતા જતા ભાવ નીરખી રહ્યા. આખરે સોહમે મૌન તોડતાં કહ્યું:

‘બાપુ, ત્રણ હજાર કરોડ રૂપિયામાં કેટલા મીંડા આવે એની પણ મને ખબર નથી.’

‘સોહમ, તારે મીંડા ગણવાની જરૂર નથી. તારે માત્ર એકડામાં જ રસ દાખવવાનો છે. કોઈ પણ રકમમાં મીંડાની કિંમત જ્યાં સુધી આગળ એકડો ન લાગે ત્યાં સુધી શૂન્ય જ હોય છે. તારે એકડો બનવાનું છે. આ આખી ચાલમાં હું તને હુકમનો એક્કો બનાવવા માંગું છું.’

‘એ કઈ રીતે?’ સોહમે આખરે પૂછી જ લીધું.

‘સૌથી પહેલાં તારી જીવાઈ ગયેલી જિંદગીમાંથી કારાવાસના તેર વર્ષની બાદબાકી કરી નાખ.’

‘હું સમજ્યો નહીં બાપુ.’

‘જીવનમાં જે ભૂતકાળ યાદ રાખવાથી માત્ર અને માત્ર પીડા જ મળતી હોય તેવા ભૂતકાળને યાદ રાખવો વ્યર્થ છે...બહેતર છે કે એ ભૂતકાળને મનની કોઈ અજાણી ગુફામાં દફનાવી દેવો.’

સોહમને થયું કે બાપુની વાત તો સાચી છે. અરે.. એનું ચાલે તો જેલમાં ગયા પહેલાંનો ભૂતકાળ પણ ભૂલી જાય. સોહમે ફિક્કું સ્મિત કર્યું. જો માણસ ખરેખર ભૂતકાળ ભૂલી શકતો હોય તો તો એ સંતની કક્ષામાં ન આવી જાય? સંસારી માણસ અને સાચા સંત વચ્ચે આ જ તો મૂળ તફાવત હોય છે. સાચા સંત તેના પૂર્વાશ્રમને સાપ કાંચળી બદલે તેમ ઉતારીને ફેંકી શકતા હોય છે. અરે, સાચા સંત તો દીક્ષા લીધા પછીના જીવનને પુનર્જન્મ જ માનતા હોય છે!

સોહમને ગહન વિચારમાં પડી ગયેલો જોઇને તુલસીરામ બાપુ મંદ મંદ સ્મિત વેરી રહ્યા હતા. સોહમને અને બાપુની નજર એક થઇ. સોહમ હજુ પણ તેના વિચાર-વમળમાંથી બહાર આવ્યો નહોતો.

જોકે, બીજી તરફ,સોહમ એમ પણ વિચારતો હતો કે સામે બેઠેલા તુલસીરામ બાપુ સાચા સંત તો ન જ કહેવાય. સાચા સંત તો લક્ષ્મીના સ્પર્શથી પણ દૂર રહેતા હોય છે.. જ્યારે અહીં તો બાપુની સમગ્ર વાતમાં ધનની વાત કેન્દ્ર સ્થાને હતી.

‘શું વિચારમાં પડી ગયો?’ બાપુએ સોહમનું વિચાર-મંથન તોડવાના ઈરાદાથી જ કહ્યું.

‘બાપુ..કાંઈ નહીં.’ સોહમે ઝબકીને જવાબ આપ્યો. સોહમે મનોમન નક્કી કરી લીધું કે બાપુ સાથેનો આખો વાર્તાલાપ પૂરો ન થાય ત્યાં સુધી બાપુ વિશે હવે વધારે જજમેન્ટલ થવું નથી. આમ પણ બાપુ હજુ સુધી તાસના બધાં પાનાં તેમના હાથમાં પકડીને જ બેઠા હતા! જો બાપુ ખરેખર તેને હુકમનો એક્કો બનાવવા માંગતા હશે તો એ ક્યાં સુધી બધા પાના હાથમાં પકડી રાખશે? બાપુના મનમાં રમતો આખો પ્લાન સમજવા માટે સોહમે ચૂપકીદી સાધી લીધી. હવે બાપુ આગળ શું કહે છે તે સાંભળવા માટે એ એકદમ આતુર હતો. સોહમના ચહેરા પર આતુરતા અને તાલાવેલીની રેખાઓ અંકિત થઇ ચૂકી હતી!

‘સોહમ, તારા જીવનના કારાવાસનાં એ વર્ષો દરમિયાન જેલની બહાર પણ એક દુનિયા હતી, જ્યાં સમય આગળ ધપી રહ્યો હતો, કારણકે સમયનું તો કામ જ છે વહેવાનું...જોકે એ વાત જુદી છે કે જેલમાં તારા માટે તો સમય થંભી ગયો હતો એમ જ કહી શકાય.’

સોહમ વિચારી રહ્યો : બાપુની આ વાત પણ સાચી હતી. આ તેર વર્ષમાં દુનિયા કેટલી બદલાઈ ગઈ છે એ વાતની જાણ તો તેને જેલમાંથી બહાર નીકળ્યા બાદ આ બે દિવસમાં થઇ જ હતી ને? અડાલજમાં બેઠા બેઠા ભોલુએ લેપટોપ ખોલીને તેની રેલવેની ટિકિટ બૂક કરી આપે એ વાતનું જ્વલંત ઉદાહરણ હતું. રૂટિન જિંદગીમાં પણ ડગલે ને પગલે ટેકનોલોજીનો પ્રવેશ જોઈ શકાતો હતો. સોહમ જયારે જેલમાં ગયો ત્યારે સેલફોન જેવા આધુનિક ઉપકરણોની તેને કલ્પના પણ ક્યાં હતી? બહારની દુનિયા ખરેખર બદલાઈ ચૂકી હતી. સમય ઘણો આગળ વહી ગયો હતો. જેલની કાળકોટડીનો એક એક દિવસ અંધકારમય હતો.

‘બાપુ, જેલમાં ગાળેલા એ દિવસો મારા જીવનમાં વ્યાપેલો સૌથી મોટો અંધકાર હતો.’

બાપુએ મંદ મંદ સ્મિત સાથે કહ્યું :

‘સોહમ, કાલનો સૂર્યોદય તારા જીવનમાં અત્યંત મહત્ત્વનો નીવડશે. તારા જીવનમાં ઉજાસ લાવશે..ઉજ્વળ ભવિષ્ય પણ લાવશે. તારા જીવનનો એવો પડાવ તારી રાહ જોઈ રહ્યો છે, જ્યાં ચારે બાજુ લક્ષ્મીની રેલમછેલ હશે..’

સોહમ શાંત ચિત્તે તુલસીરામ બાપુને તાકી રહ્યો. તેની ધીરજ ખૂટી રહી હતી. બાપુ હવે પૂર્વભૂમિકા બાંધવાનું છોડીને મુખ્ય વાત પર આવે તેની એ રાહ જોવા લાગ્યો.

‘સોહમ, આવતી કાલથી તારું નામ સોહમમાંથી ‘સોહન’ થઇ જશે. તારી એ નવી ઓળખ જ તને ધનવાન બનાવશે.’ તુલસીદાસ બાપુએ થોડોક ફોડ પાડતા કહ્યું.

સોહમ વિસ્ફારિત નેત્રે બાપુને તાકી રહ્યો. સોહમને ઓળખ તો બદલવી જ હતી, કારણકે એના માથા પર લાગેલાં ખૂનીના લેબલ સાથે તે જીવવા માગતો નહોતો. ધનવાન થવાની પણ લાલસા હતી, કારણ કે અત્યાર સુધીની જિંદગી પૈસાના અભાવમાં જ વીતી હતી. આજે ત્રીસ વર્ષની ઉંમરે એ સાવ એકલો જ હતો. તેની આગળ કે પાછળ કોઈ જ નહોતું. સોહમ નવેસરથી જીવન શરૂ કરવાની તક ઝડપવા જ અહીં આવ્યો હતો એ વાત બાપુ પણ જાણતા હતા.

‘હવે તને ખ્યાલ આવી ગયો હશે કે મેં શા માટે તારો ભૂતકાળ જાણવાની ખેવના કરી...કારણકે કોઈ પણ નવા પ્રોજેક્ટમાં તદ્દન અજાણ્યા માણસને મોકલતા પહેલાં તેની કાર્યક્ષમતા ચકાસવા માટે તેનો ભૂતકાળ જાણવો મારા માટે જરૂરી હતો.’

‘જી.. બાપુ’ સોહમે ટૂંકાક્ષરી જવાબ આપ્યો.

સોહમ, મુંબઈમાં બળવંતરાય શેઠનો ડાયમંડનો મોટો બિઝનેસ છે.એ સિવાય પણ દાર્જીલિંગમાં એમની માલિકીના ચાના બગીચાઓ છે. થોડા સમયથી તેમની કંપની હિન્દી ફિલ્મોના નિર્માણમાં પણ કરોડો રૂપિયા લગાવી રહી છે. લગભગ એંસી વર્ષના બળવંતરાય શેઠનો તમામ બિઝનેસ વિશ્વાસુ માણસોના હસ્તક છે.

બાપુએ બાજુમાં રાખેલા રિમોટ વડે સામેની દીવાલ પરનું ટીવી ઓન કર્યું. ટીવી પર એક વૃદ્ધનો ચહેરો ઊભરી આવ્યો. ગોરો મોટો ચહેરો સફેદ મૂછ અને માથા પર પહેરેલી ફલેટ કેપમાં એ વૃદ્ધ બિઝનેસમેન કરતાં વધારે મિલિટરીના કોઈક રિટાયર્ડ કર્નલ જેવા દેખાતા હતા. બાપુએ રિમોટનું બીજું બટન દબાવ્યું. શૂટ અને શૂઝ પહેરેલા હાથમાં વોકિંગ સ્ટીક સાથેના એ જ વૃદ્ધનો ફૂલ સાઈઝનો ફોટો દેખાયો. સોહમ અપલક એ ફોટાને તાકી રહ્યો.


બળવંતરાયના આ ફોટા આશ્રમના સીસીટીવી કેમેરામાંથી લીધેલા છે.

સોહમને નવાઈ લાગી, કારણકે આશ્રમમાં સીસીટીવી કેમેરા છે તેનો તેને અણસાર પણ નહોતો આવ્યો.

આજથી ત્રીસેક વર્ષ પહેલાં તેમનો દીકરો અને વહુ મુંબઈથી ગુજરાતના કોઈક અંતરિયાળ ગામડામાં કુળદેવીના દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને પરત આવી રહ્યા હતા ત્યારે ભારે વરસાદ તૂટી પડયો હતો. એ સમયે ઘણી નદીઓ પર ખખડધજ પૂલ હતા. અતિશય ભારે વરસાદમાં સુરેન્દ્રનગર પાસે ભોગાવો નદીમાં તેમની કાર ખાબકી હતી. બળવંતરાય શેઠના ડ્રાઈવર તથા દીકરા અને વહુની લાશ મળી હતી, પણ પાંચેક વર્ષના પૌત્ર સોહનની લાશ પાણીમાં જ ક્યાંક વહી ગઈ હતી. મહારાષ્ટ્રના એક પ્રખ્યાત જ્યોતિષીએ બળવંતરાય શેઠને વર્ષો પહેલાં કહ્યું હતું કે એક દિવસ તમારો પૌત્ર સોહન જરૂર ઘરે પરત આવશે. દાદાજી તેમના વારસદાર એટલે કે પૌત્ર સોહનની ખાસ્સાં વર્ષોથી રાહ જોઈ રહ્યા છે.

‘બાપુ, આ વાતની તમને કેવી રીતે ખબર પડી?’ સોહમે મુદ્દાનો સવાલ કર્યો.

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.


### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વાન | HOUSE |
| વાજ | COLOUR |
| વાટ | LEFT |
| વાસ | ROAD |
| વામ | WEARINESS |

### ઓળખાણ પડી?

વિશ્વની સૌથી વિશાળ લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ કયા દેશમાં છે એની ઓળખાણ પડી? ૪૭૦ ભાષાના પુસ્તક જોવા મળે છે.



અ) બ્રિટન બ) નેધરલેન્ડ્સ ક) યુએસએ ડ) જર્મની

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દા | ન | ૨ વી | ર | | ૩ તા | ૪ જ | પો | ૫ શી | |
| નો | | ર્ય | | ૬ ઉ | પ | ર | | ૭ ખ | ૮ પ |
| દુ | | ૯ વા | વ | ણી | | ૧૦ થુ | લી | | રં |
| ૧૧ શ્મ | શા | ન | | | ૧૨ રા | ષ્ટ્ર | | ૧૩ ટી | પ |
| ન | | | ૧૪ આ | ૧૫ વા | રા | | ૧૬ શ્ર | | રા |
| | ૧૭ ધા | ૧૮ ર | દા | ર | | ૧૯ શ્ર | દ્ધા | ળુ | |
| ૨૦ પ | | ૨૧ સ | બ | | ૨૨ દા | વ | | | ૨૩ એ |
| ૨૪ રં | ૨૫ જ | | | ૨૬ બો | મ | ણ | | ૨૭ ના | ક |
| ૨૮ પ | ખ | વા | ૨૯ ડિ | યું | | ૩૦ શ | ૩૧ ત | દ | લ |
| ૩૨ રા | મ | | લ | | ૩૩ વ્ય | ક્તિ | ત્વ | | વ્ય |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | | ૯ | | | | ૧૦ | |
| | | | ૧૧ | | | | ૧૨ | | |
| ૧૩ | | ૧૪ | | | | ૧૫ | | ૧૬ | |
| | | ૧૭ | | | ૧૮ | | | | |
| ૧૯ | | | | ૨૦ | | | | ૨૧ | ૨૨ |
| | | | ૨૩ | | ૨૪ | | | ૨૫ | |
| | | ૨૬ | | ૨૭ | | | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | | | | | ૩૧ | | ૩૨ | |
| | ૩૩ | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. જાહેરાત (૪)
૪. સંપાદકનો લેખ (૫)
૮. કશાનીયે (૩)
૯. લીંપણમાં હાથેથી પાડેલી ભાત (૩)
૧૦. ધૂળ (૨)
૧૧. લોહી પીતું કીટક (૩)
૧૩. લાશ પર ઓઢાડાતું વસ્ત્ર (૩)
૧૫. વાતાવરણ (૪)
૧૭. પળ, (૨)
૧૮. મોકલવું તે (૪)
૧૯. જો બોલે સો --- જય શ્રી અકાલ (૩)
૨૧. ‘તાક્વું’નું આજ્ઞાર્થ (૨)
૨૩. --- નો ખેલ એટલે બરાબરીનો જંગ (૪)
૨૫. માછલાં પકડવાની કડી (૨)
૨૭. ના--- (હિંદીમાં) (૨)
૨૯. તરણું (૩)
૩૧. --- કરવા એટલે આજીજી કરવી (૪)
૩૩. એકદમ સરસ (૪)
૩૪. વાંદરો (૪)

**ઊભી ચાવી**

૧. વિશિષ્ટ અંક, (સામયિકનો) (૪)
૨. જ્ઞાન ધરાવનાર (૨)
૩. દૂધ (માનું) (૨)
૪. ભેળસેળ, મિશ્રણ (૩)
૫. સિમેન્ટની કિનારી (૨)
૬. પોપટ (૨)
૭. આતિથ્ય કરનાર (૪)
૯. ઉત્સવ (૩)
૧૨. લશ્કરનો સૈનિક (૩)
૧૪. --- વાદ એટલે ડાબેરીઓની સશસ્ત્ર ચળવળ (૩)
૧૫. હવા માટેની બારી (૪)
૧૬. ઉછીનું લઇને (૪)
૧૯. વિશિષ્ટ આમંત્રિત (૪)
૨૦. સલાહકાર (૫)
૨૨. પંખીઓનો અવાજ (૫)
૨૪. પત્ર (૨)
૨૬. --- આવવા એટલે વેદના થવી (૩)
૨૮. કાઠિયાવાડનો એક ભાગ (૩)
૩૦. ‘રચવું’નું આજ્ઞાર્થ (૨)
૩૧. --- ચોર એટલે આળસું (૨)
૩૨. વાણી (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘જોવી’તી કોતરો ને જોવા’તા કંદરા’ પંક્તિમાં કંદરા શબ્દનો અર્થ જણાવો.

અ) નદી બ) ગુફા ક) વનસ્પતિ ડ) ડાળી

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ TAXIDERMY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વાતાવરણ બ) વાહન ક) પ્રાણી શરીર ડ) ખેતીવાડી

### માતૃભાષાની મહેક

કઈ વ્યક્તિ પાસે કેવું કામ કરાવવું અથવા કઈ વસ્તુ કયા કામ માટે ઉપયોગમાં લેવી એના ચોક્કસ માપદંડ હોય, ગણિત હોય. કાગડાને મોતીનો ચારો ન હોય અને હંસ સામે અનાજના દાણા ન મુકાય. ‘શાલિગ્રામ પાસે મરી ન વટાવાય’ કહેવત અનુસાર શાલિગ્રામ પથ્થર છે, પણ એ પૂજવા માટે છે. એનો ઉપયોગ વાટવા માટે ન કરાય.

### ઈર્શાદ

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,
મૂઈ રે એની મહેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.

-- રાજેન્દ્ર શાહ

### સુડોકુ-૭૦૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૪ | | ૮ | ૯ | | |
| ૨ | ૭ | | | ૫ | | | | |
| | ૫ | ૪ | ૬ | | ૯ | | | |
| ૧ | ૮ | | | | | ૨ | | ૪ |
| | ૪ | | ૧ | | ૨ | | ૭ | |
| ૭ | | ૨ | | | | | ૧ | ૮ |
| | | | ૯ | | ૭ | ૬ | ૫ | |
| | | | | ૧ | | | ૪ | ૩ |
| | | ૭ | ૨ | | ૪ | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૨ | ૯ | ૧ |
| ૧ | ૭ | ૫ | ૯ | ૩ | ૨ | ૮ | ૬ | ૪ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૬ | ૭ | ૩ | ૫ |
| ૭ | ૪ | ૧ | ૨ | ૬ | ૯ | ૩ | ૫ | ૮ |
| ૫ | ૩ | ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૫ | ૧ | ૯ | ૪ | ૭ |
| ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૯ | ૧ | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૬ |

### માઈન્ડ ગેમ

વિજ્ઞાનના વિદ્યાર્થીઓના અભ્યાસમાં મહત્ત્વ ધરાવતો ગંધકનો તેજાબ કયા વૈજ્ઞાનિક નામે ઓળખાય છે એ કહી શકશો?

અ) નાઈટ્રિક એસિડ બ) એસિટિક એસિડ ક) સલ્ફ્યુરિક એસિડ ડ) ફોર્મિક એસિડ

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ફીણ | LATHER |
| ધાતુ | METAL |
| ઉત્કલન | BOILING |
| અવશેષ | RESIDUE |
| મિશ્રધાતુ | ALLOY |

ઓળખાણ પડી? જેસોર અભયારણ્ય

ગુજરાત મોરી મોરી રે ગંધ

ચતુર આપો જવાબ અર્થ જણાવો કૂંજો

માઈન્ડ ગેમ સાળવી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પ્રવીણા વોરા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજીતા ખોના (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) મીનળ કાપડિયા (૨૦) વીમલ શાહ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મહેશ દોશી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વીણા સંપટ (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) જગદીશ ઠક્કર (૩૨) રમેશ દલાલ (૩૩) હીનાબેન દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિતીન જે. બજરીયા (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ધીરેન્દ્ર ઉદેશી (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અંજુ ટોલીયા

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# પ્રાણ એટલે જીવનશક્તિ પ્રાણ શરીર ને મનની વચ્ચે છે

(ગતાંકથીથી ચાલુ)

યૌગિક દષ્ટિ પ્રમાણે અપસ્મારનું કારણ શરીરમાં કે મનમાં નથી, અપસ્મારનું કારણ પ્રાણમય શરીરમાંછે. પ્રાણમય શરીર અને મન (અન્નમય કોશ અને મનોમય કોશ) બંનેની વચ્ચે છે અને બંનેને પ્રભાવિત પણ કરે છે. આમ હોવાથી શરીર અને મન બંને સ્થાને અપસ્મારનાં કારણસ્વરૂપ તત્ત્વો જોવા મળે છે, પરંતુ શરીર અને મનમાં પ્રગટ થતાં આ તત્ત્વોનું મૂળ તેથી પણ આગળ છે અને તે પ્રાણમય શરીરમાં છે. જેમ એક સ્થાન ઊગેલા વૃક્ષનાં મૂળ દૂર સુધી પહોંચે છે અને તે મૂળમાંથી પણ નવાનવા અંકુરો જમીનની બહાર નીકળે છે અને તે નવાંનવાં સ્થાને પણ નવાં વૃક્ષો વધવા માંડે છે અને તે નવાં વૃક્ષોને પણ નવાં મૂળ ફૂટવા માંડે છે. આ નવાંનવાં વૃક્ષોને પણ મૂળ તો હોય જ છે, પરંતુ આ સર્વ વૃક્ષોનું મૂળ કારણ આદિવૃક્ષ છે અને તે આદિવૃક્ષનાં મૂળ જ મૂળભૂત મૂળ ગણાય છે. આ જ રીતે અપસ્મારનાં કારણો મન અને શરીર બંનેમાં જોવા મળતાં હોવા છતાં આ સર્વ કારણોનું મૂળભૂત અર્થાત્ બીજરૂપ કારણ પ્રાણમય શરીરમાં છે.



યોગશાસ્ત્રમાં પ્રાણમયની રચના અને કાર્યનો ઊંડાણથી વિચાર થયો છે.

પ્રાણ એટલે જીવનશક્તિ પ્રાણ શરીર અને મનની વચ્ચે છે. પ્રાણ શરીર અને મનને જોડનાર તત્ત્વ છે અને પ્રાણ શરીર અને મન બંનેને પ્રભાવિત પણ કરે છે. પ્રાણ આપણાં શરીર અને મનની સઘળી ક્રિયાઓને ગતિ આપનાર તત્ત્વ છે. પ્રાણ મૂલતઃ એક જ હોવા છતાં ક્રિયાભેદે અને સ્થાનભેદે તેના પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ એમ દસ પ્રકાર ગણાવવામાં આવે છે.

આપણે અહીં દશે પ્રાણનાં સ્વરૂપ, સ્થાન અને કાર્યનો સંક્ષેપમાં વિચાર કરીએ.

(૧) પ્રાણઃ

શરીરમાં શક્તિનો સતત વ્યય થયા કરે છે. આ વ્યયને ભરપાઇ કરવા માટે આપણે બહારથી શક્તિ ગ્રહણ કરીએ છીએ. આ સતત ચાલતી શક્તિગ્રહણની ક્રિયા પ્રાણ દ્વારા થાય છે. શ્વાસ લેવો, ખોરાક લેવો, જળ ગ્રહણ કરવું, શરીરમાં પાચનક્રિયા થાય, પાંચે જ્ઞાનેન્દ્રિયો સંવેદનાઓને ગ્રહણ કરે- આ સર્વ પ્રાણની ક્રિયાઓ છે. પ્રાણનું પ્રધાન કાર્ય શ્વાસ લેવાનું છે. પ્રાણનું સ્થાન છાતીથી નાસિકા સુધીનું છે. આમ છતાં પ્રાણનું કેન્દ્ર ગણાય છે.

(૨) અપાનઃ

પાચનક્રિયા, શ્વસનક્રિયા, રુધિરાભિસરણની ક્રિયા આદિ અનેકવિધ શારીરિક ક્રિયાઓને પરિણામે શરીરમાં જે મલદ્રવ્યો ઉત્પન્ન થાય છે તેમના ઉત્સર્ગનું કાર્ય અપાન કરે છે. મલમૂત્રવિસર્જન, ઉચ્છ્વાસની ક્રિયા, અધોગામી વાયુનું વિસર્જન, પરસેવો થવો- આ સર્વ ક્રિયાઓ અપાન દ્વારા થાય છે. અપાનનું સ્થાન નાભિથી નીચે છે.

(૩) ઉદાનઃ

શરીરને ઉત્થિત રાખવાનું કાર્ય ઉદાન કરે છે. વ્યષ્ટિ-પ્રાણનો સમષ્ટિ-પ્રાણ સાથેનો સંબંધ ઉદાન દ્વારા થાય છે, ઉદાન દ્વારા જ મૃત્યુસમયે સૂક્ષ્મ શરીરનું સ્થૂળ શરીરમાંથી બહાર નીકળવાનું શક્ય બને છે. વળી જીવાત્મા પોતાના સંસ્કારને અનુરૂપ ગર્ભમાં પુનઃપ્રવેશ પણ ઉદાન દ્વારા જ કરે છે. યોગીઓ ઉદાન દ્વારા જ સ્થૂળ શરીર છોડીને લોકલોકાંતરમાં ઘૂમે છે. કંઠ અને કંઠથી ઉપર મસ્તકમાં ઉદાનનું સ્થાન છે.

(૪) વ્યાનઃ

શરીરમાં ઉત્પન્ન થયેલી શક્તિને સમગ્ર શરીરમાં પહોંચાડવાનું કાર્ય વ્યાન કરે છે. રુધિરાભિસરણ તેવું મુખ્ત કાર્ય છે. વ્યાન સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલો છે.

(૫) સમાનઃ

બહારથી શક્તિ મળે તેવા પદાર્થો ગ્રહણ થાય ત્યારપછી તેમને શરીરને અનુરૂપ સ્વરૂપ આપવાનું કાર્ય સમાન કરે છે. પાચનક્રિયા સમાન દ્વારા થાય છે. સમાનનું સ્થાન નાભિથી હૃદય સુધીનું છે.

વ્યુત્પત્તિની દષ્ટિએ જોઇએ તો અણ્ એટલેઢ્ઢ ગતિ અથવા જીવન પાંચે શબ્દોમાં અણ્ ધાતુ છે અણ્ણજ્ઞ ૫, અક્ષ,ઈટ્ટ, રુમ અને લન્ ઉપસર્ગ લગાડવાથી અનુક્રમે પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન-આ પાંચ શબ્દો બન્યા છે.

ઉપરોક્ત પાંચ પ્રાણ ઉપરાંત પાંચ ઉપપ્રાણનો ઉલ્લેખ પણ યૌગિક ગ્રંથોમાં જોવા મળે છે, જે નીચે પ્રમાણે છેઃ

| નામ | | કાર્ય |
|---|---|---|
| ૧. | નાગ | ઓડકાર, છીંક વગેરે |
| ૨ | કૂર્મ | સંકોચ |
| ૩ | કૃકર | ભૂખ-તરસ |
| ૪ | દેવદત્ત | નિદ્રા-તંદ્રા |
| ૫ | ધનંજય | શરીરનું ફૂલી જવું. |

યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે આપણા પ્રાણમય શરીરમાં અનેક નાડીઓ છે. આ નાડીઓમાં પ્રાણના પ્રવાહો અવિરત વહેતા રહે છે.

પ્રાણના આ પ્રવાહો જ્યાં સુધી સુસંવાદી સ્વરૂપે વહેતા રહે છે, ત્યાં સુધી શરીર મનનું આરોગ્ય જળવાઇ રહે છે. જ્યારે પ્રાણના આ પ્રવાહો વિસંવાદી બને ત્યારે શરીર મનનું આરોગ્ય બગડે છે. શરીર-મનના આરોગ્ય સાથે પ્રાણનો શો સંબંધ છે તે સમજવા માટે આ હકીકતને સતત નજર સમક્ષ રાખવી જોઇએ.

અતિપ્રાચીન ગણાતા વૈદિક સાહિત્યમાં આ હકીકત વિશે આ પ્રકારનો ઉલ્લેખ મળી આવે છે.

સ પ્રાણ: સધ્રીચિર્વિષૂચિ: દ્રિધા !
વિષૂચિ: મૃત્યુ: સધ્રીચિ: અમૃત્તમ્ !!

''આ પ્રાણનાં બે સ્વરૂપો છે- સમરૂપ અને વિષયરૂપઃ વિષમરૂપ પ્રાણને મૃત્યુ - સ્વરૂપ પ્રાણને અમૃતસ્વરૂપ ગણેલ છે.''

પ્રાણ જ્યારે વિષમરૂપ બને અર્થાત્ પ્રાણના પ્રવાહો વિસંવાદી બને, પ્રાણની ગતિ અને કાર્ય અસમતોલ બને ત્યારે પ્રાણના તે સ્વરૂપને 'વિષૂચિ' ગણેલ છે. પ્રાણ જ્યારે સમરૂપ હોય અર્થાત્ પ્રાણના પ્રવાહો સુસંવાદી સ્વરૂપે ચાલતા રહે અને પ્રાણનું કાર્ય સમતોલ રહે ત્યારે પ્રાણના તે સ્વરૂપને 'સધ્રીચિ' ગણેલ છે.

વિષૂચિ પ્રાણને મૃત્યુ સમાન ગણાવેલ છે, એટલે કે તે શરીર અને મન બંનેના આરોગ્ય માટે હાનિકારક બને છે, અર્થાત્ તે અનારોગ્યનું કારણ બને છે. પ્રાણનું આ સ્વરૂપ આધ્યાત્મિક યાત્રામાં પણ પ્રતિકૂળ બને છે. સધ્રીચિ પ્રાણને અમૃત સમાન ગણ્યો છે, જે શરીર અને મન બંને માટે આરોગ્યપ્રદ છે અને અધ્યાત્મયાત્રામાં પણ અનુકૂળ બને છે.

શરીર અને મનના અનેક રોગોની જેમ અપસ્મારનું કારણ પણ વિષૂચિ પ્રાણ છે. પ્રાણને વિષૂચિમાંથી સધ્રૂચિ બનાવવામાં આવે તો અપસ્મારમાંથી મુક્તિ મળી શકે છે.

યોગમાં એવો કોઇ અભ્યાસ છે જેના દ્વારા વિષૂચિ પ્રાણને સધ્રીબિ બનાવવામાં આવે? હા, છે.

આપણે આ પ્રકારના યોગાભ્યાસનો વિચાર કરીએ તે પહેલાં હજુ આપણે અપસ્મારની કારણમીમાંસા વિશે થોડું વધુ વિચારવાનું છે.

આયુર્વેદમાં અપસ્મારને એક વાતરોગ ગણવામાં આવે છે. આયુર્વેદનું સમગ્ર ભવન ત્રિદોષસિદ્ધાંત પર પ્રતિષ્ઠિત છે. વાત, પિત્ત અને કફ- આ ત્રણ તત્ત્વો છે અને તેમાંથી કોઇ એક કે અધિકમાં કોઇ પ્રકારનો દોષ ઉત્પન્ન થાય એટલે શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે આ ત્રિદોષસિદ્ધાંત છે. વાયુના પ્રકોપને કારણે અપસ્માર પેદા થાય છે. તેથી જ સામાન્ય ભાષામાં અપરસ્મારને 'વાઇ'નું દરદ કહેવામાં આવે છે. અપસ્મારની ફિટને વાઇ આવવી તેમ કહેવામાં આવે છે. 'વાઇ' શબ્દ જ વાયુ (વાત) પરથી આવ્યો છે. એનો અર્થ એમ છે કે આયુર્વેદની દષ્ટિએ અપસ્માર વાતરોગ અર્થાત્ વાયુના પ્રકોપથી પ્રગટેલો રોગ છે.

યોગમાં પ્રાણના પાંચ મુખ્ય પ્રકારો છે, તેમ તે જ નામના વાયુના પાંચ પ્રકારો આયુર્વેદમાં આપવામાં આવેલ છે. તે પ્રમાણે, આયુર્વેદ પ્રમાણે વાયુનાં પાંચ સ્વરૂપો છે- પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન.

આનો અર્થ એમ છે કે યોગમાં જેને પ્રાણ કહેવામાં આવે છે તેનું જ કાંઇક સ્થૂળ સ્વરૂપ વાયુ છે. પાંચ પ્રાણ પ્રાણમય કોશમાં પ્રતિષ્ઠિત છે અને તે જ નામના પાંચ વાયુ સ્થૂળ શરીર અર્થાત્ અન્નમય કોશમાં પ્રતિષ્ઠિત છે. જે પાંચ પ્રાણ છે તે જ કાંઇક સ્થૂળ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે પાંચ વાયુરૂપે ગણાય છે. આયુર્વેદની દષ્ટિએ આ વાયુની વિપરીત ગતિ કે પ્રકોપ અયસ્મારનું કારણ છે.

આમ જોઇએ તો અપસ્મારના કારણની સમજ વિશે યૌગિક દષ્ટિકોણ અને આયુર્વેદના દષ્ટિકોણમાં ઘણી સમાનતા છે. આયુર્વેદની કારણમીમાંસા કરતાં યૌગિક કારણમીમાંસા વધુ ગહન છે.

આયુર્વેદમાં પણ વાત, પિત્ત અને અને કફ- આ ત્રણ તત્ત્વોમાં વાત (વાયુ)ને વધુ સૂક્ષ્મ ગણવામાં આવે છે અને બાકીના બંનેની ગતિ વાત વિના અસંભવિત છે તે માનીને વાતને જ ત્રણેમાં વધુ સમર્થ ગણવામાં આવે છે.

આમ આપણી પાસે હવે અપસ્મારની ચાર કારણમીમાંસા છે.

(૧) મનોવૈજ્ઞાનિક અપસ્મારને માનસિક કારણોથી થતો હોય ગણાવે છે.

(૨) આધુનિક ચિકિત્સકો અપસ્મારને મગજ અને મગજના જ્ઞાનતંતુનો રોગ ગણાવે છે.

(૩) યોગ અપસ્મારને પ્રાણની વિષમતામાંથી પ્રગટેલી રોગ ગણાવે છે.

(૩) આયુર્વેદ અપસ્મારને વાતના પ્રકોપમાંથી જન્મેલો રોગ ગણાવે છે.

આ ચારે કારણની સંગતિ બેસાડી શકાય તેમ છે? હા, આ ચારેની સંગત બેસાડી શકાય તેમ છે.

પ્રાણના પ્રવાહોની વિષમતા તે અપસ્મારનું મૂળ કારણ છે. આ યૌગિક સિદ્ધાંતઢ્ઢ છે. પ્રાણના પ્રવાહોની વિષમતા કાંઇ સ્થૂળ સ્વરૂપે વાયુના પ્રકોપરૂપે વ્યક્ત થાય છે.

આ આયુવેદનો સિદ્ધાંત છે અને બંને વચ્ચે કોઇ વિશેષ નથી, પરંતુ સામંજસ્ય છે. પ્રાણના પ્રવાહોની વિષમતા માનસિક અસમતુલા ઉત્પન્ન કરે છે અને તેથી અપસ્મારમાં માનસિક અસમતુલા પણ જોવા મળે છે. આમ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતનું સામંજસ્ય પણ સિદ્ધ થાય છે, વાયુના પ્રકોપને કારણે સમજ અને મગજના જ્ઞાનતંતુઓમાં નબળાઇ અને વિષમતા જન્મે છે. આમ આ ચોથા સિદ્ધાંતનું પણ સામંજસ્ય ફલિત થાય છે.

અપસ્મારની કારણમીમાંસાવ વિશે ભિન્નભિન્ન દષ્ટિકોણથી વિગતવાર વિચારણા કર્યા પછી હવે આપણે અપસ્મારની ચિકિત્સાની યોજના વિચારીએ.

અપસ્મારની કારણમીમાંને ખ્યાલમાં રાખીને અપસ્મારની ચિકિત્સાની યોજના બનાવવી જોઇએ, તે પ્રમાણે અપસ્મારની ચિકિત્સા ચાર સ્થાને થવી જોઇએ.

(૧) પ્રાણના વિસંવાદી (વિષમ) પ્રવાહો સુસંવાદી (સમરૂપ) અને તેવા ઉપાયો યોજવા.

(૨) વાયુનો પ્રકોપ શાંત તેવાં સાધનો પ્રયોજવાં.

(૩) જ્ઞાનતંતુ અને મગજ સ્વસ્થ અને બળવાન બને તેવી ચિકિત્સા કરવી.

(૪) માનસિક સંઘર્ષ, અસમતુલા અને નબળાઇનો ઇલાજ કરવો.

જો આપણે ઉપરોકત ચારે હેતુ સિદ્ધ થાય તેવી ચિકિત્સાની યોજના અને તેનો અમલ કરી શકીએ તો અપસ્મારમાંથી દરદીને મુક્ત કરવાનો માર્ગ હાથ લાગી શકે તેમ છે.

આ ચારે હેતુ સિદ્ધ કરવા માટે આપણે નીચેના ઉપાયો લઇ શકીએ તેમ છીએઃ

(૧) બસ્તિ અને ગણેશક્રિયા
(૨) યોગાસન અને પ્રાણાયામ
(૩) ઔષધિપ્રયોગ
(૪) યૌગિક પરામર્શ.


(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# કહેવાય ઉપરવાળો શોધીએ મંદિરમાં ને રહે...



'ઉપર ભી ખુદા હૈ ,નીચે ભી ખુદા હૈ ... '

ચાલીસ - પચાસના ટોળા વચ્ચે ચંબુપ્રસાદ પોતાની અમૃત શાયરી પીરસતા હતા ને સડક ભક્તો 'વાહ વાહ'ની દાદ આપતા હતા. રસ્તા પરથી પસાર થતો હું પણ આ શાયરીના ભક્તો સાથે જોડાઈ ગયો. શાયરી આગળ વધી :

'ઉપર ભી ખુદા,
નીચે ભી ખુદા હૈ,
દાઈને ભી ખુદા
હૈ... બાયે ભી
ખુદા હૈ....'

'વાહ વાહ ખુદા કી બાત હૈ' મેં પણ દાદ આપી ત્યાં તો ચંબુ શાયરીમાં આગળ સરક્યો ને હું લાઇનમાં.. સાંભળવામાં લીન હતો ત્યાં તો ચંબુએ ખુદાના બીજા બે સ્થળ જાહેર કર્યા :

'ઉપર નીચે, દાયે બાયે તો ખુદાહૈ
મગર દોસ્તો આગે ભી ખુદા હૈ ઓર પીછે ભી ખુદા હૈ ! '

'વાહ વાહ કિતને ખુદા' હું ભયંકર ચમક્યો આ મારું બેટું કેવું, મને થયું અલ્યા ચંબુડા, તું હજી સુધી સરખું મંદિર શોધી શક્યો નથી તું ખુદને હજી ઓળખી શક્યો નથી કયા ખુદા ક્યાં બેઠા છે એનું ભાન નથી, તું મસ્જિદમાં જઈ

ભજન ગાય છે, તું લક્ષ્મી નારાયણના મંદિરમાં હનુમાન ચાલીસાનો પાઠ કરે છે,

દેરાસરમાં તું ચુસ્ત ને પાકા જૈનને પૂછે છે 'અહીં ભાગવત સપ્તાહ ક્યારે બેસાડવાની છે?' એ તો સારું છે કે કોઈ ભગવાન તારા પર ભડક્યા નથી.... ચંબુ, ખુદા વિષે તારું જ્ઞાન તળિયે ગયું છે ને તને ખુદા કઇ દિશામાં છુપાયો

છે એની ક્યા તગારામાંથી ખબર? અલ્યા, ખુદા તારી માસીનો દીકરો છે? તારો સાઢુભાઈ છે? સગો છે? મિત્ર છે? તારો શું છે? અને માન્યું કે કે તારો કોઈ સંબંધ છે તો પણ ખુદાને આમ ઉપર નીચે ડાબે જમણે દોડાવાય?' એને

કીધું એટલે મેં પણ ખુદાને જોવા ટ્રેનના ડબ્બામાં છત પર ફરતા સીલિંગ ફેનની

જેમ મારી ડોકી ગોળ ગોળ ફેરવી છતાં પરિણામ શૂન્ય. પછી મારી ખોપરી છટકી ને જીભ સરકી :

'દેખો ભીડુ, હમને હર ખુદાકે સામને હમારી જીભકા પૂરા છોતરાં નીકલ ગયા ઇતની પ્રાર્થના ઓર ભજનકા ખડકલા કર દિયા ફિર ભી ખુદા નામકા કોઈ બંદા કા કભી કોઈ દર્શન નહીં હુઆ ઔર તુજે ચારોકોર ખુદા કૈસે દિખાઈ દેતા હૈ ..ઉલ્લુ બનાઇન્ગ.. અભી તુમ હમકો યે બતાઓ કી ખુદા કહાં નહીં હૈ?'

'અરે ખુદા તો મલાડ હાઇવે પે નહીં હૈ, કાંદિવલી ચારકોપ, ગોરેગામ લિન્ક રોડ, અંધેરી સે કુર્લા રોડ, કાંદિવલી એસ. વી. રોડ .. કિતના ગીનાઉ ઐસી કહી જગા હૈ જહાં અભિ તક ખુદા નહીં હૈ, લેકિન કામ ચાલુ હૈ'

એના જવાબથી હું ચમક્યો : 'કામ ચાલુ હૈ મતલબ?'

'અભી મતલબ સે તુમકો કયા મતલબ? સુનો તીન ચાર દિનમે ઉધર ભી ખુદાઇ હો જાયેગી અભિ સ્ટાફ થોડા કમ હૈ, લેકિન આપ હમે યે બતાઓ કે આપ હમારે હૈ કોન?'

'અરે મેરા નામ સુભાષ ઠાકર ઔર ..'

'અરે , વો જ ને જો ગુજરાતી અખબારમે લીખતા હૈ'

'નહીં મૈ ઘર પે ટાઈપ કરકે ભેજતા હું વો પેપરમે છપાતા હૈ...દેખો ભીડુ, મૈ સમજા આપ ઉપરવાળે ખુદાકી બાત બોલતે હો ઓર ઉસકી શાયરી કરતે હો'

'નહી જી, હમ તો ઇખઈ મે કામ કરતે હૈ. મૈ સફાઇ કામકા હેડ મિસ્ટર ચંબપ્રસાદ ત્રિવેદી હું ઔર ગટર ઓર ટેલિફોન કે લીયે સડક ખોદને કી બાત સ્ટાફવાલો

કો સમજા રહા હું લેકિન આપ જો ઉપરવાલે ખુદા કી બાત સમજે હૈ તો ઓર એક બાત સમજ લો કી વો ઉપરવાલા ખુદા ઢૂંઢને કે લિયે ખુદ કો અંદરસે ખોદના પડેગા, શાયદ ખુદા મિલ જાયે'

'નહીં મિલા તો' મેં પૂછ્યું .

'અરે યાર અગર ખુદા નહીં મિલા તો જિક્ર કયું? ઓર મિલા તો ફીક્ર કયો?

દોનો સાઇડ રખ્ખો ના. અચ્છા આપ ગુજરાતી જાનતે હો? '

'અરે, મૈ પ્યોર વેજીટેરિયન સો ટકા ગુજરાતી હું...'

'તો ઠાકર બહુ ભગવાન ભગવાન બોલી હેરાન નઇ કરવાના ને યાદ પણ નઇ કરવાના, ને તું યાદ રાખ જે દિવસે તને ભગવાન યાદ કરી એમની પાસે બોલાવી લેશે તો તારી એવી વાટ લાગી જશે કે પછી તારું આખું કુટુંબ આખી જિંદગી વાટ જોશે તોયે તું નઇ મળી શકે. મારી વાત સમજાય છે?'

'અરે ચંબુપ્રસાદ તે જીવતે જીવ મળે એટલે હમણાં રામ મંદિરમાં હાથ જોડી બોલ્યો'તો : 'હે પ્રભુ તને અમારામાં મૂકેલી શ્રધ્ધા અધૂરી લાગતી હોય તો તું અમારામાં થોડી શ્રધ્ધા રાખ પણ ક્યારેક તો મળવાનું રાખ'

'અરે છોડ યાર ઠાકર, પ્રભુને શોધવાના તો લોચમ લોચે જ છે.'

એનું કાયમી કોઈ સરનામું જ નથી એક સોલિડ વાત કઉ : હમણાં કાંદિવલી એસ. વી. રોડ પર ખોદેલ ખાડાની બાજુમાં ત્યાં ફૂટપાથ પર એક વૃદ્ધ ભિખારી ૨૫ વર્ષથી ભીખ માગતા. રામભક્ત. પૂરો ભરોસો રામ પર... અરે રામની રાહ જોવામાં રામનાં ભજન પણ ગાતો, પણ એમ રામ થોડા આવે?

એમાંને એમાં એક દિવસ એના જ રામ રમી ગયા ને રામ પાસે પહોંચી ગયા. પછી એમની લાકડી, જૂના કપડાનું પોટલું, ભિક્ષાપાત્ર, ને જે આસન પર બેસી ભીખ માગતા હતા એ આસન બધુ જ બાળી નાખ્યું, ફેંકી દીધું ..

ત્યાં કોઈ બોલ્યું 'જે જગા પર ભીખ માંગી એ માટી પણ થોડી કાઢી લો.' પણ આ શું?

જેવી જમીન ખોદી તો અંદરથી એક સોનાનો ચરુ ને પ્રભુ રામની મૂર્તિ મળી આવી કોઈ બોલ્યું 'આખી જિંદગી વાટ જોઈ રામના ભજન ગાયા પણ એકવાર જરાક નીચે ખોદ્યું હોત તો ..'

'કઇ સમજાયું? કહેવાય ઉપરવાળો શોધીએ મંદિરમાં ને રહે છે આપણી અંદર જ'

'પછી તો સોનામહોરનો ચરુ કોઈ લઈ ગયું પણ રામની મૂર્તિ મને આપી'

'અરે વાહ તને કેમ?' મેં પૂછ્યું

'કારણ કે એ ભિક્ષુક બીજું કોઈ નઇ પણ મારા બાપુ હતા' ચંબુ રડી પડ્યો ને હું ડઘાઈ ગયો.

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

## ફોકસ

રેખા દેશરાજ

# પેટની સમસ્યાનો અકસીર ઈલાજઃ ઇસબગોલ

ઇસબગોલ અથવા સાઇલિયમ હસ્ક એક પ્રાકૃતિક ઔષધી છે. આ ઔષધી પ્લાંટાગો ઓવાટા નામના છોડના બીજમાંથી પ્રાપ્ત થાય છે. આ બીજના બહારના ભાગને ભૂસી કહેવાય છે. આ ઇસબગોલની ભૂસીનો ઉપયોગ પેટ સંબંધિત વિવિધ સમસ્યામાં કરવામાં આવે છે. આ ભૂસીમાં ફાઇબરનુ પ્રમાણ વધુ હોય છે. ભારતમાં પાચન સંબંધિત સમસ્યાઓ માટે હજારો વર્ષોથી ઇસબગોલનો ઉપયોગ કરવામાં આવે છે. આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સામાં ઇસબગોલ ચમત્કારી જડીબુડી તરીકે ઓળખાય છે. આયુર્વેદ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જરૂરથી હોય છે તથા કબજિયાત, દસ્ત અને પિત્ત જેવી સમસ્યાઓ માટે તેનો ઉપયોગ કરાય છે.

* કબજિયાત, દસ્ત અને પિત્ત જેવી સમસ્યા દૂર કરે છે.
* બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરે છે.
* ખરાબ કોલેસ્ટ્રોલને ઓછો કરી સારા કોલેસ્ટ્રોલને વધારે છે.
* હૃદયના સ્વાસ્થ્ય માટે લાભકારી છે.
* એસિડિટીથી બચાવે છે .
* આંતરડાઓની દીવાલોને મજબૂત કરી ઇરિટેબલ બાઉલ સિન્ડ્રોમનાં લક્ષણોને ઓછા કરે છે.
* પાણી શોષી લઇ મળને નરમ બનાવે છે. જેથી પેટ સાફ થવામાં મદદ મળે છે.

ભારતમાં હજારો વર્ષોથી ઇસબગોલનો ઉપયોગ વિવિધ બીમારીઓના ઉપચારમાં કરવામાં આવે છે. વિદેશોમાં પણ



ઇસબગોલની માગ વધુ છે. તેથી જ રાજસ્થાન, ગુજરાત અને મધ્ય પ્રદેશ જેવાં રાજ્યોમાં મોટા પ્રમાણમાં તેની ખેતી કરવામાં આવે છે. ઇસબગોલની નિકાસ કરનાર ભારત સૌથી મોટો દેશ છે. આયુર્વેદમાં ઇસબગોલના ઘણા ગુણોનો ઉલ્લેખ છે જેમકે તે હલકું અને ઠંડક પ્રદાન કરે છે. પિત્ત, વાત અને કફના અસંતુલનને બરાબર કરે છે. ઝાડા અથવા કે દસ્ત થયા હોય ત્યારે ઇસબગોલ પેટને આરામ આપે છે. અને પાણી શોષી લે છે.બહ બ્લડ શુગર કંટ્રોલમાં રાખવા માટે પણ તે ફાયદાકારક છે.

પેટની બીમારીઓ દૂર કરતી હોવાના કારણે ઇસબગોલની માગ વધુ છે. તેના બીજ અથવા ભૂસીમાં ઔષધીય તેલ હોય છે. તેથી ખેડૂતો માટે તેની ખેતી કરવાનું લાભદાયક હોય છે. પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત અને મધ્ય પ્રદેશના ખેડૂતો મોટા પ્રમાણમાં ઇસબગોલની ખેતી કરતા હોય છે.

એક બીઘા જમીનમાં ઓછામાં ઓછા ચાર કિવન્ટલ ઇસબગોલના બીજનો પાક લઇ શકાય છે. એક ક્વિન્ટલ ઇસબગોલના બજારમાં ૧૦થી ૧૨ હજાર રૂપિયા મળે છે. ઘણીવાર તેના ૨૦-૨૫ હજાર પણ મળે છે.

ખેડૂતોને ઇસબગોલના પાકથી ઘણો લાભ થતો હોય છે. ઇસબગોલના બીજ ઉપર સફેદ ભૂસી હોય છે. તેને જ ઇસબગોલની ભૂસી કહેવામાં આવે છે. તેનો છોડ અંદાજે એક મીટર ઊંચો હોય છે. તેના પાન લાંબા અને પહોળા હોય છે. તેની ડાળીઓ પર ઘઉં જેવા બીજ જોવા મળે છે. જુલાઇથી નવેમ્બર સુધી તેની વાવણી કરવામાં આવે છે.

ઇસબગોલના સામાન્ય રીતે ચાર પ્રકાર હોય છે. પણ દરેક પ્રકારની વિશિષ્ટ ઔષધી લાભ હોય છે, પણ મોટા ભાગે દરેકનો ઉપયોગ પેટની બીમારીઓ માટે જ કરવામાં આવે છે. ઇસબગોલનો છોડ ચારથી પાંચ દિવસમાં ઊગે છે, જયારે તેનો પાક ૧૧૦થી ૧૧૫ દિવસમાં થાય છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# વસંતપંચમીના પર્વમાં ખાસ ખવાય છે કેસરીયા ‘માલપુઆ’

તારીખ ૨ જી ફેબ્રુઆરીના રોજ ‘વસંતપંચમી’નું પર્વ છે. દેવોને મનપસંદ ઋતુ કઈ? એવો પ્રશ્ન કોઈ આપને કરે તો ઝટપટ જવાબ આપજો ‘વસંત ઋતુ’ હાલમાં પાનખરની મોસમ ચાલી રહી છે. આપ વહેલી સવારે ચાલવા જતાં હશો તો વૃક્ષો પોતાનાં જૂનાં પાન તથા છાલને બદલે છે. જૂની ત્વચા કાઢીને નવા રૂપરંગ સજે છે. નવા કૂણા પર્ણ ફૂટવા લાગે છે. વસંતપંચમીના શુભ દિવસથી વૃક્ષોની શોભા નયનરમ્ય બની જતી હોય છે. વસંતપંચમીનું પર્વ વ્યક્તિમાં ઉત્સાહ-ઉમંગ વધારે છે. મા સરસ્વતીની ભાવથી પૂજા-અર્ચના કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુની ખાસ પૂજા કરવામાં આવતી હોય છે. વસંતઋતુના આગમનની સાથે વ્યક્તિ પ્રસન્નતા અનુભવવા લાગે છે. વસંત પંચમીનો તહેવાર જ્ઞાન-બુદ્ધિ તથા કલાની દેવી મા સરસ્વતીની પૂજા અર્ચના સાથે શરૂ થતો હોય છે. આ દિવસે પીળા વસ્ત્રો પહેરવાનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. વળી મા સરસ્વતીને તેમજ ભગવાન વિષ્ણુને પીળા રંગનો ભોગ ધરાવવામાં આવે છે. એવી માન્યતા છે કે પીળો રંગ ઉત્સાહ-ઉમંગને વધારે છે. ખાસ પીળી વાનગીઓનું લિસ્ટ ઘરે ઘરે બનતું હોય છે. કોઈ કેસર-પાઈનેપલના સ્વાદ ધરાવતો રવાનો શીરો બનાવે છે. પંજાબમાં કેસરીયો ગોળવાળો પુલાવ બનાવવામાં આવે છે. કેસરીયા બુંદીના લાડુ બનતાં હોય છે. તો વળી અનેક લોકો કુદરતી પીળો રંગ ધરાવતાં કોળાનું શાક બનાવવાનો આગ્રહ રાખે છે. કેસરને દૂધમાં પલાળીને માલપુઆ તૈયાર કરવામાં આવે છે. તો વળી ક્યાંક ઝટપટ કેસરનો ઉપયોગ કરીને ખીર બનાવવામાં આવે છે.

ઠંડીની મોસમમાં ઘી-દૂધ-ખાંડ-માખણ-ગોળ જેવી વસ્તુનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. ભારતમાં પ્રાંત બદલાતા મીઠાઈની વિવિધતા જોવા મળે છે. માલપુઆ એક એવી મીઠાઈ છે જે સ્વાદમાં ઉત્તમ છે. તેને ઘીમાં કે તેલમાં તળવામાં આવતી હોય છે. ત્યારબાદ તેની ઉપર રબડી સૂકોમેવો વગેરેથી સજાવીને ખાવાની મજા જ કાંઈ હટકે હોય છે. સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ લોકો માલપુઆને થોડા જ ઘીમાં સાંતળીને બનાવવાનું પસંદ કરે છે. તો મેંદાને બદલે ઘઉંના લોટનો ઉપયોગ કરવામાં આવે છે. વળી તેનો સ્વાદ જાળવવા ખાંડને બદલે ગોળ-કેળાંનો ઉપયોગ કરવામાં આવે છે. હાલમાં તો માલપુઆને શેકીને ખાવાની સલાહ નિષ્ણાત આહારતજજ્ઞ દ્વારા આપવામાં આવે છે. તેમનું કહેવું છે કે માલપુઆને શેકીને ખાવાથી સ્વાદ-સેહત બંને જાળવી શકાય છે. નાના ગોળ ૪ માલપુઆમાં ૧૦૦ ગ્રામ ઘઉંનો લોટ, ૪૦ ગ્રામ ગોળ, ૨૦ ગ્રામ તેલ, ૧ નંગ કેળું લેવાથી તેની ન્યુટ્રિશનલ વેલ્યૂ ઓછી થાય છે. એનર્જી કે કેલરીઝની વાત કરીએ તો ૪ નંગ માલપુઆમાં ૭૮૦ કેલરીઝ, પ્રોટીન ૧૩.૪૬ ગ્રામ, ફેટની માત્રા ૨૨.૦૪, પોટેશિયમ-૮૮ સમાયેલું હોય છે. વય કોઈપણ હોય પ્રત્યેક વ્યક્તિને માલપુઆ ખાવાથી આનંદ મળે છે.



## માલપુઆ વિશે અવનવું

નાના અમથાં માલપુઆનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળે છે. એવું કહેવાય છે કે ચારવેદમાં ઋગ્વેદ સૌથી પ્રાચીન છે. સૌથી પહેલાં માલપુઆને ‘અપુપા’ તરીકે ઓળખવામાં આવતાં. શરૂઆતમાં માલપુઆ બનાવવા માટે જવના લોટનો ઉપયોગ કરવામાં આવતો. અસલ માલપુઆ બનાવવા માટે તેના લોટને ૬-૭ કલાક પલાળીને ઘીમાં નાના નાના માલપુઆ બનાવીને તળવામાં આવતાં. ત્યારબાદ તેને મધમાં પલાળવામાં આવતાં. ઋગ્વેદમાં ભોજન માનવી માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતું તે લખાયું છે. ભોજન બનાવવાની શુદ્ધતા તેમજ ભોજન પીરસવાની તેમજ તેને ગ્રહણ કરવાની ખાસ પદ્ધત્તિ જોવા મળતી. થાળીમાં ભોજન પીરસાય ત્યારબાદ કઈ વાનગી કયા નંબરે ખવાય તેનું આખું શાસ્ત્ર જોવા મળે છે. સમયના બદલાવની સાથે માલપુઆની રીતમાં બદલાવ જોવા મળ્યો. તે બનાવવા માટે ઘઉંનો લોટ, દૂધ, માખણ, ખાંડ, ઈલાયચી, વગેરે વસ્તુનો ઉપયોગ થવા લાગ્યો. બીજી શતાબ્દીમાં તેને બીજા નામથી ઓળખવામાં આવ્યા. ‘પુપાલિકે’. ‘પુપાલિકે’નો અર્થ થાય છે ઘઉં કે ચોખાના લોટની નાની કેક. જેમાં ગોળ ભરીને ઘીમાં તળવામાં આવતું. કેટલાંક સ્થળોમાં તેને ‘ભરવાં અપુપા’ તરીકે ઓળખવામાં આવે છે. માલપુઆ ભારત સિવાય બાંગ્લાદેશ, નેપાળ, પાકિસ્તાન વગેરે દેશોમાં શોખથી ખાવામાં આવે છે. બાંગ્લાદેશમાં માલપુઆ બનાવવા માટે ફળના માવાનો ઉપયોગ લોટમાં કરવામાં આવે છે. જ્યારે પાકિસ્તાનમાં ઈંડાનો ઉપયોગ લોટમાં કરવામાં આવે છે.

નેપાળમાં ‘મારપા’ તરીકે માલપુઆ ઓળખાય છે. જેમાં મેંદાની અંદર કેળાં, દૂધ, વરિયાળી તથા ખાંડનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતના જગન્નાથ મંદિરના પ્રસાદમાં માલપુઆ ખાસ વહેંચવામાં આવે છે. ભગવાન જગન્નાથજીને મંગલા આરતી બાદ ચઢાવવામાં આવતાં પ્રથમ ભોગમાં માલપુઆ અચૂક જોવા મળે છે. છપ્પનભોગમાં માલપુઆની હાજરી અચૂક જોવા મળે છે. સંધ્યા સમયે અન્ય સામગ્રીના ભોગની સાથે માલપુઆનો ભોગ અચૂક હોય છે. કેળાને બદલે અનાનસનો માવો ભેળવીને માલપુઆ હવે તૈયાર કરવામાં આવે છે.

## રાજસ્થાની જાળીદાર -ગોળના - માલપુઆ

**સામગ્રી :** દોઢ કપ પાણી, પોણો કપ ગોળ, દોઢ કપ ઘઉંનો લોટ, ૮-૧૦ નંગ કેસરના તાંતણા દૂધમાં પલાળેલાં, ૧ ચમચી એલચી પાઉડર, ૨ ચમચી બદામ-પિસ્તાની કતરણ, ૪-૫ નંગ મરી, અડધી વાટકી ઘી લેવું.



**બનાવવાની રીત :** એક કડાઈમાં દોઢ કપ પાણી ગરમ કરવું. પાણી ગરમ થાય ત્યાર બાદ તેમાં પોણો કપ ગોળ ઉમેરી દેવો. ગોળ ઓગળી જાય ત્યારબાદ તે મિશ્રણને ઠંડું કરવું. દોઢ કપ લોટ લેવો. તેમાં વરિયાળી પાઉડર, એલચી પાઉડર ભેળવવો. મરી ભેળવવાં. લોટમાં ગોળનું મિશ્રણ ધીમે ધીમે ભેળવીને બરાબર હલાવવું. ૧ કલાક મિશ્રણને ઢાંકીને રાખવું. બરાબર હલાવી લેવું. આ મિશ્રણમાં પલાળેળી કેસરને ઉમેરી દેવી. ૧ ચમચી દૂધ ભેળવીને મિશ્રણ બરાબર હલાવવું. ૧ ચમચી ગરમ ઘી ઉમેરવું. નૉનસ્ટીક પહોળી કડાઈમાં અથવા જલેબી બનાવવા માટે વપરાતી કડાઈમાં ૧ ચમચી ઘી પાથરીને ગરમ કરવું. ત્યારબાદ તેમાં માલપુઆનું મિશ્રણ નાના ચમચાથી ગોળ પાથરવું. મધ્યમ આંચ ઉપર તેને સાંતળવાં. બંને બાજુ ઊલટ-પુલટ કરીને પકાવી લેવાં. એક પ્લેટમાં ગોઠવવાં. તેની ઉપર બદામ-પિસ્તાની કતરણ, કેસરનાં તાંતણા ગોઠવવાં. ઓછા ઘીમાં તથા ગોળના બન્યા હોવાથી આ માલપુઆ સ્વાસ્થ્ય માટે ગુણકારી તથા સ્વાદમાં ઉત્તમ લાગે છે.

## માલપુઆના સ્વાસ્થ્યવર્ધક ગુણો

- માલપુઆના મિશ્રણને પલાળવા માટે ગોળનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેને કારણે વ્યક્તિના શરીરમાં હિમોગ્લોબિનની માત્રા જળાવઈ રહે છે. હિમોગ્લોબીન શરીરમાં અપૂરતું હોય તો શરીરમાં નબળાઈ લાગે છે. થોડું કામ કરવાથી થાક લાગી જતો હોય છે. શરીરમાં હિમોગ્લોબીનની માત્રા જળવાઈ રહે તે માટે આહારમાં નિયમિત ગોળનો ઉપયોગ કરવો જરૂરી છે.
- ગોળમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ છે. જે શિયાળામાં જોવા મળતી સમસ્યા જેવી કે શરદી-ખાંસીથી બચવામાં મદદ કરે છે.
- ગોળનો આહારમાં ઉપયોગ શરીરને બીમારીથી તેમજ જીવાણુનાં ચેપથી બચાવવામાં મદદ કરે છે.
- બજારમાં મળતાં માલપુઆમાં કે પ્રસંગોમાં બનતા માલપુઆમાં મેંદાનો ઉપયોગ થતો હોય છે. જ્યારે ઘરમાં બનાવવામાં આવતાં માલપુઆ ઘઉંના લોટથી તૈયાર કરવા જોઈએ. જેથી ઘઉંમાં રહેલાં ફાઈબર સ્વાસ્થ્યને તંદુરસ્ત બનાવવામાં મદદ કરે. ફાઈબરને કારણે હાડકાં મજબૂત બને છે. શરીરને સપ્રમાણ રાખવામાં મદદ મળે છે. ફાઈબરયુક્ત ભોજન લેવાથી લાંબા સમય સુધી વ્યક્તિનું પેટ ભરાયેલું રહે છે.
- હાલમાં તો અનેક નિષ્ણાત શેફ કે ગૃહિણી મેંદો-ઘઉંને બદલે રાગી, બાજરા, જુવાર, રાજગરા કે કુટ્ટુના લોટમાંથી માલપુઆ બનાવીને ખાવાનો આગ્રહ રાખે છે. તેમનું કહેવું છે કે ઉપરોક્ત ધાન્યનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો છે. જેથી ડાયાબિટીસ ધરાવતાં લોકો માલપુઆનો સ્વાદ માણી શકે છે.
- ઉપરોક્ત ધાન્યનો ઉપયોગ કરવાથી તેના લોટમાં કેલ્શિયમ, આયર્ન, મૅગ્નેશિયમ, પોટેશિયમ જેવા પોષક તત્ત્વો સમાયેલાં છે. જેથી માલપુઆ સ્વાદની સાથે વધુ પૌષ્ટિક બનશે.
- ડાયેટરી ફાઈબરની માત્રા ભરપૂર હોવાને કારણે પાચનમાં સહાયતા મળે છે. કબજિયાતથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. પાચનતંત્રને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે.
- વળી ઉપર બતાવેલ ધાન્ય પ્રાકૃતિક રીતે ગ્લૂટેન ફ્રી હોય છે. તેથી ઘઉં કે મેંદાને બદલે રાગી-જુવારના લોટના માલપુઆ બનાવવામાં આવે તો સીલિએક રોગ ધરાવતી વ્યક્તિ તેમજ ગ્લૂટેનની એલર્જી હોય તેવી વ્યક્તિ સરળતાથી ખાઈ શકે છે.
- રાગીમાં ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે જેનો અર્થ એવો થાય છે કે લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધારતો નથી. તેથી ડાયાબિટીસની વ્યાધિ ધરાવતાં લોકો તેને સરળતાથી ખાઈ શકે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# પ્રોસ્ટેટની પળોજણ

માનવ શરીરનું એક મહત્ત્વનું અંગ કિડની છે. આપણા શરીરની આમ તો એ એક જડબેસલાક ફિલ્ટર સિસ્ટમ છે. લોહીમાં રહેલી અશુદ્ધિ અને ઝેરી તત્ત્વો એ પેશાબ દ્વારા શરીરની બહાર કાઢે છે, પણ કિડનીમાં કોઈ પણ કારણસર કંઈ પણ ગરબડ થાય તો અનેક શારીરિક સમસ્યા ઊભી થઈ શકે. આમાંની પુરુષોને પજવતી એક સમસ્યા છે પ્રોસ્ટેટની..

પ્રોસ્ટેટ તે અખરોટ આકારની મૂત્રાશય (Urinary Blader)ની નીચે આવેલી એક ગ્રંથી છે. જેમ જેમ પુરુષની ઉંમર વધતી જાય તેમ પ્રોસ્ટેટની સાઈઝ વધતી જાય. જ્યારે એ વધુપડતી વધે ત્યારે એને પ્રોસ્ટેટનો સોજો કહે છે (Enlarged Prostate).

**પ્રોસ્ટેટનાં લક્ષણઃ**

પેશાબ કરવામાં તકલીફ પડવી.

ખાસ કરીને રાત્રે વાંરવાર પેશાબ કરવા જવું પડે.

પેશાબ કરતી વખતે શરૂઆતમાં તકલીફ થવી.

પેશાબ બળ કરવાથી જ ઊતરે તેમ જ કટકે કટકે અટકીને આવે.


સંપૂર્ણ મૂત્રાશય ખાલી ન થવું તથા પેશાબનાં ટીપાં વારંવાર પડવાં.

કોઈક વાર તાવ આવી જવો.

પેશાબ કરી આવ્યા બાદ પણ પેશાબ જવાની ઇચ્છા રહે.

**પ્રોસ્ટેટ થવાનાં કારણઃ**

પચાસ વર્ષથી વધુ ઉંમરના પુરુષોમાં પ્રોસ્ટેટનો સોજો થવાની સંભાવના




વધારે હોય છે.

ડાયાબિટીસ, હૃદયરોગ અને જાડાપણાને લીધે આ રોગ થવાની સંભાવના વધી જાય છે.

આ રોગ વારસાગત પણ થઈ શકે છે.

બેઠાડું જીવનશૈલીને કારણે પણ આ સમસ્યા થઈ શકે..

**પ્રોસ્ટેટના ઉપચારઃ**

સવાર-બપોર-સાંજ અને રાત્રે એક ચમચી ગોખરુનું ચૂર્ણ ફાકીને પાણી પીવું. આ ઉપચારથી સરેરાશ ૧૫ દિવસમાં રાહત થઈ શકે છે.

રોજ કોઈ પણ રીતે ટામેટાનું સેવન કરવું. ટમેટાની અંદર લાયકોપીન (Ly$copin) હોવાથી તે પ્રોસ્ટેટનો સોજો ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.

રોજ એક મૂઠી તરબૂતનાં બી ખૂબ જ ચાવીને જમવા અથવા તે બીનો પાઉડર મધ સાથે લેવો

મકાઈના રેસાને પાણીમાં ગરમ કરીને ગાળીને સવાર-સાંજ પીવું.

## સાવધાની

પ્રોસ્ટેટનાં લક્ષણો જો વધુ પ્રમાણમાં જણાય કે તેની સાથે તાવ આવે, તો તરત જ ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી

મૂત્ર સંબંધી રોગની તમામ સાવધાની પાળવી.

મૂત્ર જવાનો સંકેત ન આવે, તોપણ મૂત્ર જવાની ટેવ પાડો. કેમ કે, પ્રોસ્ટેટના દર્દીઓને ઘણી વાર મૂત્ર જવાનો સંકેત પણ આવતો નથી.

પ્રોસ્ટેટના દર્દીઓએ ઠંડા વાતાવરણમાં ન રહેવું.

એક જગ્યાએ વધારે ન બેસવું, કેમ કે તેનાથી પ્રોસ્ટેટ પર વધુ દબાણ આવે છે.

# કમળાનો પ્રકોપ

આયુર્વેદની દૃષ્ટિએ કમળો એ પિત્તદોષની વિકૃતિ છે. સામાન્ય રીતે લિવર જ બિલિરૂબિન (એક પ્રકારનું પિત્ત) ને લોહીમાંથી મળ કે પેશાબ દ્વારે બહાર કાઢી નાખે છે, પરંતુ કમળા દરમિયાન બિલિરૂબિન લોહીની અંદર જ રહે છે, તેથી ચામડીનો રંગ પીળાશવાળો થઇ જાય છે.

**કમળાનાં શું લક્ષણ હોય છે ?**

આંખો તથા શરીરના ચામડીનો રંગ પીળાશ પડતો થવો, જમ્યા પછી ઊલટી-ઉબકા થવા, પેટમાં દુઃખાવો થવો, પેશાબ ઘાટો પીળો થવો અને ઝાડો આછા સફેદ રંગનો થવો, અશક્તિ-કમજોરી રહેવી, તાવ આવવો, શરીર તૂટવું તથા શરીર પર ખંજવાળ આવવી.

**કમળો થવાનાં કારણ**

* હિપેટાઇટીસ A-B-C-D- અથવા E વાઇરસના ચેપથી એ થાય છે.
* દારૂના વ્યસનથી, યકૃત પર સોજો આવવાથી.
* પિત્તાશયની પથરી થવાથી અથવા પિત્તવર્ધક આહાર-વિહારથી.

કમળામાં આહાર :

* શરૂઆતમાં હલકો ખોરાક લેવો. તેમાં પણ શક્ય હોય તેટલાં પ્રવાહી ખોરાક વધુ લેવાં. જેથી આંતરડાને આરામ મળે.
* મેંદાની વાનગીઓ, ગળ્યા તથા તેલ-ઘી યુક્ત પદાર્થોનો સદંતર ત્યાગ રાખવો.
* ફ્રૂટજ્યૂસ (ગાજર, બીટ વગેરે), મગનું ઓસામણ, સૂપ, નાળિયેરનું પાણી વગેરે લઇ શકાય. વધુ પ્રમાણમાં લીલા શાકભાજી અને તાંદળજાની ભાજી આહારમાં લેવી. જેથી લોહી શુદ્ધ થાય.
* રોજ સવારે થોડું મીઠું અને મરી નાખીને ૧ કપ ટમેટાનો જ્યૂસ પીવો.
* શેકેલા દાળિયા રોજ ગોળ સાથે કે એકલા જમવા.
* દહીં અને છાશ લઇ શકાય, પરંતુ દૂધનો બને ત્યાં સુધી ત્યાગ રાખવો.
* તાવમાંથી રાહત થયા બાદ ધીરે-ધીરે દહીં-ભાત જેવો હળવો ખોરાક લેવાનું શરૂ કરવું.

**કમળાના ઉપચાર :**

સૂર્યોદય પહેલાં પાકેલાં ૨ કેળાં ૨ ચમચી મધ સાથે લેવાથી કમળામાં ખૂબ જ રાહત થાય છે, શેરડીને ઝાકળમાં રાખી સવારે તેને ચૂસીને ખાવી, રોજ સવારે લીંબુની ચીર ઉપર ખાવાનો સોડા નાખીને ચૂસવી, આદુનો રસ ને ગોળ ભેગા કરીને ખાવા, મધ સાથે ગાજરનો રસ પીવો, સૂંઠ અને ગોળ ભેગા કરીને ખાવાથી કમળામાં રાહત થાય છે, ૧૦૦થી ૨૦૦ ગ્રામ દહીંમાં ૨થી ૪ ગ્રામ પાપડખાર મેળવીને વહેલી સવારે નરણે કોઠે લેવાથી ૩ દિવસમાં કમળામાં રાહત થાય છે, અડધો કપ તાંદળજાની ભાજીના રસમાં ૧ ચમચી સાકર નાખીને સવાર-સાંજ પીવો, ૫૦ ગ્રામ દહીંમાં ૫ ગ્રામ હળદરનું ચૂર્ણ મેળવીને ખાવું. સવારમાં નરણે કોઠે ૨ ચમચી મધ તથા લીમડાના પાનનો રસ પીવો, દોઢ ગ્રામ સાજીખારની ભૂકકી, ૧૦ ગ્રામ ગોળમાં મેળવીને રોજ સવાર - સાંજ ખાવી, ૫-૭ પીપળાના પાનને વાટીને રસ કાઢીને તેમાં ૧ગ્લાસ પાણી અને સાકર ઉમેરી સવાર-સાંજ પીવું.

## સાવધાની

દર્દીએ ખાસ સંપૂર્ણ આરામ કરવો. ભૂલેય કોઇ પણ શારીરિક કે માનસિક શ્રમ કરવો નહીં. થોડો ઘણો શ્રમ કરવાથી પણ દવાની કાંઇ અસર થતી નથી.■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ફૂડ પોઈઝનિંગનો કેર



આધુનિક જીવનશૈલી એટલે વ્યસ્ત જીવન જીવવું. સમાજ આધુનિક થાય ત્યારે સમાજની મૂળભૂતતા બદલાઈ જાય. આર્થિક ઉપાર્જન માટે સતત દોડધામ કરવી, તેથી બજાર આધારિત અર્થ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. ચારે તરફ આપણે ગ્રાફિક ડિઝાઈનમાં બંધાઈ ગયા. આધુનિક ટેક્નિક એ ઉન્નત સંચાર પ્રાદ્યોગિક ઉપકરણોથી ઊભરાઈ છે. મોબાઈલ અને સોશિયલ મીડિયાએ જીવનશૈલી પર મોટો પ્રભાવ પાડયો છે. પારંપારિક શૈલીથી આપણે હટી ગયા, દૃષ્ટિકોણ બદલાઈ ગયો. જીવનશૈલી, સૌંદર્યશાસ્ત્ર (દેખાવ) આધારિત થઈ ગઈ છે. પારંપારિક વિચારધારા બદલાઈ ગઈ. વિભિન્ન પરિસ્થિતિઓની અનુરૂપ સ્વયંને ઢાળવાની કલાને આધુનિકતા કહેવાય. અથવા એમ કહીએ કે જે વર્તમાન સમયમાં પ્રચલિત છે તે આધુનિકતા સંચાર માધ્યમના ઉપકરણો અતિરેકના કારણે આર્થિક ઉપાર્જનની વધુ જરૂર પડી છે. લોકો ઉપાર્જન માટે વધુ સમય બહાર વીતાવે છે. રેડીમેડ ખાદ્યપદાર્થ પર આધાર રાખવો પડે છે અથવા તો એમ કહીએ કે બાહ્ય ખાદ્યપદાર્થનું આકર્ષણ લોકો પર વધુ જણાય છે. સ્વાદ, પેકેજિંગને કારણે બાહ્ય ઉપાર્જન માટે ન જતાં લોકો પણ રેડીમેડ ખાદ્યપદાર્થનો ઉપયોગ કરવા લાગ્યા. બહારના રેડીમેડ ખાદ્યપદાર્થને ટકાવવા, સ્વાદ વધારવા, દેખાવ સુંદર કરવા માટે અગણિત કેમિકલો, પ્રિઝર્વવેટિવનો સહારો લેવો પડે છે. તેમજ સસ્તા તેલો જે ખાવા યોગ્ય નથી. તેમાંથી બનતા ખોરાક પોષકતત્ત્વોની કમીવાળા પદાર્થને કારણે ફૂડ પોઇઝનિંગની સમસ્યા હાલમાં વધુ દેખાય છે. ઊલટી, ઝાડા, ગેસ, અપચો, મરોડ પડવા, એસિડીટી વધી જવી, માથું ભારે થવું, પેટમાં સસત દુઃખવું, ઝાડાનો રંગ લીલો થવો, વગેરે.

ફૂડ પોઈઝનિંગ હૉટલના ખાદ્યપદાર્થ, લગ્ન સમારંભના ખાદ્યપદાર્થ, રેકડી પર પર બનતા પદાર્થ, એકસપાયરીવાળા પદાર્થ, વારંવાર ગરમ કરેલા કે તળેલા પદાર્થ, પેકેટ ફૂડ, વાસી બેકરીના પ્રોડક્ટસ, લાંબા સમય પહેલાની બનેલી મીઠાઈઓ, અડધી રાંધેલી દાળ (જે સ્ટમક પચાવી શકતું નથી) અથવા સોડા કે ઈનો નાખેલી વાનગીઓ. પાચન માટે મળતી દવાઓ કે બીજી અન્ય દવાઓ. કેમિકલવાળા ઠંડા પીણા, વધુ સમય ફ્રિજમાં રાખેલી ખાદ્ય વસ્તુઓ, અજાણ્યા ફળોના સેવનથી, માંસાહાર કે ઈંડાની વાનગીઓને કારણે ફૂડ પોઈઝનિંગ થાય છે.

ફૂડ પોઈઝનિંગ શરીરમાં વિષેલા પદાર્થ વધી જાય છે. પેટમાં એસિડની માત્ર વધી જાય. મોટા આંતરડા ખાવાનું અવશોષણ ન થાય ત્યારે પ્રેશર વધી જતા ઝાડા થવા, ઘણીવાર પ્રેશર લો થતા ચક્કર આવવા લાગે, ઊલટી વધુ થવા લાગે જેવા લક્ષણો દેખાય ત્યારે જણાય કે ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. આવા સમયે પહેલા ઠંડા પાણીનો નેપકીન પેટ અને માથા પર રાખી દેવો જેથી શરીરમાં એસિડીટી ઓછી થવા લાગે. ઊલટીઓ કે ઝાડાને રોકવા નહી કે દવાઓ લઈને પણ રોકવા નહી. ઊલટી, ઝાડા દરમિયાન કાંઈ પણ ખાવું નહીં. પાણીના નેપકીનથી ઘણી રાહત થઈ જાય છે. આરામ કરવો. ચારથી પાંચ કલાક બાદ સૌપ્રથમ જવનું પાણી લેવું જેના કારણે વિષ નાબૂદ થઈ જાય.

જવ (બાર્લી): આ ઉત્તમ ઝેરનાશક છે. ફૂડ પોઈઝનિંગમાં અદ્ભુત કામ કરે છે. એન્ટી ઈન્ફલમેશન, એન્ટી ઓક્સિડેન્ટ, એન્ટી કેન્સર, એન્ટિ હાયપોસીયા, એન્ટિ ફંગલ, તાંબા, ફોસ્ફરસ, પોટેશિયમ, મેગ્નેશિયમ જેવી ઉચ્ચ ગુણવત્તાની પ્રોપર્ટી ભરપૂર છે. પેશાબ વધારનાર છે તેથી શરીરમાં વિષાક્ત દ્રવ્યોને જલદી બહાર ફેંકી દે છે. બીજા ઘણાંય તત્ત્વો આની અંદર હાજર છે. ઝેરી અસર દવાથી કે ખાવાથી થાય ત્યારે આનું પાણી કે બાફીને ખાવું અતિ લાભદાયક છે. ગ્રીન કલરના ઝાડા થયા હોય ત્યારે પણ આ લઈ શકાય.

એલોવીરાઃ આનાથી કોઈ અજાણ નથી. ફૂડ પોઈઝનિંગની અસર દૂર કરે છે. એકથી બે ચમચી જેટલી તાજી ઝેલ ખાઈ લેવી.

અળસીઃ આજકાલ મુખવાસમાં વધારે ખવાય છે. ફૂડ પોઈઝનિંગ, બીજા અન્ય ઝેર કાઢવા માટે અતિ સક્ષમ છે. આના બીજનો કાઢી બનાવી લેવાથી ઝેર નાબૂદ થાય છે.

સરગવાના પાનઃ હાલના સમયમાં આની વપરાશ માત્રા વધી ગઈ છે. સરગવાના પાનનો કાઢો કે રસ લેવાથી ફૂડ પોઈઝનિંગમાં રાહત મળે છે. આની મેડિકલ પ્રોપર્ટી ખાસ છે. તેથી સરગવાની શીંગનો સુપ કે ઉકાળો લઈ શકાય.

તાંદળજો ભાજીઃ ફૂડ પોઈઝનિંગ વધુ થયું હોય, ઊલટી, લીલા રંગના ઝાડા, માથું ભારે થવું, તાવ આવવો જેવી સાથે સમસ્યા થઈ હોય ત્યારે પાણી પટ્ટી રાખી બેથી ત્રણ કલાક પછી ભાજી રસ લેવાથી ઝેર સદંતર નાબૂદ થાય છે. આનો સુપ પણ લઈ શકાય.

દાડમઃ ઉચ્ચ એન્ટિ ઈન્ફલમેટરી અને એન્ટિ ઓક્સિડેન્ટ હોવાથી ઝેર નાબૂદ કરવાની સાથે એસિડીટીને જડમૂળથી કાઢી નાખવાની ક્ષમતા ધરાવે છે. ઊલટી બંધ થયા પછી આનો રસ બે ત્રણ દિવસ લેવાથી ઝેર નાબૂદ થઈ જાય છે. ઝાડા પણ બંધ થાય છે.

કેળાદાંડાનો રસઃ પોટેશિયમની ઉચ્ચ માત્રાને કારણે ત્વરિત ઝેર નાબૂદ કરે છે. હૃદયનું સ્વાસ્થય સુધારે છે. કીડનીના કામને વેગ આપે છે. જેથી ઝેર જલદી નાબૂદ થાય છે. કીડનીના સ્ટોનને અતિશીઘ્રતાથી ઓગાળી નાખે છે.

કોઈપણ પ્રકારના ઝેર નાબૂદ માટે ઉપવાસ એ સૌથી મોટામાં મોટો રામબાણ ઈલાજ છે. ઝેર ચડયા પછી તરત જ ખાવાપીવું બંધ કરી દેવું. ફક્ત પેટ પર ઠંડા (બરફવાળા) પાણીનો નેપકીન બેથી ત્રણ વખત રાખવો જેથી પેશાબનું પ્રમાણ વધી જાય અને ઝેર નાબૂદ થાય છે. ઠંડા પાણીનો નેપકીન વધુ વખત પણ રાખી શકાય. એક દિવસનો ઉપવાસ અવશ્ય કરવો પછી બીજા દિવસે દાડમનો રસ, જવનું પાણી, તાંદળજો ભાજીનો સુપ લેવા જોઈએ.

ફૂડ પોઈઝનિંગ એક આમ સમસ્યા બની ગઈ છે. લોકો બહારના ખાદ્યપદાર્થ છોડતાં નથી. આનાથી બચવા માટે લોકોએ પ્રાકૃતિક માર્ગ અપનાવવો જ પડશે અથવા સચેત રહીને બહારના ખાદ્યપદાર્થ વાપરો. ધીરજથી ઈલાજ કરવા, હાયતોબા ન કરવી. આ સમસ્યા જો વધુ પ્રમાણ થઈ હોય તો જ દવાનો સહારો લો. ■

# કાંદિવલીની સ્કૂલમાં બૉમ્બ મુકાયાના ઈ-મેઈલથી ગભરાટ

મુંબઈઃ કાંદિવલી પશ્ચિમમાં આવેલી જાણીતી સ્કૂલ ઍન્ડ જુનિયર કૉલેજના કેમ્પસમાં બૉમ્બ મુકાયાના ઈ-મેઈલથી ગભરાટ ફેલાયો હતો. જોકે સઘન તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ ન લાગતાં બૉમ્બની વાત અફવા સાબિત થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ સોમવારે શાળાના સત્તાવાળાઓને એક મેઈલ આવ્યો હતો, જેમાં અફઝલ ગૅન્ગ તરફથી આ મેઈલ મોકલાયાનો દાવો કરાયો હતો. શાળા પરિસરમાં બૉમ્બ મુકાયાનું મેઈલમાં જણાવાયું હતું.

માહિતી મળતાં જ બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) અને ડૉગ સ્ક્વોડ સાથે પોલીસ કાંદિવલી એજ્યુકેશન સોસાયટી (કેઈએસ) સ્કૂલ ઍન્ડ જુનિયર કૉલેજ પહોંચી ગઈ હતી. કલાકો સુધી શાળામાં તપાસ કરવામાં આવી હતી. જોકે કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતાં બૉમ્બનો મેઈલ અફવા સાબિત થઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ આવી જ ઘટના ૨૩ જાન્યુઆરીએ જોગેશ્વરી-ઓશિવરા પરિસરની એક શાળામાં બની હતી. એ શાળાને પણ અફઝલ ગૅન્ગના નામે મેઈલ આવ્યો હતો, જેમાં બૉમ્બ મુકાયાની વાત હતી. જોકે એ શાળામાંથી પણ પોલીસને કંઈ મળ્યું નહોતું. (પીટીઆઈ) ■

# કોસ્ટલ રોડના નવા પુલના લોકાર્પણ પછીના દિવસે ૩૭,૨૨૨ વાહનોએ કર્યો તેનો ઉપયોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ અને વરલી-બાન્દ્રા સી લિંકને જોડનારા ઉત્તર તરફના પુલને રવિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સોમવારથી કોસ્ટલ રોડ સવારના સાત વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધી વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, જેનાથી બાન્દ્રા અને મરીન ડ્રાઈવ વચ્ચે મુસાફરીનો બંને તરફના સમયની બચત થશે. સોમવારે પહેલા દિવસે જ બંને દિશામાં કુલ ૩૭,૨૨૨ વાહનોએ પ્રવાસ કર્યો હતો.

કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (દક્ષિણ) નરિમન પોઈન્ટથી ઉત્તર તરફ જતા સમયે વરલી-બાન્દ્રા સી લિંકને જોડનારા પુલનું લોકાર્પણ મુખ્ય પ્રધાનના હસ્તે રવિવારે કરવામાં આવ્યું હતું. એ સાથે જ વરલી, પ્રભાદેવી, લોઅર પરેલ, લોટ્સ જંકશન પાસે રહેલા ત્રણ ઈન્ટરલોક રોડનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કોસ્ટલ રોડ પ્રોજેક્ટના ઉત્તર તરફના પૂલ અને અન્ય ત્રણ ઈન્ટરલોકનું લોકાર્પણ કરવામાં આવ્યા બાદ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે કોસ્ટલ રોડનું ૯૪ ટકા કામ પૂરું થઈ ગયું છે અને હવે ફક્ત એક ઈન્ટરલોકને જોડવાનું કામ બાકી રહ્યું છે. ફેબ્રુઆરી અંત સુધીમાં તે પણ ખુલ્લો મૂકી દેવામાં આવશે. ■

## ૧૦ મહિનામાં ૫૦ લાખ વાહનો પસાર થયા

મુંબઈના દક્ષિણ છેડા નરિમન પોઈન્ટથી ઉત્તર મુંબઈના દહિસર છેડા સુધી પહોંચવા માટે મુંબઈ કોસ્ટલ રોડ બાંધવામાં આવી રહ્યો છે. પહેલા તબક્કામાં પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી વરલી-બાન્દ્રા સી લિંક વરલી છેડા સુધીનો ૧૦.૫૮ કિલોમીટરનો કોસ્ટલ રોડ છે. મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ પર ૧૨ માર્ચ, ૨૦૨૪થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંત સુધીમાં ૫૦ લાખ વાહનોએ અવરજવર કરી છે. રોજના સરેરાર ૧૮થી ૨૦ હજાર વાહનોનો આ રોડનો ઉપયોગ કરે છે, જેમાં સોમવારે સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં દક્ષિણ દિશામાં ૨૧,૬૩૯ વાહનો અને ઉત્તર તરફની દિશામાં ૧૫,૫૮૩ વાહનોએ કોસ્ટલ રોડનો ઉપયોગ કર્યો હતો. ■



## વિન્ટેજ કારમાં દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિની સરકારે મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામકાજ પર ભાર મૂક્યો હતો. હવે ફરી મહાયુતિની સરકાર સત્તામાં આવ્યા પછી મેટ્રો, રેલવે સહિત બુલેટ ટ્રેનના પેન્ડિંગ કામકાજ પર ભાર મૂક્યો છે, જે અંતર્ગત આજે ૨૬મી જાન્યુઆરી નિમિત્તે મહારાષ્ટ્ર સરકારે મુંબઈગરાઓને નવી ભેટ આપી હતી. કોસ્ટલ રોડનું ઉદ્ઘાટન કરતા હવે મરીન ડ્રાઈવથી બાંદ્રા સુધી પંદર મિનિટનો સમય લાગશે. સૌથી મોટી વાત એ હતી કે ઉદ્ઘાટન પછી દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદેએ એક કારમાં સાથે મુસાફરી કરી હતી. આ પ્રસંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સાથે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ ઉપસ્થિત રહ્યા હતા. વિન્ટેજ કારમાં દેવેન્દ્ર ફડણવીસની સાથે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ બેઠા હતા.

# અપૂરતી દેખરેખને લીધે નવા સિમેન્ટ-કૉંક્રીટના રસ્તા પર તિરાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં નવા બનાવવામાં આવેલા સિમેન્ટ-કૉંક્રીટના રસ્તાઓ પર તિરાડો પડી રહી હોવાની ફરિયાદ સુધરાઈને આવી રહી છે. પાલિકાના અધિકારીઓએ તે માટે રેડી મિક્સ કૉંક્રિટ (આરએમસી) પ્લાન્ટમાં દેખરેખમાં તેમ જ મહત્વપૂર્ણ ક્યોરિંગ પ્રક્રિયા દરમિયાન અપૂરતી દેખરેખને જવાબદાર ગણાવ્યું છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના કહેવા મુજબ ક્વોલિટી મોનિટરિંગ માટે નીમવામાં આવેલી કન્સલન્ટન્ટ કંપનીને મિશ્રણ અને ક્યોરિંગ બંને દરમિયાન યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ દંડ કરવામાં આવવાનો છે.

મુંબઈમાં લગભગ ૮૦૦ કિલોમીટરના રસ્તાઓનું કૉંક્રીટીકરણ કરવા માટે પાલિકા લગભગ ૧૨,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવાની છે. પહેલા તબક્કામાં પાલિકાએ ૩૨૪ કિલોમીટરના રસ્તાઓનું કૉંક્રીટીકરણ હાથ ધર્યું છે, જે ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થશે. હાલમાં ૨૧૩ રસ્તાઓ પર કામ ચાલી રહ્યા છે,જ્યારે ૨૯૮ રસ્તાઓનું કૉંક્રીટીકરણ કરવાનું બાકી છે. બીજા તબક્કામાં ૧,૪૨૦ રસ્તાઓનો સમાવેશ થાય છે, જેમાં ૪૩૩ અંડર કન્સ્ટ્રકશન છે અને હજી ઘણા રસ્તાના કામ બાકી છે ત્યારે પાલિકાને નવા કૉંક્રીટના રસ્તાઓ પર તિરાડ પડી હોવાની ફરિયાદો મળી રહી છે, જેનાથી કામની ગુણવત્તા અંગે ચિંતા ઊભી થઈ છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે મુંબઈના રસ્તાઓની ખાડાઓની સમસ્યાઓનો ઉકેલ કૉંક્રીટાઈઝેશન છે. મે તમામ યુટિલિટી વિભાગોને પત્ર લખીને જાણ કરી દીધી છે કેતેમને આગામી ૨૦ વર્ષ સુધી રસ્તા ખોદવા (યુટિલિટિઝ સર્વિસ માટે)ની મંજૂરી આપવામાં આવશે નહીં.

નવા રસ્તા પર પડી રહેલી તિરાડ બાબતે કમિશનરે કહ્યું હતુંકે આ મુદ્દો આરએમસી પ્લાન્ટમાં દેખરેખમાં ખામીઓ તેમ જ ક્યોરિંગ પ્રક્રિયા દરમિયાન અપૂરતી દેખરેખને કારણે ઉદ્ભવી છે.

કૉંક્રીટના મિશ્રણ અને ક્યોરિંગ દરમિયાન યોગ્ય પ્રક્રિયાનું પાલન થયું ન હોવાનું જણાતા ક્વોલિટી મોનિટરિંગ માટે જવાબદાર કન્સ્લટન્ટ કંપનીને જવાબદાર ઠેરવીને દંડ કરવામાં આવશે. આ દરમિયાન સર્વેક્ષણ પછી ગયા મહિને ૭૧ સબ-ઈન્જિનિયરો, ૧૫ આસિસ્ટન્ટ ઈન્જિનિયર અને પાંચ એક્ઝિક્યુટિવ એન્જિનિયરોને નોટિસ આપવામાં આવી છે. ■

# ‘ઓપરેશન ટાઈગર’ શરૂ?

## સાંસદ ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર મહાયુતિના છે એવા સાંસદ પાલકપ્રધાનના સંકેત પછી ચર્ચા

ધારાશિવઃ ધારાશિવ જિલ્લો ઠાકરે સેનાનો ગઢ રહ્યો છે. લોકસભાની ચૂંટણીઓ પછી, જિલ્લાના મતદારોએ વિધાનસભાની ચૂંટણીઓમાં પણ મહા વિકાસ આઘાડીના ઘટક પક્ષ, શિવસેના (યુબીટી)ને ભારે સમર્થન આપ્યું હતું. આ બધા વચ્ચે પાલક પ્રધાન તરીકે પોતાના પહેલા પ્રવાસ પર આવેલા પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે એક સનસનાટીભર્યું નિવેદન આપીને જિલ્લાના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે.

પાલક પ્રધાન સરનાઈકે એવો દાવો કર્યો હતો કે સાંસદ ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર મહાયુતિના છે, ત્યારે તેમણે જિલ્લા આયોજન સમિતિની બેઠકમાં ઓપરેશન ટાઈગરનો સંકેત આપ્યો હોવાનું જણાય છે. સરનાઈકનો આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

ધારાશિવ જિલ્લામાં કુલ ચાર વિધાનસભા મતવિસ્તાર છે. તેમાંથી મહાયુતિના બે અને મહાવિકાસ આઘાડીના બે વિધાનસભ્યો છે. લોકસભામાં એમવીએના પ્રતિનિધિ ઓમ પ્રકાશ રાજે નિમ્બાળકરને પણ જ્વલંત વિજય મળ્યો હતો.

જિલ્લા આયોજન સમિતિની બેઠકમાં જ્યારે બધા હાજર હતા, ત્યારે પાલક પ્રધાન પ્રતાપ સરનાઈકે સાંસદ ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર તરફ આંગળી ચીંધી અને જાહેરમાં એવું નિવેદન આપ્યું હતું કે આ મહાયુતિ તરફથી છે. ■

# સરપંચ હત્યા સાથે મુંડેના જોડાણ દર્શાવતા પુરાવા મળે તો મુખ્ય પ્રધાન મુંડેને રાજીનામું આપવાનું કહેશેઃ ચંદ્રકાંત પાટીલ

મુંબઈઃ સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે સાંકળતા કોઈપણ પુરાવા મળશે તો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ એનસીપીના પ્રધાન ધનંજય મુંડેને રાજીનામું આપવાનું કહેશે, એમ તેમના કેબિનેટના સાથી અને ભાજપના પીઢ નેતા ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું.

ભાજપના નેતા પાટીલે રવિવારે સાંગલીમાં પત્રકારોને જણાવ્યું હતું કે દેશમુખની હત્યાની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે.

મુંડેના સહયોગી વાલ્મિક કરાડની સરપંચની હત્યા સાથે જોડાયેલા ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

બીડ જિલ્લાના પરલીના એનસીપીના વિધાનસભ્ય મુંડે, શાસક ગઠબંધનના કેટલાક સાથીદારો અને વિપક્ષ દ્વારા કરાડ સાથેના તેમના સંબંધોને લઈને ટીકાનો સામનો કરી રહ્યા છે.

‘સંતોષ દેશમુખની હત્યા કેસની તપાસ ચાલી રહી છે. દરેક બાબત અલગ છે. સરકારના વડા તરીકે, દેવેન્દ્ર ફડણવીસ નિર્ણયો લેવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. જો તેમને એવું લાગશે છે કે આરોપોમાં કોઈ તથ્ય છે, તો તેઓ તાત્કાલિક કાર્યવાહી કરશે અને મુંડેને રાજીનામું આપવાનું કહેશે,’ એમ પાટીલે કહ્યું હતું.

‘મહારાષ્ટ્ર સરકારે સરપંચ દેશમુખ હત્યા કેસમાં આરોપીઓની મિલકતો પહેલાથી જ જપ્ત કરી લીધી છે. તેમની સામે કડક કલમો લગાવવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે,’ એમ ભાજપ નેતાએ કહ્યું હતું.

પોલીસ તંત્ર આ કેસની સઘન તપાસ કરી રહ્યું છે અને તેની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) પણ બનાવવામાં આવી છે, એમ પાટીલે જણાવ્યું હતું.

વધુમાં તપાસની દેખરેખ માટે નિવૃત્ત ન્યાયાધીશની આગેવાની હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી છે, એમ પણ ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું.

પાટીલે નિર્દેશ કર્યો હતો કે વાલ્મિક કરાડ અને અન્ય આરોપીઓ સામે કડક મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) લાગુ કરવા સહિત પગલાં લેવામાં આવ્યા છે. પાટીલે ઉમેર્યું હતું કે, કરાડની સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. ■

# ઘોડબંદર રોડ પર કેમિકલ ટૅન્કર ડિવાઈડર સાથે અથડાતા થયો ભયંકર ટ્રાફિક જૅમ

થાણેઃ મહારાષ્ટ્રના થાણેમાં ગઈ કાલે સવારે કેમિકલ લઈ જતું એક ટ્રેલર ટ્રક રોડ ડિવાઈડર સાથે અથડાતાં બે કલાકથી વધુ સમય સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતો.

આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થઈ હોવાનું એક અધિકારીઓએ જણાવ્યું હતું.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે, ટ્રેલર કર્ણાટકના બેલગાવીથી ગુજરાતના મોરબી તરફ જતું હતું ત્યારે સવારે ૭.૪૫ વાગ્યે ઘોડબંદર રોડ પર વાઘબીલ પુલ નજીક રોડ ડિવાઈડર સાથે અથડાયું હતું. અકસ્માતને પગલે વાહનની એન્જિન ઓઈલની ટાંકીમાંથી ઓઈલ રસ્તા પર લીક થયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક ફાયર કર્મીઓ, પ્રાદેશિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને અન્ય બચાવ ટીમો ઘટનાસ્થળે દોડી ગયા હતા.૪૦ ટન કેલ્સાઈન્ડ એલાયુમિનિયા ઉત્પાદનો વહન કરતા ટ્રેલરના અકસ્માતને કારણે રસ્તા પરના ટ્રાફિકને અસર થઈ હતી, એમ તેમણે જણાવ્યું હતું.



**વિન્ટેજ કાર માટે દીવનાગીઃ** દક્ષિણ મુંબઈમાં શનિ અને રવિવારે યોજાયેલા વિન્ટેજ કારના પ્રદર્શનને જોવા હજારો મુંબઈગરાઓ ઊમટ્યા હતા. (અમય ખરાડે)

# મરાઠી મુદ્દા પર મનસે ફરી આક્રમકઃ કાર્યકર્તા ડિઝની હોટસ્ટારની ઓફિસમાં ઘૂસી ગયા, ધમાલ કરી

મુંબઈઃ મરાઠીના મુદ્દા પર મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ફરી એક વખત આક્રમક બનતી જોવા મળી રહી છે. ડિઝની હોટસ્ટાર એપ પર મરાઠીમાં ક્રિકેટની કોમેન્ટ્રી ઉપલબ્ધ ન હોવાના મુદ્દા પર મનસેના કાર્યકરો કંપનીના કાર્યાલય પર ધસી ગયા હતા અને ધમાલ કરી હતી. મનસેના ચિત્રપટ સેનાના પ્રમુખ અમેય ખોપકર અને સંતોષ ધુરીએ વરલી સ્થિત હોટસ્ટારની ઓફિસમાં જઈને વિરોધ નોંધાવ્યો હતો અને આ સમયે કાર્યકરોએ જોરદાર સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

કંપનીના વરિષ્ઠ અધિકારીઓ મુલાકાત ન લેતા હોવાથી વાતાવરણ છેલ્લા કેટલાક સમયથી તંગ હતું, પરંતુ પોલીસ દળોની હાજરીને કારણે પરિસ્થિતિ કાબૂમાંથી બહાર ન ગઈ. પોલીસે સમયસર પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. અમેય ખોપકરે કંપનીના અધિકારીઓને એક મેમોરેન્ડમ સુપરત કર્યું, જેમાં તેમને એપ પર શક્ય તેટલી વહેલી તકે મરાઠી કોમેન્ટ્રી ઉપલબ્ધ કરાવવાનો આગ્રહ કર્યો હતો. ‘મહારાષ્ટ્રમાં રહેતા અને અહીં વ્યવસાય કરતા, ડિઝની હોટસ્ટારની એપ પર ક્રિકેટ કોમેન્ટ્રી બધી ભાષાઓમાં ઉપલબ્ધ છે - હિન્દી, ગુજરાતી, મલયાલમ, તેલુગુ, ભોજપુરી. પરંતુ તે મરાઠીમાં ઉપલબ્ધ નથી. આ બિલકુલ ચાલશે નહીં. જો આટલું નથી સમજાતું તો પછી તેને ભલે ધમકી ગણો, પરંતુ મરાઠીમાં કોમેન્ટ્રી તાત્કાલિક ઉપલબ્ધ થવી જોઈએ. નહીંતર, યાદ રાખો કે ડિઝની હોટસ્ટાર ઓફિસનો કાચ ખૂબ મોંઘો છે,’ એમ આ સમયે અમેય ખોપકરે જણાવ્યું હતું. જ્યારે મનસેના અધિકારીઓ હોટસ્ટારના અધિકારીઓને મળવા ગયા, ત્યારે લાંબા સમય સુધી કોઈ તેમને મળવા તૈયાર ન હતું, જેના કારણે ઓફિસમાં તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું. અધિકારીઓએ આક્રમક વલણ અપનાવ્યું હતું. ધમકીભરી ચેતવણી આપ્યા પછી, કંપનીના અધિકારીઓએ કાર્યકરોની મુલાકાત લીધી હતી.

**રાજકારણી આખરે તો માણસ જ**

# ઘાયલ બાઈકસવારની મદદ માટે કાફલાને રોક્યો એકનાથ શિંદેએ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ તાજેતરમાં જ માનવીય સંવેદનશીલતા અને નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ફરી એકવાર તેઓ ઘાયલ માનવીની મદદથી દોડી આવ્યા હતા અને લોકોને તેમની કરુણા અને ભલાઈનો પરિચય આપ્યો હતો, જેને કારણે સોશિયલ મીડિયા પર તેમની ઘણી જ પ્રસંશા કરવામાં આવી રહી છે.

જ્યારે એકનાથે મુખ્ય પ્રધાન હતા ત્યારે તેઓ હંમેશા કહેતા કે આ સામાન્ય લોકોની સરકાર છે અને સામાન્ય લોકોને હંમેશાં મદદ કરવા તત્પર છે. તેઓ હંમેશા પોતાને સીએમ એટલે કે કોમન મેન તરીકે ઓળખાવતા હતા.

એકનાથ શિંદે માત્ર વાતો જ નહોતા કરતા, પરંતુ તેનું આચરણ પણ કરી જાણે છે. તેઓ લોકોને મદદ કરવાની પણ ભાવના પણ રાખે છે. તેઓ કેટલા સંવેદનશીલ છે એ રાજ્યના નાગરિકોએ ઘણી વાર જોયું છે અને અનુભવ્યું પણ છે. હવે તેમણે નાયબ મુખ્યપ્રધાનનો ચાર્જ સંભાળ્યો છે. તેવામાં તેઓ માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા વ્યક્તિની મદદ માટે તુરંત પહોંચી ગયા હતા.

મળતી માહિતી મુજબ પ્રજાસત્તાક દિન નિમિત્તે થાણેમાં ધ્વજવંદન કાર્યક્રમ અને શોભા યાત્રા બાદ નાયબ મુખ્યપ્રધાન શિંદે મુંબઈ આવવા માટે નીકળ્યા હતા. તેઓ બાન્દ્રા-વરલી સી લિંકના બીજા વિભાગનું ઉદ્ઘાટન કરવા માટે આવી રહ્યા હતા. તેમનો કાફલો ઇસ્ટર્ન એક્સપ્રેસ વે પાસે ઘાટકોપર નજીક હતો, ત્યારે તેમણે રસ્તા પર એક ટૂ-વ્હીલરનો અકસ્માત જોયો જેમાં એક યુવકને ઈજા પહોંચી હતી.

એકનાથે તુરંત પોતાની ગાડીને થોભાવીને બહાર ઉતાર્યા હતા અને આ ઘાયલ યુવકની મદદમાં જોડાયા હતા.

તેમણે ઘાયલ યુવાનની મદદ માટે તુરંત સૂચનાઓ આપી હતી અને તેને રાજાવાડી હોસ્પિટલમાં દાખલ કરવામાં સહાય કરી હતી.

શિંદે જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારે હંમેશા કહેતા કે તેઓ મુખ્ય પ્રધાન નહીં પણ ’કોમનમેન’ છે અર્થાત તેઓ સામાન્ય જનોના હિતોની રક્ષા કરનારા છે. પોતાના કાર્ય દ્વારા તેમણે એ વારંવાર દર્શાવ્યું છે કે તેઓ સામાન્ય માણસોના હિત માટે સમર્પિત છે. હવે તેઓ ડેપ્યુટી સીએમ છે ત્યારે તેઓ પોતાને નાયબ મુખ્ય પ્રધાન. સીએમ (ડેડિકેટેડ ટુ કોમન) તરીકે ઓળખાવે છે.

શિંદેના કાર્યાલય દ્વારા આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામા આવ્યો છે. પોતાના આવા કાર્ય દ્વારા તેમણે દર્શાવ્યું છે કે તેઓ ખરેખર સામાન્ય માણસના હિત માટે સમર્પિત છે. ■

# અટકથી નહીં, નામથી સંબોધો એકમેકનેઃ જાતિવાદનો અંત લાવવા પોલીસોને આદેશ

છત્રપતિ સંભાજીનગરઃ જાતિવાદી મતભેદનો છેદ ઉડાવવા અટક નહીં, પણ એકબીજાને નામથી બોલાવવાનો આદેશ બીડ જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે પોલીસ અધિકારીઓને આપ્યો હતો. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નવનીત કૌવતે જણાવ્યું હતું કે આ પગલાંથી નિષ્પક્ષતા જળવાશે. મસ્સોજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યા પછી ગયા મહિને કૌવતની નિયુક્તિ બીડના એસપી તરીકે થઈ હતી. બીડમાં સામાજિક વાતાવરણ બદલવું હોય તો સૌપ્રથમ આપણે આપણા ઘરથી શરૂઆત કરવી જોઈએ. પોલીસ દળમાં લોકો એકબીજાની અટકથી જાતિને ઓળખે છે. તેથી અમે એકબીજાને અટકથી સંબોધવાનું બંધ કરી દીધું છે, એવું તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ઘોડબંદર રોડ પર સાત માળની ઈમારત પરથી શખસે પડતું મૂક્યું

થાણેઃ ઘરેલુ વિવાદમાં ૪૮ વર્ષના શખસે સાત માળની ઈમારતની અગાશી પરથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના ઘોડબંદર રોડ પર થાણે નજીક બની હતી. કાસારવડવલી પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૪ જાન્યુઆરીની સાંજે ઘોડબંદર રોડ પરના કાવેસર પરિસરમાં બની હતી. મૃતક ઘરેલુ વિવાદને કારણે હતાશ હતો. તે જે બિલ્ડિંગમાં રહેતો હતો એની અગાશી પર ગયો હતો અને પછી ત્યાંથી તેણે કદૂકો માર્યો હતો. નીચે પડવાનો અવાજ સાંભળી દોડી આવેલા રહેવાસીઓ તેને બેભાન અવસ્થામાં હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. (પીટીઆઈ) ■

# માથા પર પથ્થર ફટકારી પત્નીની હત્યા કરી ફરાર થયેલો પતિ ૧૪ વર્ષે યુપીમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાલાસોપારામાં માથા પર પથ્થર ફટકારી પત્નીની ક્રૂર હત્યા કર્યા બાદ ફરાર થઈ ગયેલા પતિને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે ૧૪ વર્ષે ઉત્તર પ્રદેશમાં પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ જવાદ જબ્બાર સૈયદ તરીકે થઈ હતી. સૈયદને લખનઊની કોર્ટમાં હાજર કરાયો હતો. કોર્ટમાંથી ૨૮ જાન્યુઆરી સુધીના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર તેને નાલાસોપારા લાવવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર નાલાસોપારા પૂર્વમાં સંતોષ ભુવન વિસ્તારના તુલસી નગર ખાતેની દ્વારકા ચાલમાં રહેતી રિહાના (૩૫)ની ૨૩ મે, ૨૦૧૧ની મધરાતે હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ રિહાનાનો પતિ સૈયદ ફરાર થઈ ગયો હતો.

આ પ્રકરણે રિહાનાના મોટા પુત્ર મોહમ્મદ હરુલ અનવર ખાને નોંધાવેલી ફરિયાદને આધારે નાલાસોપારા પોલીસે ગુનો નોંધી આરોપી સૈયદની શોધ હાથ ધરી હતી. જોકે છેલ્લાં ૧૪ વર્ષથી તે પોલીસને હાથ લાગ્યો નહોતો.

વણઉકેલાયેલા ગંભીર ગુનાઓની તપાસનો આદેશ તાજેતરમાં વરિષ્ઠ અધિકારી દ્વારા અપાયો હતો. આદેશને પગલે સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચના ઇન્ચાર્જ અવિરાજ કુરાડેએ રિહાનાની હત્યાના કેસની તપાસ હાથ ધરી હતી. કુરાડેની ટીમ એક મહિનાથી આરોપીની ભાળ મેળવી રહી હતી. દરમિયાન આરોપી તેના વતન ઉત્તર પ્રદેશના લખનઊમાં ઉન્નાવ ખાતે ઓળખ બદલીને રહેતો હોવાની માહિતી પોલીસને મળી હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઉન્નાવમાં આરોપી વિરુદ્ધના પુરાવા એકઠા કરી તેની ઓળખની ખાતરી કરી હતી. બાદમાં લખનઊ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની મદદથી આરોપીને તાબામાં લીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ રિહાના તેના પહેલા પતિથી થયેલા બે પુત્ર અને એક પુત્રી સાથે બીજા પતિ સૈયદ સાથે સંતોષ ભુવન ખાતે રહેતી હતી. રિહાનાનો મોટો પુત્ર હરુલ નાલાસોપારાના ગાલા નગર ખાતે ઝરીના કારખાનામાં કામ કરતો હતો અને મિત્રો સાથે ત્યાં જ રહેતો હતો. જોકે સમયાંતરે તે માતા અને ભાઈ-બહેનને મળવા આવતો, જેનો સૈયદને ગુસ્સો હતો.

આ મુદ્દે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા પણ થતા હતા. ૨૨ મે, ૨૦૧૧ના રોજ હરુલ રિહાનાને મળવા આવ્યો હતો. આ મુદ્દે દંપતી વચ્ચે ફરી ઝઘડો થયો હતો. ૨૩ મેની રાતે રિહાના ભરઊંઘમાં હતી ત્યારે આરોપીએ મોટો પથ્થર માથા પર ફટકારી તેની હત્યા કરી હતી. ■

# આજે રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે ત્રીજી ટી-૨૦ મેચ, સિરીઝ જીતવાના ઈરાદા સાથે ઊતરશે ભારત

રાજકોટ: આજે રાજકોટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે સિરીઝની ત્રીજી ટી-૨૦ મેચ રમાશે. ભારતીય ટીમે સીરિઝની પ્રથમ બે મેચ જીતી લીધી છે. ટીમ ઇન્ડિયા ત્રીજી મેચ જીતીને ઇંગ્લેન્ડ સામે પાંચ મેચની શ્રેણીમાં અજેય લીડ મેળવવાનો પ્રયાસ કરશે. ટીમ ઇન્ડિયાનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ ફોર્મમાં મેળવવાનો પ્રયાસ કરશે.

ગયા વર્ષે જ્યારે સૂર્ય કુમાર યાદવે ટીમની કેપ્ટનશિપ સંભાળી ત્યારે ભારતે સતત સારું પ્રદર્શન કર્યું પરંતુ કેપ્ટન પોતે રન કરવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. દરમિયાન સૂર્યકુમારે ૧૭ ઇનિંગ્સમાં ૨૬.૮૧ની સરેરાશથી ૪૨૯ રન ફટકાર્યા છે.

ખરાબ ફોર્મને કારણે સૂર્યકુમારને ચેમ્પિયન્સ ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ભારતીય ટીમમાં પણ પસંદ કરવામાં આવ્યો ન હતો. તે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી-૨૦ શ્રેણીની પહેલી બે મેચમાં પણ નિષ્ફળ ગયો હતો. ચેન્નઈમાં રમાયેલી બીજી મેચમાં સૂર્યકુમાર યાદવના ખરાબ ફોર્મ અને શોર્ટ-પિચ બોલ સામે સંજુ સેમસનની નબળાઈએ ભારતને મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી દીધું હતું, પરંતુ તિલક વર્માએ એક છેડો સાચવી રાખ્યો અને ટીમને બે વિકેટથી રોમાંચક જીત અપાવી હતી.

દક્ષિણ આફ્રિકામાં શાનદાર પ્રદર્શન કરનાર સેમસન છેલ્લી બે મેચમાં જોફ્રા આર્ચરના શોર્ટ પિચ બોલ પર આઉટ થયો હતો. તેમણે શક્ય તેટલી વહેલી તકે આ નબળાઈ દૂર કરવી પડશે. ભારતે રાજકોટની બેટિંગ ફ્રેન્ડલી પિચ પર સારું પ્રદર્શન કર્યું છે અને તેમના ટોચના ક્રમના બેટ્સમેનો પરિસ્થિતિનો સંપૂર્ણ ઉપયોગ કરીને મોટો સ્કોર કરવા માગશે. આર્ચર અને માર્ક વુડે અત્યાર સુધી તેમના શોર્ટ પિચ બોલથી ભારતીય બેટ્સમેનોને મુશ્કેલ પડકાર આપ્યો છે, પરંતુ તેમની રણનીતિ તિલક સામે અસરકારક સાબિત થઈ નથી. બીજી મેચમાં તિલકે આર્ચરના બોલ પર ચાર છગ્ગા ફટકારીને પોતાની પ્રતિભાનું સારું પ્રદર્શન કર્યું હતું. રિંકુ સિંહ અને નીતિશ રેડ્ડી ઈજાને કારણે આ મેચમાં રમી શકશે નહીં. તેમના સ્થાને શિવમ દુબે અથવા રમનદીપ સિંહમાંથી કોઈ એકને અંતિમ પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળશે. ભારતે પહેલી બે મેચમાં અર્શદીપ સિંહના રૂપમાં માત્ર એક જ નિષ્ણાત ઝડપી બોલરને મેદાનમાં ઉતાર્યો હતો. હાર્દિક પંડ્યાએ તેની સાથે નવા બોલની જવાબદારી સંભાળી હતી. ભારતે અત્યાર સુધીમાં આઠ બેટ્સમેન સાથે રમવાનું પસંદ કર્યું છે કારણ કે રવિ બિશ્નોઈ અને વરુણ ચક્રવર્તીએ વચ્ચેની ઓવરોમાં સારી બોલિંગ કરી છે. ઈંગ્લેન્ડે પાંચ મેચની શ્રેણી જીવંત રાખવા માટે આ મેચ કોઈપણ કિંમતે જીતવી પડશે. અત્યાર સુધી ઇંગ્લેન્ડ તરફથી બેટિંગમાં ફક્ત કેપ્ટન જોસ બટલર જ સારું પ્રદર્શન કરી શક્યો છે. તેના અન્ય બેટ્સમેનોને સ્પિનર્સ સામે રન કરવામાં સંઘર્ષ કરવો પડ્યો છે. જેમી સ્મિથ અને બ્રાયડન કાર્સે છેલ્લી મેચમાં પોતાની પ્રતિભાની ઝલક બતાવી હતી પરંતુ તેમને મોટી ઇનિંગ્સ રમવી પડશે. બોલિંગમાં આર્ચર ફરી શરૂઆતમાં વિકેટ લેવાનો પ્રયાસ કરશે. ■



## ક્લાસિફાઈડ

### ૧૨. યાત્રા સહેલગાહ

ARHAM HOLIDAYS 9769977466/9892534488 Per Couple Individual Tours Private Car Bfast Dinner Andaman 44000 Himachal 45000 Kashmir 54000 Uttaranchal 55000 Sikkim 58000 Lakshwadeep Cruise 59500. (B-15479)

### ૧૭. જગ્યા આપવી છે


દેવલાલી માં
આધુનિક બંગલા તથા રુમો વીકએન્ડ અથવા લાંબા સમય માટે ભાડા થી મળશે.
ટીવી અને એસી નોન એસી રુમો સાથે નેચરોપથી ટ્રિટમેન્ટ ની પણ સુવિધા ઉપલબ્ધ છે. 24 કલાક ગરમ ઠંડું પાણી, ચાલવા માટે વિશાળ ટ્રેક,મનોહર ગાર્ડન અને નજીક માં આધુનિક રસોડા રેસ્ટોરન્ટ.
ડબલ ઓક્યુપન્સી 1000/-
બુકિંગ માટે સંપર્ક:
કોરલ ગાર્ડન
લામ રોડ, દેવલાલી.
બિના શાહ - 9860730303
ડૉ. નિશા - 9405438687

(બી-૧૫૩૯૨)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

### ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**

Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વૉટર પ્રુફિંગ

**BUILDING REPAIR**

સોસાયટી, ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ, ટેરેસ, પેરાફિટ વૉલ, એક્સ્ટર્નલ પ્લાસ્ટરીંગ, પેઈન્ટીંગ, આર.સી.સી. પોલીમર વર્ક, પી. યુ. ઈન્જેકશન ગ્રાઉટીંગ, સીમેન્ટ ગ્રાઉટીંગ (પોડીયમ, બેઝમેન્ટ માટે), દરેક ટાઈપના વોટરપ્રુફીંગ (10 વર્ષની વૉરન્ટી).: ઓથોરાઈઝ્ડ એપ્લિકેટર, સીવીલ કોન્ટ્રેકટર.: રાજુ ઠાકોર- 9172327272, - 9323276664. (બી-૧૫૪૫૫)

### ૫૨. કુરીઅર્સ

**એસએસ એક્સપ્રેસ**

કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/ 8291516972. (બી-૧૫૪૫૬)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


**ક્રિકેટ અને ધર્મ:** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન સોમવારે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના અધ્યક્ષ જય શાહ સાથે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (એજન્સી)



# રણજી મૅચમાં રોહિત-યશસ્વીએ હારતાં પહેલાં રચ્યો ઈતિહાસ

▶ ભારતની ટેસ્ટની આ પહેલી ઓપનિંગ જોડી છે જે રણજીમાં એક જ ટીમ વતી રમી

મુંબઈ: બીકેસીમાં શનિવારે જમ્મુ અને કાશ્મીર સામે ડિફેન્ડિંગ મુંબઈનો ચાર દિવસની રણજી મૅચમાં ત્રીજા જ દિવસે પરાજય થયો એ પહેલાં મુંબઈના બે ટેસ્ટ ખેલાડી રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલે ભારત માટે એક નવો વિક્રમ રચ્યો હતો.

ભારત માટે રોહિત અને યશસ્વીની ઓપનિંગ જોડી ઐતિહાસિક બની હતી.

જમ્મુ અને કાશ્મીરની ટીમે મુંબઈ સામે ૧૦ વર્ષ પછી પહેલી વાર વિજય મેળવ્યો હતો.

પારસ ડોગરાના સુકાનમાં જમ્મુ અને કાશ્મીરની ટીમે ૨૦૫ રનનો ટાર્ગેટ પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો. સ્ટાર ખેલાડીઓવાળી મુંબઈની ટીમના બે ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુર તથા તનુષ કોટિયનની બધી મહેનત એળે ગઈ હતી.

જોકે રોહિત અને યશસ્વી ભારતીય ટેસ્ટ ટીમના એવા બે ઓપનિંગ બેટર છે જેઓ એક જ રણજી ટીમ વતી રમ્યા છે.

બીજું, ભારત વતી ટેસ્ટમાં ઓપનિંગ કર્યા બાદ એક જ રણજી મૅચમાં એક જ ટીમ વતી દાવની શરૂઆત કરવાની સિદ્ધિ પણ તેમણે મેળવી છે.

જોકે રોહિત (૩ અને ૨૮ રન) અને યશસ્વી (૪ અને ૨૬ રન) આ રણજી મૅચમાં સારું નહોતાં રમી શક્યાં અને ૨૦૨૪નું ચૅમ્પિયન મુંબઈ આ વખતે લીગ રાઉન્ડમાં જ સ્પર્ધાની બહાર થવાની તૈયારીમાં છે. ■

# ફ્લેશબેક: સુરત પોલીસે એક વર્ષ પહેલાં એક મૉડેલની આત્મહત્યાના કેસમાં અભિષેક શર્માની પૂછપરછ કરી હતી

રાજકોટ: ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં ૨-૦ની સરસાઈ ધરાવતી ભારતીય ટીમ ગુજરાતમાં આવી છે જ્યાં રાજકોટમાં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) શ્રેણીની ત્રીજી મૅચ રમાશે અને એમાં ફરી એક વાર ઓપનર અભિષેક શર્માની આતશબાજી જોવા મળી શકે.

આઈપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી અનેક મૅચોમાં આતશબાજી કરી ચૂકેલા મૂળ પંજાબ રાજ્યના અભિષેક શર્માની વાત નીકળી છે તો ગુજરાત રાજ્ય સાથેના તેના કનેકશનને લગતો ૧૧ મહિના જૂનો એક કિસ્સો યાદ આવી ગયો.

ઉલ્લેખનીય છે કે અભિષેક ગયા અઠવાડિયે કોલકાતામાં ઇંગ્લૅન્ડ સામે રમાયેલી શ્રેણીની પ્રથમ મૅચનો હીરો હતો. તેણે ૩૪ બોલમાં આઠ સિક્સર અને પાંચ ફોર સાથે ૭૯ રન બનાવ્યા હતા અને ભારતે એ મૅચ ખાસ કરીને બોલર્સના (વિશેષ કરીને) સ્પિનર વરુણ ચકવર્તીની ત્રણ વિકેટના બળ પર જીતી લીધી હતી.

ગયા વર્ષે ૧૯મી ફેબ્રુઆરીએ જાણીતી મૉડેલ તાન્યા સિંહે આત્મહત્યા કરી હતી અને એ કિસ્સા સંબંધમાં સુરત પોલીસે અભિષેક શર્માને ત્યારે ચંડીગઢથી પૂછપરછ માટે બોલાવ્યો હતો.

સુરત પોલીસને ત્યારે તાન્યાના જે કોલ ડીટેલ રેકોર્ડ્સ (સીડીઆર) તથા અન્ય રેકોર્ડ્સ મળ્યા હતા એના પરથી પોલીસને જાણવા મળ્યું હતું કે તાન્યાએ આત્મહત્યા કરી એ અગાઉ ઘણા મહિનાઓ સુધી અભિષેક શર્મા અને તાન્યા સિંહ એકબીજાના સતત સંપર્કમાં હતા.

સુરતના વાસુ પોલીસ સ્ટેશનમાં અભિષેક શર્માની ચાર કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી અને અભિષેકને કહ્યું હતું કે જરૂર પડશે તો તને ફરી પૂછપરછ માટે અમે બોલાવીશું.

તાન્યા સિંહ ઇવેન્ટ મૅનેજર અને ફૅશન ડિઝાઈનર હતી. ૧૯મી ફેબ્રુઆરીએ તાન્યાએ ગળેફાંસો ખાઈ લીધો હતો અને જ્યારે તેની ડેડ બોડીનો પોલીસે કબજો લીધો ત્યારે તેના કાનમાંથી ઈયરફોન મળી આવ્યા હતા જેના પરથી પોલીસને શંકા થઈ હતી કે આત્મહત્યા વખતે તાન્યા કોઈની સાથે ફોન પર સંપર્કમાં હતી.

એ સમયે અભિષેક શર્મા વિશે એવું કહેવાતું હતું કે તાન્યા સિંહ તેની ગર્લફ્રેન્ડ હતી અને ઘણી વાર તેની સાથે ડેટ પર ગયો હતો. ■

# હરિયાણા વિરુદ્ધ રણજી મૅચ રમશે કેએલ રાહુલ, કર્ણાટક ટીમમાં થયો સામેલ

બેંગલુરુ: ભારતના અનુભવી બેટ્સમેન લોકેશ રાહુલનો સોમવારે કર્ણાટક ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે જે ૩૦ જાન્યુઆરીથી અહીં શરૂ થતી રણજી ટ્રોફી એલીટ ગ્રુપ-સીની તેમની છેલ્લી લીગ મૅચમાં હરિયાણા સામે ટકરાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ની મેડિકલ ટીમ દ્વારા રાહુલને રમવા માટે લીલી ઝંડી આપવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી વિકેટકીપર-બેટ્સમેન કોણીની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં તેણે પાંચેય ટેસ્ટ રમી હતી. પીટીઆઈએ ૨૧ જાન્યુઆરીએ રિપોર્ટમાં જણાવ્યું હતું કે કેએલ રાહુલ રણજી ટ્રોફીની અંતિમ લીગ મૅચમાં કર્ણાટક તરફથી રમશે, જે ૨૦૨૦માં કોલકાતામાં બંગાળ સામે રમ્યા પછી તેની પહેલી રણજી ટ્રોફી મૅચ હશે.

ભારતના મોટા ભાગના સિનિયર ખેલાડીઓ જેમ કે ઋષભ પંત, રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ અને રવિન્દ્ર જાડેજા પોતપોતાની સ્થાનિક ટીમો માટે રમ્યા હતા, પરંતુ રાહુલને પંજાબ સામેની મૅચમાં બાકાત રાખવામાં આવ્યો હતો, જેમાં કર્ણાટકને એક ઇનિંગ્સ અને ૨૦૭ રનથી જીત મળી હતી. કેએલ રાહુલ મંગળવારથી કર્ણાટક ટીમ સાથે ટ્રેનિંગ મેળવે તેવી અપેક્ષા છે. ટીમનું નેતૃત્વ ઓપનિંગ બેટ્સમેન મયંક અગ્રવાલ કરી રહ્યો છે.

વિદ્વાથ કવેરપ્પાની ટીમમાં વાપસી સાથે કર્ણાટકનું પેસ બોલિંગ આક્રમણ મજબૂત થયું છે. કવેરપ્પા ઈજાના કારણે વર્તમાન સ્થાનિક સીઝનની મોટા ભાગની મૅચ ગુમાવી ચૂક્યો છે. કર્ણાટક ગ્રુપ સીમાં ૧૯ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે હરિયાણા (૨૬) અને કેરળ (૨૧) ટોચનાં બે સ્થાનો પર છે. નોકઆઉટમાં પ્રવેશવાની આશા જીવંત રાખવા માટે કર્ણાટકને કોઈ પણ કિંમતે અંતિમ લીગ મૅચ જીતવાની જરૂર છે. ■

# ‘હાર્દિક્યા-પ્રિન્સુડી’ના ‘ગુજજુ’ વીડિયોએ તો જલસો કરાવી દીધો, ભાઈ...

રાજકોટ: ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦ સિરીઝની ત્રીજી મૅચ રમવા માટે ભારતીય ટીમ રાજકોટ પહોંચી ગઈ છે. પહેલી મૅચમાં અભિષેક શર્મા અને વરુણ ચક્રવર્તીએ કમાલ કરી ત્યાર બાદ બીજી મૅચમાં તિલક વર્માએ શાનદાર વિજય અપાવ્યો હતો અને હવે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રાજકોટની મૅચમાં બે ગુજરાતી સ્ટાર હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલમાંથી કોણ જિતાડશે એ જોવું રહ્યું.

હાર્દિકની વાત નીકળી છે તો તેના હાલમાં વાઇરલ થયેલા ટિપિકલ ગુજરાતી નામોવાળા વીડિયોની ચર્ચા કરીએ.

આરજે પ્રિન્સી સાથેના હાર્દિકના આ વીડિયોમાં ક્રિકેટપ્રેમીઓને મજ્જા પડી જાય એવી વાતો થઈ છે.

ગુજરાતમાં અને ગુજરાતીઓમાં ટિપિકલી કોને શું કહેવાય એની જલસો કરાવી દે એવી વાતો આ નોખી ગુજ્જુ ડિક્ષનરીવાળા અને હાર્દિક-પ્રિન્સીના મસ્તીભર્યા વીડિયો પરથી મળી છે જે આ મુજબ છે:

(૧) ધિસ ઇઝ નોટ પિત્ઝા-બેઝ...ધિસ ઇઝ પિત્ઝાનો રોટલો

(૨) ધિસ આર નોટ ઈયરફોન્સ... ધિસ આર કાનના ભૂંગળા

(૩) ધિસ ઇઝ નોટ ચાર્જર... ધિસ ઇઝ ડટ્ટો

(૪) ધિસ ઇઝ નોટ સન એન્ડ અ ડોટર... ધિસ ઇઝ બાબો અને બેબી

(૫) ધિસ ઇઝ નોટ ક્રિકેટ... ધિસ ઇઝ બોલ-બેટ

(૬) ધિસ ઇઝ નોટ અ બોલ... ધિસ ઇઝ દડો

(૭) ધિસ ઇઝ નોટ હાર્દિક ટેકિંગ વિકેટ્સ... ધિસ ઇઝ ઘા એ ઘા

(૮) ઈટ ઇઝ નોટ અ સિક્સ બાય હાર્દિક... ઈટ ઇઝ છૂટ્ટો ઘા

(૯) ઈટ ઇઝ નોટ ક્લીન બોલ્ડ... ઈટ ઇઝ પાંડ્યાએ ઉડાડ્યા ડાંડિયા

(૧૦) ઈટ ઇઝ નોટ બોય્સ પ્લેઇડ વેલ... ઈટ ઇઝ બોય્સો સારું રમ્યા

(૧૧) ઈટ ઇઝ નોટ હાર્દિક... ઈટ ઇઝ હાર્દિક્યો

(૧૨) ઈટ ઇઝ નોટ પ્રિન્સી... ઈટ ઇઝ પ્રિન્સુડી ■

# અઝમાતુલ્લાહ ઉમરઝાઇ બન્યો આઇસીસી વન-ડે પ્લેયર ઓફ ધ યર, એવોર્ડ જીતનાર પ્રથમ અફઘાન ખેલાડી




દુબઈ: અફઘાનિસ્તાનના ઓલરાઉન્ડર અઝમાતુલ્લાહ ઉમરઝાઇને સોમવારે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા ૨૦૨૪ના વર્ષનો શ્રેષ્ઠ વનડે પુરુષ ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જમણા હાથના ઝડપી બોલર અને આક્રમક બેટ્સમેન અઝમાતુલ્લાહ ઉમરઝાઇએ ૨૦૨૪માં અફઘાનિસ્તાનની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૨૪ ઉમરઝાઇએ ૨૦૨૩માં પોતાના શાનદાર પ્રદર્શનને આગળ ધપાવ્યું અને ગયા વર્ષે વિશ્વના અગ્રણી વન-ડે ક્રિકેટરોમાં સામેલ થયો હતો.

અઝમાતુલ્લાહ ઉમરઝાઇએ ટી૨૦ આંતરરાષ્ટ્રીય અને ફ્રેન્ચાઇઝી ક્રિકેટમાં પણ સારું પ્રદર્શન કર્યું હતું પરંતુ તે વનડે ક્રિકેટમાં સૌથી વધુ પ્રભાવશાળી સાબિત થયો હતો. તે રહેમાનુલ્લાહ ગુરબાઝ પછી તેની રાષ્ટ્રીય ટીમ માટે બીજા ક્રમે સૌથી વધુ રન કરનાર અને એએમ ગઝનફર પછી બીજા ક્રમે સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. અફઘાનિસ્તાને ૨૦૨૪માં તેમની પાંચમાંથી ચાર વન-ડે શ્રેણી જીતી હતી.

અઝમાતુલ્લાહ ઉમરઝાઇએ ગયા વર્ષે ૧૪ મેચોમાં ૧૭ વિકેટ ઝડપી હતી અને ૪૧૭ રન ફટકાર્યા હતા. તેમના સતત પ્રદર્શનથી અફઘાનિસ્તાને આયરલેન્ડ, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને ઝિમ્બાબ્વે સામે સતત ચાર શ્રેણી જીતવામાં મદદ મળી હતી. અફઘાનિસ્તાનના ઓલરાઉન્ડર અઝમાતુલ્લાહ ઉમરઝાઇએ આખા વર્ષ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ૫૨.૧૨ની સરેરાશથી રન ફટકાર્યા હતા. ઉમરઝાઈએ વર્ષના પોતાના પહેલા જ વનડેમાં શ્રીલંકા સામે અણનમ ૧૪૯ રન ફટકાર્યા હતા. તેણે દક્ષિણ આફ્રિકા સામે માત્ર ૫૦ બોલમાં અણનમ ૮૬ રનની આક્રમક ઇનિંગ રમી હતી, જેના કારણે અફઘાનિસ્તાને બીજી વનડેમાં જીત સાથે શ્રેણી જીતી લીધી હતી. ■

# અમ્પાયરે ન બચાવ્યા હોત તો સૂર્યકુમારને કારણે ભારત કદાચ હારી ગયું હોત

ચેન્નઈ: શનિવારે ઇંગ્લૅન્ડ સામેની બીજી ટી-૨૦માં ભારતીય ટીમે આઇસીસીના એક નિયમનો ભંગ કર્યો હતો જેને લીધે અમ્પાયરે ગુસ્સે થઈને ભારતીય ટીમને ચેતવણી આપવી પડી હતી.

ઇંગ્લૅન્ડે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૫ રન બનાવ્યા હતા. ભારતે ૧૯.૨ ઓવરમાં આઠ વિકેટના ભોગે ૧૬૬ રનનો લક્ષ્યાંક મેળવ્યો ત્યારે માત્ર ચાર બોલ બાકી હતા. તિલક વર્માએ (૭૨ અણનમ, પંચાવન બોલ, પાંચ સિક્સર, ચાર ફોર) મેન ઑફ ધ મેચનો અવૉર્ડ જીત્યો હતો.

વાત એવી છે કે આઇસીસીના નિયમ મુજબ બોલિંગ કરનારી દરેક ટીમે એક ઓવર પૂરી થયા બાદ પછીની ઓવર એક મિનિટની અંદર શરૂ કરી દેવી પડે.

ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં હાર્દિક પંડ્યાએ બીજી ઓવર પૂરી કરી ત્યાર બાદ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે ત્રીજી ઓવર વૉશિંગ્ટન સુંદરને કરવાનું કહ્યું હતું, પરંતુ સૂર્યકુમારે ફિલ્ડિંગ ગોઠવવામાં ખાસ્સો એવો સમય લગાડ્યો હતો. એક મિનિટ પૂરી થઈ ગઈ હતી છતાં વૉશિંગ્ટન નવી ઓવર શરૂ નહોતો કરી શક્યો.

અમ્પાયરની નજર સૂર્યકુમાર એન્ડ કંપની પર જ હતી. તેમણે સૂર્યકુમાર સહિત ભારતીય ટીમને ચેતવણી આપી હતી કે આ ભૂલનું પુનરાવર્તન ન થાય એનું ધ્યાન રાખજો.

જો પછીથી ટીમ ઇન્ડિયાથી આ મૅચમાં આ ભૂલ ફરી થઈ હોત તો ભારતીય ટીમને સજા કરવાના ભાગરૂપે ઇંગ્લૅન્ડની ટીમને અમ્પાયરે પેનલ્ટીના પાંચ રન આપી દીધા હોત.

ખરેખર તો દરેક આંતરરાષ્ટ્રીય ખેલાડી આઇસીસીના આવા મહત્ત્વના નિયમથી વાકેફ હોવો જ જોઈએ.

જો અમ્પાયરે ચેતવણી ન આપી હોત અને ટીમ ઇન્ડિયાથી બે ઓવર વચ્ચેના નિર્ધારિત સમયનો ફરી ભંગ થયો હોત તો મૅચના પરિણામની સ્થિતિ કદાચ જુદી હોત.

ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકર અને કોમેન્ટેટર હર્ષ ભોગલેએ આઈસીસીના આ નિયમને ખૂબ વખાણતાં જણાવ્યું હતું કે ઘણી ટીમો પછીની ઓવર શરૂ કરવામાં ખૂબ લાંબો સમય લગાડતી હતી જેને લીધે સમગ્ર મૅચ પર વિપરીત અસર થતી હતી. ■

# તિલક વર્માએ સોશિયલ મીડિયામાં વિરાટનો માનભંગ કર્યો?




ચેન્નઈ: લેફ્ટ-હેન્ડ બેટર તિલક વર્મા (૭૨ રન, પંચાવન બોલ, પાંચ સિક્સર, ચાર ફોર) શનિવારે અહીં ઇંગ્લૅન્ડ સામે મૅચ-વિનિંગ ઈનિંગ્સ રમ્યો હતો જેને પગલે સોશિયલ મીડિયામાં તેની ખૂબ વાહ વાહ થઈ, પરંતુ એમાંથી એક પોસ્ટને તેણે લાઈક કરી એટલે વિવાદાસ્પદ થઈ ગયો છે.

તિલકે વનડાઉનમાં બેટિંગ કરી હતી.

‘ભારત વતી વનડાઉનમાં (ત્રીજા નંબરે) રમી ચૂકેલાઓમાં અત્યાર સુધીનો સૌથી ગ્રેટેસ્ટ ખેલાડી’ એવું જણાવતી ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટને તિલકના ઑફિશિયલ એકાઉન્ટ પરથી લાઈક કરવામાં આવી હોવાથી તે ચર્ચાસ્પદ થયો છે.

સૌ જાણે છે કે ભારતના વનડાઉન બેટર્સમાં વિરાટ કોહલી સર્વશ્રેષ્ઠ ગણાય છે.

તિલક આ અભિગમ બદલ ટ્રોલ થયો છે. ક્રિકેટપ્રેમીઓનું માનવું છે કે તિલક ટેલન્ટેડ પ્લેયર છે, પણ વિરાટની ઊંચાઈ સુધી પહોંચતાં તેને હજી વર્ષો લાગી શકે.

વિરાટ ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ગયો છે, પણ હજી વન-ડે અને ટેસ્ટમાં રમવાનું તેણે ચાલુ રાખ્યું છે. ■

# ઊભરતા સિતારા તિલક વર્માની નેટવર્થ પાંચ કરોડ રૂપિયા અને ગેરેજમાં બે મોંઘી કાર

રાજકોટ: ચેન્નઈમાં શનિવારે ઇંગ્લેન્ડ સામે રમાયેલી પાંચ મેચવાળી ટી-૨૦ સિરીઝની બીજી મેચમાં આંધ્ર પ્રદેશનો ટેલન્ટેડ લેફ્ટ-હેન્ડ બેટર તિલક વર્મા (૭૨ અણનમ, પંચાવન બોલ, પાંચ સિક્સર, ચાર ફોર) મેન ઑફ ધ મેચ બન્યો હતો અને ત્યારથી તે ‘ટોક ઑફ ધ ટાઉન’ છે એટલે આજે આપણે તેની થોડી અંગત વાતો જાણીએ.

બાવીસ વર્ષનો તિલક વર્મા મધ્યમ વર્ગના પરિવારમાંથી આવ્યો છે. તેના પિતા નાગાર્જુન વર્મા ઇલેક્ટ્રિશિયન છે. તેની મમ્મી ગાયત્રી દેવી ગૃહિણી છે. તિલકને નાનપણથી ક્રિકેટ રમવાનો શોખ હતો અને ત્યારથી હૈદરાબાદની સ્કૂલ મેચોમાં ખૂબ રમીને ઉપલા સ્તર સુધી આવ્યો હતો. હૈદરાબાદની જ કોલેજમાં તે ભણ્યો છે અને હાલમાં આંધ્ર યુનિવર્સિટીમાં બેચલર ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન કોર્સના બીજા વર્ષમાં છે. તિલકને ક્રિકેટમાં કરીઅર બનાવવા માટે મોટા ભાઈ તરુણ વર્માનો બહુ સારો સાથ મળ્યો છે.

તિલક થોડાં વર્ષોથી ડોમેસ્ટિક ક્રિકેટમાં અને આઈપીએલમાં નામ કર્યા પછી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લોકપ્રિય થઈ રહ્યો છે. તિલક વર્માની નેટવર્થ (સંપત્તિ) અંદાજે પાંચ કરોડ રૂપિયાની છે અને દર મહિને તે આશરે ૨૦ થી ૨૫ લાખ રૂપિયા કમાય છે.

વર્મા પાસે મહેન્દ્રસિંહ ધોની જેવું તો કાર કલેક્શન ન જ હોય, પણ તેના ગેરેજમાં થોડી મોંઘી અને આકર્ષક કાર તો છે જ. તિલક પાસે હાલમાં મર્સિડીઝ બેન્ઝ એસ-ક્લાસ અને બીએમડબલ્યૂ ૭-સિરીઝ કાર છે.

તિલકની કારકિર્દી સોળે કળાએ ખીલી રહી છે એ જોતા કહી શકાય કે તેના ગેરેજમાં વધુ કેટલીક મોંઘી કાર થોડા સમયમાં આવશે.

હાલમાં તો તિલક પાસે કોઈ હાઈ પ્રોફાઈલ બ્રેન્ડ નથી. તેની મોટાભાગની આવક આઈપીએલના કોન્ટ્રેક્ટમાંથી અને આંતરરાષ્ટ્રીય મેચો રમીને આવે છે. જોકે તે શનિવારની જેમ વધુને વધુ મેચ-વિનિંગ ઇનિંગ્સ રમતો જશે એમ તેની આવકમાં જંગી વધારો થશે. ■

# બુલિયન બજારમાં નિરસ માહોલ: ચાંદી ₹ ૯૦,૦૦૦ની સપાટી તોડી પાછી ફરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બુલિયન બજારમાં ખૂલતા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી અને અંત સુધી નિરસ માહોલ રહ્યો હતો. સત્ર દરમિયાન સોનાના ભાવમાં સાધારણ સુધારો જ્યારે ચાંદીના ભાવમાં સારો એવો પ્રત્યાઘાતી ઘટાડો જોવા મળ્યો હતો.

ચાંદીએ ખૂલતા સત્રમાં જ રૂ. ૯૦,૦૦૦ની સપાટી તોડી નાંખી હતી, પરંતુ પાછલથી સટ્ટાકીય લેવાલીવનો ટેકો મળતા તે નીચી સપાટીથી પાછી ફરી હતી, આમ છતાં રૂ. ૯૧,૦૦૦ની સપાટી ફરી મેળવી શકી નહોતી.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૮૦,૩૪૮ના પાછલા બંધ સામે રૂ. ૮૦,૦૪૮ની સપાટીએ ખૂલીને રૂ. ૪૯ પ્રતિ દસ ગ્રામના સુધારા સાથે રૂ. ૮૦,૩૯૭ની સપાટીએ સ્થિર થયું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૮૦,૦૨૬ના પાછલા બંધ સામે રૂ. ૭૯,૭૨૭ની સપાટીએ ખૂલીને અંતે રૂ. ૪૯ પ્રતિ દસ ગ્રામના સુધારા સાથે રૂ. ૮૦,૦૭૫ની સપાટીએ સ્થિર થયું હતું.

ખૂલતા સત્રમાં સોનાના ભાવમાં પમ સારી એવી પીછેહઠ હતી અને સ્ટાન્ડર્ડ સોનાએ તો ૮૦,૦૦૦ની સપાટી પમ તોડી નાંખી હતી. જોકે, બંને વેરાયટીમાં પાછળથી સુધારો થયો હતો.

એ જ રીતે ચાંદીએ ખૂલતા સત્રમાં રૂ. ૯૦૦૦૦ની સપાટી ગુમાવી હતી પરંતુ પાછળથી થોડો સુધારો જોવા મળ્યો હતો. હાજર ચાંદી રૂ. ૯૧,૨૧૧ના પાછલા બંધ સામે રૂ. ૮૯,૮૫૬ની સપાટીએ ખૂલીને અંતે એક કિલોદી રૂ. ૯૩૭ના ઘટાડા સાથે રૂ. ૯૦,૨૭૪ની સપાટીએ સ્થિર થઇ હતી.

ગયા વર્ષે સોનાના ભાવમાં ૨૦.૨૨ ટકાનો વધારો થયો હતો. તે જ સમયે ચાંદીના ભાવમાં ૧૭.૧૯ ટકાનો વધારો થયો છે. પહેલી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સોનું ૬૩,૩૫૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૭૬,૧૬૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયું હતું.

આ સમયગાળા દરમિયાન એક કિલો ચાંદીની કિંમત ૭૩,૩૯૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૮૬,૦૧૭ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. ■

# બીએસઇના તમામ ઇન્ડેક્સ નેગેટિવ ઝોનમાં, માર્કેટ કેપમાં ₹ ૯.૨૦ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: બધા જ ઈન્ડેક્સ ઘટ્યા, ટેલિકોમ્યુનિકેશન, આઈટી અને ટેક શેરો સૌથી અધિક ઘબડકા સાથે માર્કેટ કેપમાં રૂ.૯.૨૦ લાખ કરોડનું ધોવાણ જોવા મળ્યું છે. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૬,૧૯૦.૪૬ના બંધથી ૮૨૪.૨૯ પોઈન્ટ્સ (૧.૦૮ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૯.૨૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૧૦.૩૧ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૫,૭૦૦.૪૩ ખૂલીને ઊંચામાં ૭૫,૯૨૫.૭૨ સુધી અને નીચામાં ૭૫,૨૬૭.૫૯ સુધી જઈને અંતે ૭૫,૩૬૬.૧૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની છ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૪ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૩૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૫૯૩ સ્ટોક્સ વધ્યા હતા, ૩,૫૨૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૯૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૯૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૨.૬૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૫૧ ટકા ઘટ્યા હતા.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૪.૦૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૬.૧૫ ટકા ઘટ્યા હતા.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા, હતા, જેમાં બીએસઈ ટેલિકોમ્યુનિકેશન ૩.૮૩ ટકા, ફોકસ્ડ આઈટી ૩.૩૪ ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૩.૩૧ ટકા, ટેક ૩.૦૪ ટકા, મેટલ ૨.૮૬ ટકા, હેલ્થકેર ૨.૭૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૬૩ ટકા, કોમોડિટીઝ ૨.૪૨ ટકા ઓઈલ એન્ડ ગેસ ૨.૪૨ ટકા, યુટિલિટીઝ ૨.૪૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૩૧ ટકા, પાવર ૨.૨૯ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૦૧ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૧ ટકા, રિયલ્ટી ૧.૭૩ ટકા, સર્વિસીસ ૧.૪૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૧૧ ટકા, ઓટો ૦.૯૮ ટકા, એફએમસીજી ૦.૮૯ ટકા અને બેન્કેક્સ ૦.૦૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૯૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૯૮ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૫ ટકા, મારુતિ ૦.૧૫ ટકા અને લાર્સન એન્ડ ટુબ્રો ૦.૦૭ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે એચસીએલ ટેક્નોલોજી ૪.૬૦ ટકા, ઝોમેટો ૪.૪૭ ટકા, ટેક મહિન્દ્ર ૪.૦૮ ટકા, પાવર ગ્રીડ ૨.૯૪ ટકા, ઈન્ફોસિસ ૨.૮૩ ટકા, ટાટા મોટર્સ ૨.૮૩ ટકા, તાતા સ્ટીલ ૨.૭૭ ટકા, ઈન્ડસ ઈન્ડ બેન્ક ૨.૫૪ ટકા, ટાઈટન ૨.૩૬ ટકા, ભારતી એરટેલ ૨.૩૪ ટકા અને બજાજ ફાઈનાન્સ ૨.૨૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૮૨.૬૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૧૬૪ સોદામાં ૨,૧૦૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૦,૧૭,૯૧૨ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૬૭,૪૯,૮૩૭.૬૬ કરોડનું રહ્યું હતું. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

ઈલેક્ટ્રિકલ (પાવર) વર્ક

Sr. DEE/P/મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ઈ-ટેન્ડર નં. EL-૮૧-૨૮-૧૨૭-WA-૫૩ તા. ૨૨.૦૧.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: વસઈ રોડ-વસઈ રોડ ખાતે પ્લેટફોર્મ નં. ૫&૭ માટે ક્વાઈટ વોટરિંગ સુવિધાઓની વિસ્તરણના સંબંધમાં ઈલેક્ટ્રિકલ (પાવર) વર્ક. કામની અંદાજિત કિંમત: રૂ. ૩૬,૦૦,૬૮૦/-. બીડ સુરક્ષા બારડીની કિંમત: ૭૨,૦૦૦/-. સુપ્રતિની તારીખ અને સમય: ૨૧.૦૨.૨૦૨૫, ૧૫.૦૦ ક.સુધી. ખોલવાની તારીખ અને સમય: ૨૧.૦૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1006

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

એરિઅલ વાયરસની બદલી

Sr. DEE/P/મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ઈ-ટેન્ડર નં. EL-૮૧-૮૯૩-WA-૬૨ તા. ૨૧.૦૧.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: બાંદ્રાથી ગોરેગાંવ સેક્શન: એરિઅલ વાયરસની બદલી. કામની અંદાજિત કિંમત: રૂ. ૫૭,૬૧,૦૪૦/-. બીડ સુરક્ષા બારડીની કિંમત: ૧,૧૫,૨૦૦/-. સુપ્રતિની તારીખ અને સમય: ૨૧.૦૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમય: ૨૧.૦૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1005

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# રૂપિયો અમેરિકન ડૉલર સામે ૧૧ પૈસા તૂટીને ૮૬.૩૩ પર બંધ થયો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય નાણાં બજારમાં ડોલરની મજબૂતી વધવા સાથે સ્થાનિક સ્તરે ડોલરની મજબૂત માગ અને સ્થાનિક ઇક્વિટીમાં નબળા વલણથી રોકાણકારો અને ફોરેક્સ ટ્રેડર્સનું સેન્ટિમેન્ટ ખરડાવાથી સોમવારે અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘટીને ૮૬.૩૩ (પ્રોવિઝનલ) સપાટી પર બંધ થયો છે.

આંતરબેન્કિંગ વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ચલણ સામે ભારતીય રૂપિયો ૮૬.૩૫ની નીચી સપાટીએ નબળા ટોન સાથે ખૂલ્યો હતો. દિવસ દરમિયાન તે યુએસ ગ્રીનબેક સામે ૮૬.૩૩ની ઊંચી અને ૮૬.૪૫ની નીચી સપાટીને અથડાયો હતો અને અંતે ડોલર સામે ૧૧ પૈસા ઘટીને રૂ. ૮૬.૩૩ની (પ્રોવિઝનલ) સપાટી પર બંધ થયો હતો. વિદેશી હૂંડિયામણ બજારના સાધનોએ જણાવ્યું હતું કે શુક્રવારે ભારતીય રૂપિયો વધ્યો હતો પરંતુ સોમવારે નીચા સ્તરે ખુલ્યો હતો કારણ કે ટ્રમ્પ ટેરિફના હાઉને કારણે અનિશ્ચિતતા વધી હતી, જ્યારે સતત વિદેશી ભંડોળના બાહ્યપ્રવાહથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર વધુ અવળી અસર પડી હતી. વધુમાં, આગામી કેન્દ્રીય બજેટ બજારના સેન્ટિમેન્ટ અને રૂપિયાના માર્ગને દિશા આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, કારણ કે આગામી બજેટમાં વિદેશી રોકાણોને ફરીથી લેવાલી માટે પ્રવૃત કરવાના હેતુસર અનુકૂળ પગલાં લેવાની અપેક્ષાઓ વધારે હોવાનું સાધનોએ જણાવ્યું હતું. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ગાર્ડન વિભાગ**

**નં. DySG/C/ ૩૩૫/OD/I, તા. ૨૭-૧-૨૦૨૫**

**ટેન્ડર નોટીસ**

વિષય:- ૧૨ માસની મુદત માટે ઝોન-I [A & B, C & D, E વોર્ડ] માં સાર્વજનિક પ્રીમાઈસીસમાંથી સૂકાઈ ગયેલ તથા જોખમી વૃક્ષો/ ડાળીને હટાવવા તથા વૃક્ષોના સંરક્ષણ અને નિભાવ માટે ઈ-ટેન્ડરો.

સંદર્ભ:- DMC/ ગાર્ડન્સ/૩૦૮૨, તા. ૨૨-૦૧-૨૦૨૫

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં, બગીચા વિભાગ ૧૨ માસની મુદત માટે ઝોન-I [A & B, C & D, E વોર્ડ] માં સાર્વજનિક પ્રીમાઈસીસમાંથી સૂકાઈ ગયેલ તથા જોખમી વૃક્ષો/ ડાળીઓને હટાવવા તથા વૃક્ષોના સંરક્ષણ અને નિભાવ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે.

વધુ વિગતો માટે BMC ની વેબસાઈટ (http://mahatenders.gov.in) ની મુલાકાત લેવા વિનંતી.

સહી/-

PRO/2349/ADV./2024-25 ડે. સુપ્રિ. ઓફ ગાર્ડન્સ (ઝોન-I)

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# નિફ્ટીએ પણ ૨૩,૦૦૦ની સપાટી ગુમાવી સાત મહિના નીચે ખાબક્યો, સેન્સેક્સમાં ૮૨૪ પોઈન્ટનું મસમોટું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના નબળા સંકેત સાથે સ્થાનિક સ્તરે અંદાજપત્રના પડઘમ વચ્ચે સાવચેતીના માનસને પરિણામે ખખડી ગયેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સ ૮૨૪ પોઈન્ટના ગાબડા સાથે સાત મહિનાના નવા નીચલા સ્તરે પટકાયો હતો, જ્યારે નિફ્ટીએ પણ ૨૩,૦૦૦ની સપાટી તોડી નાંખી હતી. આ સાથે બજારના કુલ માર્કેટ કેપિટલમાં રૂ. ૯.૨૦ લાખ કરોડનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો.

સપ્તાહના પહેલા દિવસે ૮૨૪.૨૯ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકા ઘટીને ૭૫,૩૬૬.૧૭ પોઈન્ટ પર બંધ થયો છે, જેમાં તેના ૨૩ શેરો નીચા સ્તરે ગબડ્યા છે અને સાત શેરો સુધારા સાથે બંધ થયા છે. દિવસ દરમિયાન ઇન્ડેક્સ ૭૫,૯૨૫.૭૨ પોઈન્ટની ઊંચી સપાટી અને ૭૫,૨૬૭.૫૯ પોઈન્ટની નીચી સપાટી વચ્ચે ફંગોળાયો હતો. જ્યારે પચાસ શેર ધરાવતો નિફ્ટી ઇન્ડેક્સ ૨૬૩.૦૫ પોઈન્ટ અથવા ૧.૧૪ ટકા ઘટીને ૨૨,૮૨૯.૧૫ પોઈન્ટ પર બંધ થયો, જે છઠ્ઠી જૂન, ૨૦૨૪ પછી પહેલી વાર ૨૩,૦૦૦ પોઈન્ટના સ્તરથી નીચી સપાટીએ સરક્યો છે.

સેન્સેક્સના શેરોમાં એચસીએલ ટેક સૌથી વધુ ૪.૪૯ ટકાના કડાકા સાથે ટોપ લૂઝર બન્યો હતો. ત્યારબાદ સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમાં ઝોમેટો, ટેક મહિન્દ્રા, પાવરગ્રીડ અને ટાટા મોટર્સનો સમાવેશ હતો. ઇન્ફોસિસ, ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલના શેર પણ ઘટ્યા હતા, જેના કારણે ઇન્ડેક્સ સાત મહિનાથી વધુના તળિયે પહોંચી ગયો હતો. જોકે, આઇસીઆઇસીઆઇ બેંકે ત્રીજા ક્વાર્ટરના આશાસ્પદ પરિણામો પછી ૧.૩૯ ટકાના સુધારા સાથે ગબડતા બજારને ટેકો આપ્યો હતો. હિન્દુસ્તાન યુનિલિવર, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને લાર્સન એન્ડ ટૂબ્રો અન્ય વધનારા શેરમાં સામેલ હતા.

આદાણી વિલ્મરે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૪૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે બમણાંથી વધુ ઉછાળો દર્શાવે છે. ફુલ્લી ઇન્ટિગ્રેટેડ સ્ટેનલેસ સ્ટીલ કંપની, મંગલમ વર્લ્ડવાઇડ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ નવ મહિનાના સમયગાળામાં ૨૭.૦૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૭૪૧.૪૭ કરોડની કુલ આવક અને ૮૮.૫૭ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૧.૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૪૪.૨૯ કરોડ, એબિટા માર્જિન ૫.૯૭ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૨.૮૪ ટકા રહ્યું છે. ગેરી કેર હેલ્થ સર્વિસે ઇન્વેસેન્ટ પાસેથી રૂ. ૧૧૦ કરોડ એકત્ર કર્યા છે.

પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગમાં પ્રવૃત્ત સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટની સ્ટેન્ડઅલોન આવક ત્રીજા ક્વાર્ટરમાં ૩૬.૨૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૦.૨૨ કરોડ અને ચોખ્ખો નફો ૮.૭૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩.૧૭ કરોડ નોંધાયો છે. ઇપરોક્ત સમયગાળામાં કંપનીનો એબિટા ૭.૫૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૪.૭૫ કરોડ રહ્યો છે. લોજિસ્ટિક કંપની એમિઝાએ ફંડિંગ રાઉન્ડમાં રૂ. ૧૦૦ કરોડ એકત્ર કર્યા છે. અગ્રણી ક્રિએટિવ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સ્ટુડિયો, ફેન્ટમ ડિજિટલ ઈફેક્ટ્સ લિમિટેડે એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ તરીકે ઇયાન અનટેરેઇનરની નિમણૂક કરી છે, પૂરક પગલામાં, ધ ફેન્ટમ ગ્રૂપની પેટાકંપની ટિપેટ સ્ટુડિયોએ ક્રિસ્ટીના વાઈઝને બિઝનેસ ડેવલપમેન્ટના વાઇસ પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે, કંપનીએ રૂ. ૯૦.૪૩ કરોડની કુલ આવક, રૂ. ૩૯.૦૩ કરોડનો એબિટા અને રૂ. ૨૪.૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અમેરિકાની વેપાર નીતિ અંગેની અનિશ્ચિતતાને કારણે રોકાણકારોના માનસને અસર થતાં આઇટી, ટેલિકોમ, યુટિલિટીઝ, પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઇલ અને ગેસ અને હેલ્થકેર સેગમેન્ટના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં, નબળા ઉત્પાદન ડેટાને કારણે શાંઘાઈ અને ટોકિયો નીચા સ્તરે બંધ થયા હતા. યુરોપિયન બજારો પણ શરૂઆતના સત્રોમાં નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા, જેમાં જર્મનીનો ડેક્સ ૧.૧ ટકા, પેરિસમાં સીએસી-૪૦ ઇન્ડેક્સ ૦.૮ ટકા અને બ્રિટનનો ફૂટસી-૧૦૦ ઇન્ડેક્સ ૦.૩ ટકા ઘટ્યો હતો. ફ્યુચર્સ ટ્રેડમાં યુ.એસ.ના શેરોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

આ તરફ આંતરરાષ્ટ્રીય નાણાં બજારમાં ડોલરની મજબૂતી વધવા સાથે સ્થાનિક સ્તરે ડોલરની મજબૂત માગ અને સ્થાનિક ઇક્વિટીમાં નબળા વલણથી રોકાણકારો અને ફોરેક્સ ટ્રેડર્સનું સેન્ટિમેન્ટ ખરડાવાથી સોમવારે અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘટીને ૮૬.૩૩ (પ્રોવિઝનલ) સપાટી પર બંધ થયો છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે (૨૪ જાન્યુઆરી, ૨૦૨૫) વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆ)એ રૂ. ૨,૭૫૮.૪૯ કરોડની ઇક્વિટી વેચી હતી. ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક ઇન્ડેક્સ બ્રેન્ટ ક્રૂડ ૦.૨૨ ટકા વધીને ૭૮.૬૭ પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો.

કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ અને વૈશ્વિક ઇક્વિટી બજારના નબળા સેન્ટિમેન્ટ્સ વચ્ચે તમામ ક્ષેત્રોમાં વ્યાપક સ્તરની વેચવાલી શરૂ થતાં શેરબજારમાં મંદી જામી હતી. ઊંચા મૂલ્યાંકન અને ખરાબ સેન્ટિમેન્ટ વચ્ચે મિડ અને સ્મોલ કેપ્સ સ્ટોક્સની પડતી ચાલુ રહી હતી, એમ જણાવતાં, જિયોજીત ફાઇનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, આર્થિક વૃદ્ધિમાં નરમાઈ અને ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે વિદેશી ફંડોની વેચવાલી એકધારી ચાલુ છે. અમેરિકના વેપારને લગતા ઘર્ષણો ચાલુ રહેવાને કારણે નબળા સેન્ટિમેન્ટ્સ વધુ વણસી ગયા છે, જેમ કે આ વખતે કોલંબિયા સાથે વિખવાદ શરૂ થયો છે. એફઓએમસીની બેઠક, એક્સપાઇરી વીક અને યુનિયન બજેટ જેવી આગામી ઇવેન્ટને જોતા આ સપ્તાહે ઊંચા સ્તરની વેલોટિલિટી ચાલુ રહેવાની ધારણા છે.

એક અહેવાલ અનુસાર આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે. ૨૪મી જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૬,૬૧૯.૩૩ના બંધથી ૪૨૮.૮૭ પોઈન્ટ્સ (૦.૫૬ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૨૦ જાન્યુઆરી, પાછલા સોમવારે ૭૬,૯૭૮.૫૩ ખૂલી મંગળવાર, ૨૧ જાન્યુઆરીએ ઉપરમાં ૭૭,૩૩૭.૩૬ અને એ જ દિવસે નીચામાં ૭૫,૬૪૧.૮૭ સુધી જઈ અંતે ૭૬,૧૯૦.૪૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૧૯.૫૧ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૨૯.૬૭ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧૦.૧૬ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝનની અસર વર્તાવી શરૂ થઇ ગઇ છે, જ્યારે આગામી કેન્દ્રીય બજેટની અટકળોની વધુ અસર વર્તાવી શરૂ થઇ જશે. ડો. રેડ્ડીઝ લેબે ડિસેમ્બર ક્વાર્ટરમાં બે ટકાના વધારા સાથે રૂ. ૧૪૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નીટ લિમિટેડનો નફો સાત ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩.૩૯ કરોડ રહ્યો છે. એચપીસીએલનો નફો પાંચેક ટકા વધ્યો છે. આઇસીઆઇસીઆઇ પ્રૂડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સે ૪૩ ટકાના વધારા સાથે રૂ. ૩૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે ચોખ્ખા નફામાં માત્ર બે ટકા જેવો વધારો દર્શાવ્યો હતો.

એચયુએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૯.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૮૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ નબળા આવ્યાં છે. વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીપીસીએલે બીજા ક્વાર્ટર સામે ૯૪ ટકાના વધારા સાથે રૂ. ૪૬૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો.

એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિ નોંધાવી હતી. ■

# ટ્રમ્પની સંભવિત નીતિ ભારતીય રૂપિયા અને શૅરબજાર બંને માટે પ્રતિકૂળ રહેવાની સંભાવના

મુંબઇ: અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે વ્યાજદરમાં ઘટાડાને સમર્થન આપવાનો સંકેત આપ્યો હોવાથી ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં સુધારો દેખાયો હતો પરંતુ તે લાંબો ટક્યો નહોતો. ટ્રમ્પના સત્તા પર આવ્યા પછી ઇક્વિટી માર્કેટની આગામી ચાલ અંગેની અનિશ્ચિતતામાં વધારો થઇ રહ્યો છે. નિષ્ણાતો અનુસાર ટ્રમ્પની સંભવિત નીતિ ભારતીય રૂપિયા અને શેરબજાર બંને માટે પ્રતિકૂળ રહેવાની સંભાવના છે.

ડોનલ્ડ ટ્રમ્પની બીજી ઇનિંગની શરૂઆત સંભવિત આર્થિક નિર્ણયોની મર્યાદિત સમજ સાથે થઈ છે. કેનેડા અને મેક્સિકો પર સંભવિત ૨૫ ટકા ટેરિફના સંકેત સાથે તેમણે ભારત સહિત બ્રિક્સ દેશોને પણ ૧૦૦ ટકા સુધીની ટેરિફ લાદવાની ધમકી આપી છે. જો આ ચીમકીઓ અમલી બનશે તો અનેક દેશના અર્થતંત્રોને નુકસાન થશે.

કોલંબિયાએ દેશનિકાલ કરાયેલા સ્થળાંતર કરનારાઓને લઈ જતા વિમાનોને અવરોધિત કર્યા બાદ યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કોલંબિયા પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. જોકે, અમેરિકાના નજીકના સાથી એવા કોલંબિયાએ દેશનિકાલ કરાયેલા સ્થળાંતર કરનારાઓને પાછા લેવા સહિત ટ્રમ્પની બધી શરતો કબૂલ કરવાની સંમતિ આપ્યા બાદ અમેરિકાએ નિર્ણય પાછો ખેંચી લીધો હોવાના અહેવાલ હતા. ■


**પશ્ચિમ રેલવે**

MCB DB પેનલની જોગવાઈ

Sr.DEE/P/ મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ઈ-ટેન્ડર નં. EL-૮૧-૮૯૦- WA- ૬૫ તા. ૨૩.૦૧.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: બાંદ્રાથી ગોરેગાંવ સેક્શન- MCB DB પેનલની જોગવાઈ દ્વારા સુરક્ષામાં સુધારણા. કામની અંદાજિત કિંમત: ₹ ૮,૪૦,૬૫૦/-. બિડ સુરક્ષા બારડીની કિંમત: ₹ ૧૬,૮૦૦/-. સુપ્રતિની તારીખ અને સમય: ૨૫.૦૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમય: ૨૫.૦૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1007

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

**ટેન્ડર મંગાવતી નોટિસ**

નીચેના માટે રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (RFP) મંગાવાય છે :-

A) ટેન્ડર નં. TM/CFS/૦૧/૨૦૨૫- ઓપન ઈ-ટેન્ડર-સહ-ઈ-ઓક્શન દ્વારા ૩૦ વર્ષની મુદત માટે લાંબા ગાળાના લીઝ (વાર્ષિક ચુકવણી પદ્ધતિ) પર MPCB/PESO દ્વારા એલાવ કરાયેલા મુજબ લિક્વીડ બલ્ક કાર્ગો (બિન-જોખમી)ના હેન્ડલિંગ માટે ટેન્ક ફાર્મ અને સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઈરેક્શન માટે ગ્રેન ડેપો ખાતે ઓપન એરિયા પ્લોટ-Aની ફાળવણી.

B) ટેન્ડર નં. TM/CFS/૦૨/૨૦૨૫-ઓપન ઈ-ટેન્ડર-સહ-ઈ-ઓક્શન દ્વારા ૩૦ વર્ષની મુદત માટે લાંબા ગાળાના લીઝ (વાર્ષિક ચુકવણી પદ્ધતિ) પર MPCB/PESO દ્વારા એલાવ કરાયેલા મુજબ લિક્વીડ બલ્ક કાર્ગો (બિન-જોખમી)ના હેન્ડલિંગ માટે ટેન્ક ફાર્મ અને સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઈરેક્શન માટે ગ્રેન ડેપો ખાતે ઓપન એરિયા પ્લોટ-Bની ફાળવણી.

ટેન્ડરોની વિગતો MbPAની વેબસાઈટ (https://www.mumbaiport.gov.in) અને (https://www.eprocure.gov.in/eprocure/app) પર ઉપલબ્ધ છે.

ટ્રાફિક મેનેજર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

MbPA-21-2025

**IN THE HIGH COURT OF JUDICATURE AT BOMBAY**
**TESTAMENTARY AND INTESTATE JURISDICTION**
**PETITION NO. 5643 OF 2024**

Petition for Probate of the Last Will and Testament of Jitendra Himatlal Shah, married, Hindu Indian Inhabitant of Mumbai, Occupation-Business, who was residing at the time of his death at Flat No. 3403, Maple Tower No.2, Runwal Green, Mulund Goregaon Link Road, Near Fortis Hospital, Bhandup (West), Mumbai-400 078 ..... Deceased.

Amit Jitendra Sheth, Indian Inhabitant of Mumbai, aged about 44 years, Occupation-Service, residing at Room No. 3403, Maple Tower No.2, Runwal Green, Mulund Goregaon Link Road, Near Fortis Hospital, Bhandup (West), Mumbai 400 078 being the sole Executor named under the Last Will and Testament of the deceased abovenamed. ......Petitioner.

To:-
1. ALL CONCERNED
2. Rekha Jitendra Shah nee Rekha Pravinchandra Gandhi Whereabouts not known.

If you claim to have any interest in the estate of the abovenamed deceased you are hereby cited to come and see the proceedings before the grant of Probate.

In case you intend to oppose the grant of Probate, you should file in the office of the Prothonotary & Senior Master a caveat within 14 days from the service of this citation upon you.

"You are hereby informed that the free legal services from the State Legal Services Authorities, High Court Legal Services Committees, District Legal Services Authorities and Taluka Legal Services Committees as per eligibility criteria are available to you and in case, you are eligible and desire to avail the free legal services, you contact any of the above Legal Services Authorities/Committees".

Witness SHRI. DEVENDRA KUMAR UPADHYAYA, Chief Justice at Bombay aforesaid this 18th day of January, 2025.

for Prothonotary & Senior Master
Sd/-
Sealer
The 21st day of January, 2025.

SEAL

Ms.Kusum G.Poojary & Vivek D.Ravani,
Advocates for the Petitioner.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ચીફ એન્જિનિયર (મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ)નો વિભાગ**

**નં. E.E. MECH/ ૪૦૪૬/REF તા. ૨૭-૦૧-૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચી. એન્જિ. (M & E) |
| પેટા વિભાગ | ડે. ચી. એન્જિ. (M & E) શહેર/ એક્ષિ. એન્જિ. મિકે. (રેફ્રીજરેશન) |
| બીડ નંબર | ૧) ૨૦૨૫_MCGM_ ૧૧૪૨૩૦૨_૧ |
| વિષય | વડાલા ફાયર બ્રિગેડ, વડાલા ખાતે AC યુનિટના AC યુનિટ, પ્લાન્ટસ અને રિઈન્સ્ટોલેશનનું ડિસ્મેન્ટલીંગનું કામ. E.E. મીકે./Ref. /T-૫૪ તા. ૦૩.૦૨.૨૦૨૫ |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૨૮.૦૧.૨૦૨૫ સ. ૧૧.૦૦ કલાકે |
| પ્રી બીડ મિટિંગ | -------- |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | ૦૩.૦૨.૨૦૨૫ સાં. ૧૬.૦૦ કલાકે |
| વેબસાઈટ | http://portal.www.mcgm.gov.in |
| સંપર્ક ઓફિસર નામ | શ્રી A. K. જંભોરે |
| લેન્ડ લાઈન નં. | ----- |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈમેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-

PRO/2357/ADV./2024-25 E.E. MECH (રેફ્રિજરેશન)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નંબર | ૨૦૨૫_MCGM_૧૧૪૧૯૯૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | મેઈન અને પાઈપ સ્યૂઅર શહેર સેકશનના વર્કશોપ માટે વિવિધ M.S. મટેરિઅલોની સપ્લાય. |
| ટેન્ડરની કિંમત | રૂ. ૩,૩૦૦/- (+૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બારડી | રૂ. ૪૦,૦૦૦.૦૦/- |
| ટેન્ડરની ઈશ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૨૮.૦૧.૨૦૨૫ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની અને બારડીની પેમેન્ટની છેલ્લી તારીખ અને સમય | ૦૬.૦૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૬.૦૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખુલશે | ૦૭.૦૨.૨૦૨૫ ૧૬:૧૦ કલાકે |
| પેકેટ B ખુલશે | ૦૭.૦૨.૨૦૨૫ ૧૬:૧૫ કલાકે |
| પેકેટ C ખુલશે | ૧૨.૦૨.૨૦૨૫ ૧૫:૦૦ કલાકે |
| સંચાર માટેનું સરનામું | ડે. ચીફ એન્જિનિયર (S.O) P&MS (શહેર), ૨જો માળ, સ્યુઅરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯. |
| બિડનું ખોલવાનું સ્થળ | એક્ષિક્યૂટીવ એન્જિનિયર મિકે. (M.S) (શહેર), ૨જો માળ, સ્યુઅરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯ |

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વધુ માહિતી BMC વેબસાઈટ portal.mcgm.gov.in પરથી મેળવી શકાય છે.

સહી/-
(શ્રી. V.K. ગવસ)
E.E.મીકે.(MS) શહેર

PRO/2344/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ફડણવીસ-ઉદ્ધવ સાથ-સાથ?

**ઉદ્ધવ ઠાકરે ટૂંક સમયમાં ફડણવીસના નેતૃત્વમાં કામ કરતા જોવા મળશે એવા રવિ રાણાના વિધાનથી ખળભળાટ**


મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉત અજિત પવાર અને એકનાથ શિંદેના પક્ષોમાં ભંગાણ પડશે એવી આગાહીઓ કરી રહ્યા છે ત્યારે બીજી તરફ અમરાવતીના વિધાનસભ્ય રવિ રાણાએ એવી આગાહી કરી છે કે ઉદ્ધવ ઠાકરે ટૂંક સમયમાં ફડણવીસના નેતૃત્વ હેઠળ કામ કરતા જોવા મળશે, જેને કારણે હવે રાજકીય તર્ક-વિતર્કો થઈ રહ્યા છે.

સંજય રાઉતે કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી દેશભરમાં બધી પાર્ટીઓને વિભાજિત કરવા માટે ઝનૂની બની ગઈ છે. તેમણે કહ્યું કે ફક્ત અહીં જ નહીં, ચંદ્રાબાબુ અને નીતિશ કુમારના પક્ષો પણ તૂટી જશે. આ અંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નજીકના સહયોગી અને યુવા સ્વાભિમાન પાર્ટીના વિધાનસભ્ય રવિ રાણાએ સંજય રાઉત પર પ્રહાર કરતા આવો સનસનાટીભર્યો દાવો કર્યો છે.

રવિ રાણાએ કહ્યું હતું કે સંજય રાઉતને કોઈ જાણકારી નથી. તેઓ પહેલા પણ અંધારામાં હતા અને અત્યારે પણ અંધારામાં છે. ઉદ્ધવ ઠાકરે દેવેન્દ્ર ફડણવીસ સાથે મોટા પાયે ગુપ્ત રણનીતિમાં સંકળાયેલા છે. દેવેન્દ્ર ફડણવીસ રાજ્યના મુખ્ય પ્રધાન છે. આગામી દિવસોમાં ઉદ્ધવ ઠાકરે તેમનું નેતૃત્વ સ્વીકારશે. ઉદ્ધવ ઠાકરે આગામી દિવસોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નેતૃત્વ પણ સ્વીકારશે. તેમણે એવો દાવો કર્યો હતો કે, ઉદ્ધવ ઠાકરે તે જ દિશામાં આગળ વધી રહ્યા છે. રવિ રાણાએ એમ પણ કહ્યું હતું કે જ્યારે ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે જોવા મળશે ત્યારે સંજય રાઉતને મોટો ઝટકો લાગશે.

એકનાથ શિંદેને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા ત્યારે તેનું પાલન કરવું પડ્યું. એકનાથ શિંદે પાસે કોઈ વિકલ્પ નહોતો. સંજય રાઉતે એમ પણ કહ્યું હતું કે તેમને પોતાનો જીવ બચાવવા અને તેમની સામેના કેસ બંધ કરવા માટે સરકાર પાસે જવું પડ્યું હતું. આ અંગે પૂછવામાં આવતા રવિ રાણાએ કહ્યું (જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ પોલીસની ભૂલ, સજા આકાશ કનોજિયાને



# સૈફના 'હુમલાખોરે' નોકરી-છોકરી બન્ને ગુમાવ્યાં:

### શંકાને આધારે તાબામાં લેવાયેલા આકાશના જીવનમાં દુઃખનો ડુંગર તૂટી પડ્યો છે

મુંબઈઃ હાઈ-પ્રોફાઈલ સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં શંકાને આધારે પોલીસે તાબામાં લીધા પછી છત્તીસગઢના યુવકનું જીવન દોહ્યલું બની ગયું છે. નોકરી ગુમાવવાની સાથે તેનાં લગ્ન તૂટી ગયાં છે. ઉપરાંત, બદનામી અને અપમાનથી દાઝેલા યુવકે બળાપો કાઢ્યો હતો કે મુંબઈ પોલીસની એક ભૂલને કારણે હું બરબાદ થઈ ગયો છું.

બાન્દ્રાના ફ્લૅટમાં અભિનેતા સૈફ પર છરીથી હુમલો કરવામાં આવ્યા પછી બિલ્ડિંગના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં શકમંદનો ચહેરો સ્પષ્ટ દેખાયો હતો. ફૂટેજને આધારે પોલીસે મુંબઈથી એક યુવાનને તાબામાં લીધો હતો. પૂછપરછ પછી ખોટી વ્યક્તિને પકડવામાં આવી હોવાનું જણાતાં તેને છોડી મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ ફૂટેજ સાથે મેળ ખાતા આકાશ કનોજિયાને પકડી પાડવામાં આવ્યો હતો.

મુંબઈ પોલીસની સૂચના મળતાં ૩૧ વર્ષના કનોજિયાને ૧૮ જાન્યુઆરીએ છત્તીસગઢના દુર્ગ રેલવે સ્ટેશનેથી ત્યાંની રેલવે પોલીસે પકડી પાડ્યો (જુઓ પાનું ૪) ▸▸

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

## રામ રાખે તેને...



# ડોંબિવલીમાં ત્રીજા માળેથી પડેલા બાળકને યુવકે આબાદ બચાવી લીધું

મુંબઈઃ એક ચમત્કારિક ઘટના ડોંબિવલીમાં ઘટી હતી. ડોંબિવલીસ્થિત દેવીચાપાડા વિસ્તારની એક ઘટનામાં મકાનના ત્રીજા માળ પરથી એક બાળક પડ્યું હતું, પરંતુ એ જ ક્ષણે એક યુવક બાળકને બચાવવા ધસી ગયો હતો અને તેણે તેને હાથમાં તો ઝીલ્યું પણ એ તેમાંથી છટકી ગયું. આ જ વખતે તેણે તેને પગ આગળ કર્યો અને બાળક પગ પર પડ્યું. આ બાળક જમીન પર નહોતું પટકાયું અને તેનો આબાદ (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# જીબીએસનો વધતો આતંકઃ એકનું મોત

મુંબઈઃ મહારાષ્ટ્રના પુણેમાં ગીઆન-બૅરે સિન્ડ્રોમ (જીબીએસ)ને કારણે એક દરદીનું મોત થયના અહેવાલો છે. મેડિકલ રિપોર્ટ્સ અનુસાર તેનું મોત જીબીએસને કારણે થયું હોવાની શંકા ડોક્ટરોએ વર્તાવી છે, વધુ વિગતો તપાસવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

પુણેમાં રહેનારી આ વ્યક્તિ કામ અર્થે સોલાપુર ગઈ હતી જ્યાં તેને શ્વાસ લેવામાં તકલીફ પડતા તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. અહીં તેને આઈસીયુમાં રાખવામાં આવી હતી, પરંતુ ગઇ કાલે તેનું મોત થયાના સમાચારો વહેતા થયા છે.

દરદીને હોસ્પિટલમાં દાખલ (જુઓ પાનું ૪) ▸▸

VISIT KOREA YEAR
South KOREA

10 DAYS SEOUL - BUSAN - JEJU
DATE OF DEP | 22nd MAR | 01st APR | 10th MAY | 20th MAY | 21st JUN
PACKAGE INCLUSIONS
• Hyundai Motorstudio, Han River Cruise, Songdo Cable Car, SeaLife Aquarium, Love Land અને Nanta Show નો અદભુત અનુભવ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

શ્રી૧। કુલીન કુમાર હોલિડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
સૌથી વધુ ઍડવાન્સ બુકિંગ માટે ધન્યવાદ
૨૦૨૫ માટે, રાજસ્થાની મહારાજ સાથે ની અમેરિકા ગ્રુપ ટુરો માટે... ''સૌથી વધુ એડવાન્સ બુકિંગ'' ના આશીર્વાદ આપી, અમેરિકા માટે અમને, સૌથી લોકપ્રિય ટ્રાવેલ કંપની બનાવવા બદ્દલ...કુલીન કુમાર હોલીડેઝ ના માનવંતા ચાહક પ્રવાસી મિત્રો નો હૃદયપૂર્વક આભાર.
અમારી દરેક ''કનફર્મ ટુરો'' માટે, હજી પણ, લીમીટિડ સીટ ઉપલબ્ધ છે, પણ એર ટીકીટો ના ભાવ આસમાન આંબી રહ્યા છે... એટલે, વહેલી તકે નક્કી કરો આપ ની પસંદગી ની તારીખો, કુલીન કુમાર હોલીડેઝ સાથે જ અને નિશ્ચિત થઇ જાઓ...
પસંદગી બાબતે, વિશ્વાસ તમારો... ઉત્કૃષ્ટતાઓ બાબતે, જવાબદારી અમારી...
૨૦૦૪ થી અમેરિકા ગ્રુપ ટુર ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતી " ટીમ કુલીન કુમાર " સહર્ષ પ્રસ્તુત કરે છે
રાજસ્થાની મહારાજ સુવિધાઓ થી સજ્જ
અમેરિકા ૨૦૨૫

અધકચરી નહી, અસ્સલ મહારાજ સુવિધાઓ...દરરોજ સવારે અચૂક માણો, આપણી મસાલા ચા સાથે આપણો જ ભારતીય બ્રેકફાસ્ટ (લેખીત ગેરંટી) ફક્ત કુલીન કુમાર સાથે જ સંભવ
મુખ્ય આકર્ષણો
★ સમગ્ર ટુર દરમ્યાન અમારા રાજસ્થાની મહારાજ ની સેવા
★ ગુજરાતી રાજસ્થાની વરાયટીઓ સાથે "ફાઈન ડાઈન" અનુભવ જેમા પણ દરેક ઉંમરના પ્રવાસીઓને ભાવે + ફાવે એવા ફેન્સી ભોજન નો રસથાળ.
★ લેક તાહો સીનીક ક્રુઝ નો ટુર કિંમત માં સમાવેશ (ફક્ત કુલીન કુમાર સાથે) WORTH USD 100 PER PERSON
★ લાસ વેગાસ ના નવા આકર્ષણ "THE SPHERE ની ALL INCLUSIVE" મુલાકાત ....જેમા POST CARD ROM EARTH SHOW, ATRIUM, INTERACTION WITH ROBOTOS એન્ટ્રેન્સ ટિકિટ સાથે, એ શિવાય નાઈટ ટાઈમ ફોટોગ્રાફી પણ (અજવાળા માં નક્કામુ) WORTH USD 100 PER PERSON
★ ન્યુ યોર્ક ના નવા આકર્ષણ Rise NY ની ALL INCLUSIVE મુલાકાત (ફક્ત કુલીન કુમાર સાથે) WORTH USD 45 PER PERSON
★ ન્યુ યોર્ક ના પ્રખ્યાત TIME SQUARE પર યાદગાર મુકામ
★ એપ્રિલ-મે-જુન દરમિયાન SNOW થી ભરપુર એવા અફલાતુન ડેસ્ટિનેશન " મેમોથ માઉન્ટન " મા યાદગાર રાત્રી મુકામ. ૧૧૦૫૩ ફીટ ગંડોલા (કેબલ કાર) ટોપ લેવલ Summit સુધી ની ટિકિટ સાથે...
★ લાસ વેગાસ માં ગ્રેન્ડ કેન્યન ટુર Stratosphere Tower ડે વ્યુહ હેલિકોપ્ટર દ્વારા નાઈટ વ્યુહ – Freemont Street VIVA લાઈટ શો – વિવિધ " થીમ બેઝ હોટલો " ની ઉંડાણપુર્વક સ્ટ્રીપ ટુર બાય કોચ – વોકીંગ ટુર The Bellagio Fountain સાથે પ્રીમિયર આઉટલેટ્સ માં શોપિંગ – લીમોઝીન ના અપગ્રેડેડ વર્ઝન THE ORIGINAL VEGAS PARTY BUS નો કમાલ ધમાલ અનુભવ
★ ઓર્લેન્ડો માં Epcot Centre - Kennedy Space Centre (NASA) - Sea World થીમપાર્ક
★ લોસ એન્જલસ UNIVERSAL STUDIOS - વર્લ્ડ ફેમસ " સ્ટુડિયો ટુર " સાથે
★ વોશિંગ્ટન DC નજીક LUREY CAVERNS ની ગાઈડેડ ટુર – સાથે સાથે The Garden Maze અને Rope Adventure
★ સમગ્ર ટુર દરમિયાન કુલીન કુમાર હોલિડેઝ ના મદદરૂપ, મળતાવડા અને વર્ષો ના અનુભવી ટુર એક્સપર્ટ નો સંગાથ
★ SILICON VALLEY અને SACRAMENTO ની ડીટેલ ટુર
★ ફક્ત બે ૩ STAR હોટેલ.. બાકી બધી જ 4 STAR હોટેલ, નહીં કે... ૩ સ્ટાર ને ૪ સ્ટાર ગણાવવા ની, કોઇ ગીમીક્સ... (OFFICIALLY CERTIFIED) આ ઉંડાણપૂર્વક ચેક કરવું
ઉંમરલાયક વડીલ પ્રવાસીઓ માટે ...Without Orlando થીમ પાર્ક વગર નો વિકલ્પ (ફક્ત કુલીન કુમાર સાથે સંભવ)

ગ્રાન્ડ અમેરિકા
૨૦ રાત્રી / ૨૧ દિવસ
સાન ફ્રાન્સિસકો, સેક્રામેન્ટો, લેક તાહો, મેમોથ માઉન્ટન, લોસ એન્જલસ, લાસ વેગાસ, નાયગ્રા ફોલ્સ,વોશિંગ્ટન ડીસી, ન્યુ યોર્ક, ઓર્લેન્ડો
પ્રસ્થાન ઍપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે
HOT SELLING
ગ્રાન્ડ અમેરિકા Without Orlando
૧૬ રાત્રી / ૧૭ દિવસ
સાન ફ્રાન્સિસકો, સેક્રામેન્ટો, લેક તાહો, મેમોથ માઉન્ટન, લોસ એન્જલસ, લાસ વેગાસ, નાયગ્રા ફોલ્સ, વોશિંગ્ટન ડીસી, ન્યુ યાર્ક
પ્રસ્થાન ઍપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે
HOT SELLING
અમેરિકા West Coast
૧૦ રાત્રી / ૧૧ દિવસ
સાન ફ્રાન્સિસકો, સેક્રામેન્ટો, લેક તાહો, મેમોથ માઉન્ટન, લોસ એન્જલસ, લાસ વેગાસ
પ્રસ્થાન ઍપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે
અમેરિકા East Coast
૦૬ રાત્રી / ૦૭ દિવસ
નાયગ્રા ફોલ્સ, વોશિંગ્ટન ડીસી, ન્યુ યોર્ક
પ્રસ્થાન ઍપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર ગુરુવારે

૮-૧૦ મેમ્બર્સ ની ફેમિલી અને વધુ મોટા ગ્રુપ માટે આકર્ષક ઓફર
ટૂર ની વિશેષતા
▸▸ દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▸▸ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▸▸ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
▸▸ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▸▸ ટૂર કિંમત કોઈપણ છુપા ખર્ચ વગર
▸▸ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
▸▸ કિંમતમા બધી જ Tips સામેલ
▸▸ Internal Flights by સાઉથ વેસ્ટ
આ ઉપરાંત અલાસ્કા ક્રુઝ તથા કેનેડિયન રોકિઝ ના પ્રવાસ પણ ઉપલબ્ધ
Book Now NIRAJ 9820149217 | JUHI 9730877449 | BHAVNA 9833973233 | RAM 9619576572
Scan Me
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500